વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૨૩

# અથર્વવેદ પરિચય

[પુસ્તિકા : ૫]

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ગુજરાત રાજ્ય

24/2/88

વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૨૩

देवाः पितरः पितरो देवाः । यो अस्मि सो अस्मि। અથર્વવેદ ૬, ૧૨૩, ૩
જે દેવો દિવ્યકાર્ય કરનારા છે, તે પાલક છે અને પાલક પિતાઓ દેવો છે.
તેમાં હું જે બનું, તે થાઉં અર્થાત્ મારી શ્રદ્ધા બંનેને માને છે.

# અથર્વવેદ પરિચય

[પુસ્તિકા : ૫]

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ. વ્યાખ્યાન દિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ ૬

પ્રકાશક :
જે. બી. સેંડિલ
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ
અમદાવાદ ૬

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૧૯૭૯

હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી
સ્મારક શ્રેણી : મણકો ત્રેવીસમો

મૂલ્ય રૂા. ૨–૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા
સાહિત્ય મુદ્રણાલય, સીટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ ૨૨

વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ ૧

# નિવેદન

સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિચિત કરાવવાનો આ વેદ પરિચય શ્રેણીનો હેતુ છે; એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય શ્રી મોટાએ રૂપિયા ૨૦,૦૦૦ નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું, તે અતિ આવકાર્ય બાબત બની છે. બોર્ડનું એ સદ્ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એને આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી. વિષ્ણુદેવ પંડિત જેવા ચારેય વેદો અને વેદ-સાહિત્યના અભ્યાસી લેખક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી. વિષ્ણુપ્રસાદ પંડયાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ શ્રેણીની ખુશનસીબી છે.

શ્રેણીનું સદ્ભાગ્ય રહ્યું કે, એને પૂજ્ય સ્વામીજી શ્રી. ગંગેશ્વરાનંદજી, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી. ઉમાશંકર જોષી, પૂજ્ય શ્રી. રવિશંકર મહારાજ, શ્રી. કે. કા. શાસ્ત્રી, પંડિતરાજ ભગવદાચાર્ય, ડૉ. ભગવતીપ્રસાદ પંડયા, શ્રી. સી. એલ. શાસ્ત્રી, શ્રી. હરકાંત શુકલ, શ્રી. દિવ્યકાંત નાણાવટી, શ્રી. રસિકબિહારી જોષી, શ્રી. ગોવિંદ નરહરિ વૈજા-પુરકર, શ્રી. વલ્લભરામ વૈદ્યરાજ વગેરે વિદ્વજ્જનોનાં શુભાશિષ અને આવકાર મળ્યાં. તે બધાનો આ તકે આભાર માનું છું.

૧૯મી પુસ્તિકાથી અથર્વવેદ પરિચય શરૂ થાય છે; તે શ્રેણીના પરામર્શક તરીકે વનસ્પતિશાસ્ત્રી આયુર્વેદાચાર્ય શ્રી. વલ્લભરામ વૈદ્યરાજે કાર્ય સંભાળ્યું છે. પહેલી પુસ્તિકાની શુભાશંસના ગુજરાત કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી. વસંતરાય મહેતાએ, બીજી પુસ્તિકા માટેનાં ‘આવકાર’ વચન સાક્ષર શ્રી. શાંતિલાલ ઠાકરે, ત્રીજી પુસ્તિકા માટે શ્રી. ભોગીભાઇ ગાંધીએ, ચોથી પુસ્તિકા માટે શ્રી શંકરલાલ બેંકરે અને પાંચમી પુસ્તિકા માટે જાણીતા કેળવણીકાર શ્રી જયંતીલાલ આચાર્યે પુરસ્કૃત કરેલ છે, તે પાંચેય વિદ્વાનોનો હું હાર્દિક આભાર માનું છું.

સદ્વિચાર અને સદ્વિચાર પ્રેરક તેમજ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઠીક ઠીક હિસ્સો ખર્ચનાર હિંદુસ્તાન ટાઇલ્સવાળા શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે (ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ) આ અથર્વવેદ પરિચયની પુસ્તિકાના પ્રચાર અર્થે દરેક પુસ્તિકાની જેમ રૂા. ૫૦૧/– પાંચસોને એકનું દાન આપ્યું છે, તેની સાભાર નોંધ લેતાં આનંદ અનુભવું છું.

વેદ પરિચયની સમગ્ર શ્રેણીને સંસ્કૃતિના સર્વ ચાહકોએ બિરદાવી અને આવકારી છે. અથર્વવેદની આ પાંચમી પુસ્તિકા વાચકોના હાથમાં મૂકતાં હું સંતોષની લાગણી અનુભવું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે એને વાચકોનો પ્રેમ સાંપડે.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, — **જે. બી. સેંડિલ**

ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬. — અધ્યક્ષ

# આમુખ

માનવી એકલપેટો બને નહિ. બની શકે નહિ. તેનો જન્મ થયો; તે માતાને માટે; જેણે ભરણ પોષણ કર્યું; તે પિતાને માટે, જેણે કેળવણી આપી, તે ગુરુને માટે તો તેને ઋણ અદા કરવાનાં. તે સાથે જે સમાજ અને રાષ્ટ્રમાં તેના જીવનનો વિકાસ સધાયો, જેની છત્રછાયામાં તેણે ઊંચે મસ્તકે પ્રગતિ સાધી; તે સમાજ અને રાષ્ટ્ર એક યુગમાં સાવ પ્રાથમિક દશામાં હતો. અન્ન, વસ્ત્ર અને વાસ માટે સંઘર્ષ સાધવો પડતો હતો. અનેક સંકટ, કષ્ટ વેઠી, અનેક તપ, અનુષ્ઠાન કરી આપણા તે પૂર્વજ પુરુષોએ આપણી વર્તમાન સ્થિતિને સુખ સગવડથી સભર બનાવી દીધી. એ ગઈકાલ પર આજનું આપણું જીવન છે. અને આપણે પણ ગઈકાલમાં ભળી જવાનું છે, તે પહેલાં આપણા પછી આવનારી પ્રજા માટે આપણે પ્રતિષ્ઠા અને ગૌરવના બોધપાઠ મૂકી જવાના છે. આ એક વીરપૂજા છે, ઋણનો સ્વીકાર છે. તે સાથે જે અહીંથી ચાલ્યા ગયા, તે પિતૃઓ પુણ્યલોકમાં બેઠા છે, તે આપણી તરફ જોઈ રહ્યા છે અને આશા સેવી રહ્યા છે, તેમને હૈયે શ્રધ્ધા છે, તેનાં આપણે શ્રાધ્ધ કરવાનાં છે, તર્પણ કરવાનાં છે.

મરણ પછી જીવનું શું થાય છે, તેની આપણને ખબર નથી; પણ જે દેહમાં પુણ્યશીલ જીવ આવ્યો, તે સ્થૂલ દેહ પણ માનવનો છે, તે ગમે તેમ રખડે. તે કેમ જોવાય? તેને માન આપી, ગૌરવ સાચવી અગ્નિદાહ આપો, એ આપણું કર્તવ્ય બની રહે છે. આ પૂર્વજ પિતૃઓ, મૃત્યુના અધિષ્ઠાતા યમરાજ અને તેમના લોક વિષે આપણે જાણી શકીએ અને શ્રધ્ધા ભાવનાથી તે ઋણનો સ્વીકાર કરીએ, એ વિચારણાને રજૂ કરતી આ પાંચમી પુસ્તિકામાં અથર્વવેદનાં પિતૃસૂક્તો, પિતૃમેધ, યમયમી સંવાદ વગેરે રજૂ થયાં છે. ગીતા ને ગરુડ પુરાણની જેમ આનાં પારાયણ પ્રવચનો થવાં જોઈએ. નરી આંખે ન જોઈ શકાય, છતાં શ્રધ્ધાથી સ્વીકારી શકાય, એ વેદના પ્રમાણને રજૂ કરવાની સાથે વિવિધ મંતવ્યો પણ યથાસ્થાને ગોઠવ્યાં છે, જે મૂળની શ્રધ્ધાને સ્પષ્ટ કરવામાં ઉપયોગી બની રહે; તેવી શુભભાવના !

**વિષ્ણુદેવ પંડિત**

સંવત ૨૦૩૨ મહા શિવરાત્રી ૨૯. ડાહ્યાભાઈ પાર્ક,

તા. ૨૮–૨–૭૬ ગીતામંદિર રોડ, અમદાવાદ–૨૨. ફોન નં. ૫૨૩૬૩

---

# અનુક્રમ

| | |
|---|---|
| ૧. અમર જીવનની આશા | પૃ. ૭–૨૩ |
| ૨. યમ અને પિતૃલોક | પૃ. ૨૪–૫૪ |
| ૩. યમ અને યમી | પૃ. ૫૫–૭૦ |
| પરિશિષ્ટ | પૃ. ૭૧–૭૨ |

# પિતૃપરંપરાની સ્મૃતિ

શાંતિનિકેતનના મારા અભ્યાસકાળ દરમિયાન (ઈ. સ. ૧૯૩૧–૩૪) મારા શિક્ષાગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેન 'રહસ્યવાદ' તેમજ 'ભારતીય મધ્ય યુગની સાધના પરંપરા' શીખવતી વખત કોઈવાર અથર્વવેદનો ઉલ્લેખ કરતા. તેઓ એમ જણાવતા. કે 'અથર્વવેદનો રચનાકાળ અગર સંહિતાકાળ ભલે મોડો થયો હોય, પણ તેમાં જણાવેલા વિષયો અતિ પ્રાચીન કાળથી લોકોમાં પ્રચલિત હોય અને તે સૌને તેમાં સ્થાન મળ્યું હોય.' એ રીતે જોતાં અથર્વવેદ કદાચ લોકસંહિતા ગણી શકાય. ઘણીવાર તેઓ વ્રાત્યસૂક્ત, ઉચ્છિષ્ટસૂક્ત તેમજ પૃથ્વીસૂક્તનો ઉલ્લેખ કરતા; એટલું જ નહીં પણ એમ જણાવતા કે 'બાઉલમતની અજસ્ર ધારાનું મૂળ અને તેના વિશાળ ભંડારનો પરિચય'' અથર્વવેદમાં મળી આવે છે. વળી સ્વર્ગને લોભે અથર્વવેદે પૃથ્વીને અગ્રાહ્ય ગણી નથી ઊલટું, તેને માતા કહીને આથર્વણ ઋષિએ તેની સ્તુતિ કરી છે. તદુપરાંત સ્કંભને વિષે, પ્રાણને વિષે, બ્રહ્મચારીને વિષે આશ્ચર્યકારક વાણી જોવા મળે છે. નવો નવો भवसि जायमान:' (૧૪, ૨, ૨૪,) તથા 'अंति संतं न जहाति अंति संतं न पश्यति' (૧૦, ૮, ૩૨) જેવી મંત્રોક્તિઓ આપણને એક અપૂર્વ સ્મરણ કરાવે છે.

સ્નેહી ભાઈ આચાર્ય વિષ્ણુદેવ પંડિતે ગુજરાતને વેદનો પરિચય કરાવવા આદરેલ આ યજ્ઞકાર્યમાં મારે પણ યથાશક્તિ 'पितृपतये स्वाहा' ભણીને એક આહૂતિ આપવી એવા તેમના મમતાભર્યા આદેશને વશ થઈને આ વિષયમાં 'અજ્ઞ' હોવા છતાં 'મંત્રદ: પિતા'ને સ્તુતિ કરીને કંઈક લખવા પ્રેરાયો છુ.

ખરી રીતે જોતાં મારા જેવા સામાન્ય માણસની દષ્ટિએ આપણા પિતૃઓ—વડવાઓ બાપદાદાઓના અસ્તિત્વને વિષે કોઈ શંકાનું કારણ નથી—પછી પાંડિત્યની કે વિદ્વત્તાની દ્રષ્ટિએ તેમાં ભલે ઉહાપોહને સ્થાન હોય. મારા પિતા હતા, મારા પ્રપિતા હતા અને એવી પિતૃપરંપરાની સ્મૃતિ મારા ચિન્મયલોકમાં હંમેશને માટે અંકિત થએલી છે; તે જ પ્રમાણે રાષ્ટ્રના પિતા, વિશ્વના પિતા એમ આખી અદષ્ટ છતાંય વિશ્વવ્યાપી પૈતૃક પરંપરાને અવગણવાની ધૃષ્ટતા કરું, તો હું એક અહંકૃત વિસંવાદના વમળમાં ફસાઈ જાઉં, એમ મને નમ્રપણે જણાય છે. પશ્ચિમના એક પંડિતે જણાવ્યું છે, 'તમે આપણે સૌ આપણા મહાન પિતૃઓના આધ્યાત્મિક વારસો છીએ, અને એમાં નાનમ શાની ? એ ઋણ સ્વીકાર્યેજ છૂટકો છે.' ગુરુદેવ રવીન્દ્રનાથે કહ્યું છે તેમ "પિતામાં પિતારૂપે જે સત્ય છે, તે તેઓ જ છે.' પિતામાતાને જો આપણે એક પ્રાકૃતિક દષ્ટિથી જ માત્ર જોતા હોત, અર્થાત આપણા મર્ત્ય જીવનનું પ્રાકૃતિક કારણ માત્ર તેઓ જ હોત, તો આ પિતામાતાના સંભાષણને આપણે ભૂલે—ચૂકે પણ અનંતની સાથે યુક્ત ન કરત. પરંતુ મનુષ્ય પિતામાતામાં—પિતૃ પરંપરામાં પ્રાકૃતિક કારણના કરતાંય એક ઘણી મોટી વાતનો અનુભવ કરે છે, એમનામાં એવી એક વસ્તુનો પરિચય પામે છે. જે છે અંતહીન, ચિરંતન, જે વિશિષ્ટ પિતામાતાની સમગ્ર વ્યક્તિગત સીમાને ઓળંગી જાય છે. આપણે

એમનામાં એવું કંઈક પામીએ છીએ, જેને લઈને ચન્દ્ર, સૂર્ય, ગ્રહ અને તારાઓ અસ્તિત્વ ધરી રહ્યા છે; જેઓ અનાદિ—અનંતકાળને નિયંત્રિત કરી રહ્યા છે, તે પરમ શક્તિને તેઓ 'તમે પિતાછો' એમ કહીને સંબોધી રહ્યા છે."

શ્રી આપ્ટેના 'સંસ્કૃત કોશ'માં પિતૃપતિનો અર્થ 'યમ' એમ કર્યો છે. આ 'યમ' કેમ કરીને પિતૃઓના પતિ કહેવાયા, તેની શાસ્ત્રોક્ત કે શ્રુતિપ્રમાણયુક્ત વ્યાખ્યા આપવાની મારી ક્ષમતા નથી. તેમણે નચિકેતાને બ્રહ્મવિદ્યા શીખવી હતી, તેઓ પાપીઓનું શાસન કરનાર છે, પુણ્યશાળીઓ પ્રત્યે સૌમ્ય હોઈ ધર્મરાજનુ બિરુદ પણ ધારણ કરે છે,—આવા યમ પિતૃઓના પતિ, અર્થાત શાસક હોય એમાં નવાઇ નથી. આપણે ત્યાં તો રાષ્ટ્રના પતિ જોઈએ, ગૃહના પતિ જોઈએ, યજ્ઞના પતિ જોઈએ,—એટલે કે કોઈ ને કોઈ રૂપે શાસન કરનાર જોઈએ. તેથી યમ પિતૃઓનું શાસન કરે, તેમના પાપપુણ્ય પ્રેરિત કર્મોનો ન્યાય તોળે, તેમના સૂક્ષ્મ—કારણદેહને યથાસ્થિત રાખી દેખરેખ રાખે,—આવું ઘણું-બધું તેમને વિષે કહી શકાય, પરંતુ બંગાળના નવદ્વીપના નૈયાયિકોની રીતે "એ ઓ બાલ" (આ પણ બહારની, સ્થૂળ, વાત થઈ) એમ કહીને આપણે તેમના આંતરિક સ્વરૂપની, તેમના તાત્ત્વિક રૂપની, તેમના પર આરોપિત વ્યક્તિત્વની ખોજ કરીએ, તો તેઓ શું હશે, કેવા હશે,—એ તો અનુભવની વાત થઈ ગણાય. અને ત્યાં મૌન જ ઈષ્ટ લાગે છે. કદાચ યમ પોતે કોઈ અનિર્વચનીય સત્—તામાં વિલીન થઈ જતા હોય!

હા, એક વાત મારા નમ્ર મતે સાચી લાગે છે કે, મારા આદિ પુરુષ ગૌતમ (ગૌતમ ગોત્રી, ભારતની પિતૃપરંપરા, તેમજ, સમગ્ર માનવજાતિની પૈતૃક પરંપરા જેમાં સોક્રેટિસ, પ્લેટો, પ્લોટિનસ, બોઈહેમ, લાઓટ્સ, કન્ફ્યૂશિયસ ઈત્યાદિ ) પ્રાતઃ સ્મરણીય, પુણ્યશ્લોક અને જગતના આદિ મૂળની સાથે ક્યાં યુક્ત હોય (સરખાવો; 'યુક્ત કરો હે સબાલ સંગે' એમ લાગે છે. પશ્ચિમના એક પ્રાયઃઅજ્ઞાતે, મહામનીષિ ઋષિસમ એમિયલે (AMIEL) પ્રાર્થ્યું છે તેમ હું કહીશઃ "ચિર નિદ્રામાં પોઢી ગયેલા હે પિતૃઓ, અમે તમારા જીવંત વારસો તમારે વિષે ચિંતન કરીએ છીએ, અથવા તો જાતિની યાત્રાનુ સાતત્ય આગળ ધપાવી રહ્યા છીએ." અને રવીન્દ્રનાથની અમર પંક્તિઓમાં કહીશ : "આ જીવન છે એક ઉગ્ર તપસ્યા, જીવનના અંત લગી. સત્યના કઠિન પુરસ્કારને પામવાને સઘળાં દેવાં—ઋણો— મરીને ચૂકવવાં પડશે." આ સઘળી પિતૃપરંપરાનો યોગ્ય વારસ થાઉં તો કૃતકૃત્ય અને પેલા પિતૃપતિનો કંઈક અણસારો (જીવતાં મરીને) પામું તો તો ધધધધ! આટલી મારા મંત્રદઃ પિતા'ને પ્રાર્થના છે.

ભાઇ વિષ્ણુદેવ પંડિતે મને મારું અત્યલ્પ પિતૃતર્પણ કરવાની તક આપી તે બદલ તેમનો ઋણી છું; इति शम्

૧૩–૮–૧૯૭૧ **જયંતીલાલ મ. આચાર્ય**

# ૧
# અમર જીવનની આશા

કૈલાસની એ યાત્રા. હાથમાં ધન, સાધન હોય અને હૈયે હિંમત હોય, કોઈ આશ–અરમાન હોય; તેનાંજ ડગ એ બાજુ મંડાય. કૈલાસ પરના એ શિવ. તેને તો કોણે જોયા, પણ શ્વેત ધવલ વિરાટ કૈલાસ; એજ તેની મૂર્તિ ને? તેનાં દર્શન કરો, પ્રદક્ષિણા કરો અને જીવન સફળ બનાવો.

એક વૃદ્ધજને એ યાત્રા આદરી ને ત્યાંજ કાયાને લંબાવી. બીજા એક ભાવુકજને આગળ ડગ માંડયાં હતાં. તેને હૈયે શું આશ હતી?

'આ કાયા ભલે અહીં પડે. પાપ બધાં ધોવાઈ જશે, પુણ્ય ભેગાં થશે અને મુક્તિનાં દર્શન થશે, એક અનેરી, અપૂર્વ, દિવ્ય શાંતિ.'

ભૂમિ પરના આ ભોગ–વિલાસ, વિષયનાં અનેરાં આકર્ષણ; પણ સુખ, શાંતિ કયાં? આ દુનિયા આજની; પણ આવતી કાલ આવવાની; એને જોડનાર–સંધિ એ તો આજ. તેનું જીવન કેટલું? એક શ્વાસ લો, એક પલ ગણો, એક કણ અને એક ક્ષણ. એ ક્ષણ પર નભવાનું શી રીતે બને?

જીવન અને મરણની વિચારણા કરતો એક નાનો બાળક; તેનું નામ નચિકેતા. તેણે અગ્નિને ચેતાવ્યો. તેણે ઉપરના જીવનને જોયું અને મરણનું દર્શન કર્યું. તેને વિચાર જાગ્યો: 'આ તે કેવું જીવન? એક નાનું સસ્ય, બીજમાંથી અંકુર. અંકુરમાંથી છોડ પાકે ને ખરી જાય; તેમાંથી

બીજ ને અંકુર. આ વિષે યમરાજને કરવાનું શું? આજને કાલ પાર લઈ જાય, એ કાલ કેવી હશે?

માનવી મર્ત્ય હોય, તો પછી મૃત્યુથી ડરવાનું ખરૂં? ભલા, દરિયામાં રહેવું ને મગરથી ડરવું? આ ડર, આ ભય, ક્ષણનાં મરણ ને ક્ષણનાં જીવન એની પારે કાંઈ છે ખરૂ?

આ વિચારણાને પામવા નચિકેતાએ યાત્રા આરંભી. જ્યાં આ સ્થૂલ દેહ ન પહોંચે, ત્યાં સૂક્ષ્મ દેહની સહાય લીધી. મનનો માર્ગ ઉદાર કર્યો. જ્યોતિના માર્ગે પ્રયાણ કર્યું ને એ મૃત્યુને દરવાજે પહોંચી ગયો. ત્યાં તેણે યમરાજને જોયા. કેવી એ શાંત, મધુર, સૌમ્ય મૂર્તિ હતી. તેને ચરણે બેસીને વિદ્યા મેળવી લેવાય.

જીવન મરણની પારે રહેલ એ જ્ઞાન, તે સાંપરાય, જે મરીને મેળવવાનો માર્ગ. જેણે પ્રમાદ સેવ્યા અને ભોગ વિલાસમાં મૂઢતા સેવી, તેને તે જ્ઞાન જણાતું નથી: આ દેખાય; એટલું જ જીવન, તેથી પાર કશું નથી; આવું માની બેઠેલો માનવી; ખાવા, પીવા ને ખેલવામાં સફળતા પામી ચૂકેલો જન ટૂંકી નજરે શું પામે? ત્યાં નજર ઉદાર અને દિવ્ય હોય, ને અંદરની આંખ ખૂલી હોય, તેને એ દિવ્યતાનાં દર્શન થાય અને તેને કાવ્યમાં ઉતારે. આવા કવિઓની વેદવાણી અનેકરૂપે જાગી છે.

ઋષિ કૌશિક સુકૃત–પુણ્ય લોકની પ્રાપ્તિ માટે અગ્નિની સ્તુતિ કરે છે:

[૧] 'હાં, અમે લોકો કદાચ ભૂલીને હિંસા કરીએ કે જેથી અંતરિક્ષલોક હોય કે પૃથ્વીલોક હોય, જે અમારા ગૃહમાં વસેલો આ ગાર્હપત્ય અગ્નિ છે; જે અમને તે તે સુકૃતના લોક–પુણ્યલોકમાં ઉપર ઉઠાવે અને અમારાં પાપ ભૂલાવે.

'જે આ પૃથ્વીલોક છે, તે અમારી ભૂમિ માતા છે, તે અમારી જનની છે, જે અદિતિ–અવિનાશી છે; અંતરિક્ષ અમારા ભાઈ છે અને દ્યુલોક અમારા પિતા છે; તે અમને અનેક પાપોથી બચાવી લે અને અમારાં કલ્યાણ કરે. અમારો જે પિતૃઓનો લોક છે, તેની સાથે અમારો સંબંધ જોડાયો છે, તે પુણ્યલોકથી અમે છૂટા ન પડીએ.

'આ તે પુણ્યલોક છે; જ્યાં સારા હૃદયના અને સુકૃત–પુણ્ય કરનાર પુરુષો વસે છે. પોતાના શરીરના બધા રોગો દૂર કરી, તે પુણ્યશાળી જનો આનંદ–વિનોદ કરે છે. અમે પણ તેમના જેવાં શરીર મેળવીએ; કે જે અંગોથી અધૂરાં ન હોય કે શરીર લૂલાં લંગડાં ન હોય, તે સ્વર્ગ લોકમાં અમે અમારા સંબંધી પિતૃઓ અને પુત્રોને જોઈએ.'

આ સૂક્તમાં પુણ્યલોકનો **सुकृतस्य लोक**: તરીકે નિર્દેશ છે. એ સ્વર્ગ લોકમાં જો કે સ્થૂલ શરીર જઈ શકતું નથી; પરંતુ સર્વ અંગોથી પૂર્ણ એક સૂક્ષ્મ શરીર છે, જેની રચનામાં ગૃહપતિનો અગ્નિ સહાયક બને છે. ઘરનો એ અગ્નિ જ મૃત્યુ પામેલ

---

૧. અથર્વવેદ ૬, ૧૨૦.

માનવીને સ્વર્ગલોકમાં લઈ જાય છે તેની સહાયથી મર્ત્ય અમર બની સ્વર્ગ લોકમાં પહોંચે છે, જ્યાં તેનું પતન ન થાય; તે માટે આ સૂક્તમાં અગ્નિની પ્રાર્થના કરી છે.

જેથી આ દેહનો જન્મ થયો છે, તે આ લોકનાં માતાપિતા છે; પરંતુ જે સૂક્ષ્મ દેહ છે, તેની રચનામાં દ્યાવા અને પૃથ્વી સહાયક બને છે, એ ભાવે તેમને માતાપિતા ગણવામાં આવ્યાં છે. પુણ્યશાળી માનવ સ્થૂલ દેહનાં બંધન–પાશથી છૂટી સુકૃત–પુણ્યશાળીના લોકને મેળવે છે, એ વિષે કવિ કૌશિક જણાવે છે :

[૧] 'હે ગૃહપતિ અગ્નિ, અમે હવે સુકૃતના લોકમાં જઈ રહ્યા છીએ; માટે તમે અમારાં વિવિધ–પાશ બંધન છોડી નાખો, નીતિ નિયમોનાં પાલન કરાવનાર એ દેવ વરુણ છે, તેમણે સંસારીજનો માટે ઊંચા–નીચા અનેક પાશ રચેલા છે, તે પાશ મૃત્યુ આવતાં છૂટી જાય; તે ઉપરાંત ખોટાં સ્વપ્ન અને પાપ જાગેલાં હોય; તે પણ અમારાથી દૂર કરો. આ બંધનના પ્રકારો અનેક છે : જેમકે લાકડામાં કે રજ્જૂમાં બંધાય, ભૂમિમાં બંધાય કે વાણીમાં બંધાય, એ બધા પ્રકારનાં બંધનથી અમને આ ગાર્હપત્ય અગ્નિ છોડાવે, જેથી તે અગ્નિ અમને સુકૃતના લોકમાં લઈ જાય.

'આ બે વિચૃતિ–મુક્તિ આપનારી ભગવતી દેવીઓ છે, જે મર્ત્ય માનવને તારનારી છે. જ્યારે આ મર્ત્ય આ લોકથી પ્રયાણ કરે છે, ત્યારે તેને આ બે દેવીઓ અમૃતનાં રૂપ આપો; જેથી તે માનવ બંધનમાંથી મુક્ત થવાનું સાધન મેળવે. હે મર્ત્ય માનવ, તું આગળનો માર્ગ ખોલી નાખ, બીજા લોકની રચના કર. જેમ માતાના ગર્ભસ્થાનથી દેહ કુદરતી રીતે છૂટો પડે છે એમજ બંધનનાં કારણ જાણીને આ લોકના બંધનથી મુક્તિ મેળવી લે અને પછી આગળના બધા માર્ગો પર ક્રમથી નિવાસ કર.'

સંસારનાં બંધનથી છૂટીને મુક્તિના માર્ગે પુણ્યલોકમાં ગતિ કરવાનો નિર્દેશ આ સૂક્તમાં મળે છે. મર્ત્ય માનવ આ સંસારમાં રહી, વિવેક જ્ઞાન મેળવી શકે છે અને બંધનથી છૂટી પુણ્યલોક સાધી શકે છે. આજે આ સંસારમાં જે કાંઈ સાધન મળેલાં છે, તેથી મનુષ્યે સાચો પુરુષાર્થ સાધવો જોઈએ, જેથી તે આવતી કાલ મુક્તિ મેળવી શકે. બીજાં પ્રાણીઓ તો આ લોક પૂરતાં જીવે છે, પણ મર્ત્ય માનવ આ દેહ છોડીને. પુણ્યથી પ્રાપ્ત થએલ સૂક્ષ્મ દેહે બીજા લોકોમાં વિહાર કરે છે.

આ સ્થૂલ શરીરની બાલપણ, યૌવન–વડપણ ને ઘડપણની દશાઓ બદલાતાં છતાં; તેમાં નામ રૂપનું સૂત્ર પરોવાએલું રહે છે, એ જ રીતે સ્થૂલ દેહ છૂટી જતાં બીજો સૂક્ષ્મ દેહ મળે, ત્યાં પણ આ જીવનસૂત્રનું અનુસંધાન થાય છે, એ વિષે ઋષિ ભૃગુ વિશ્વકર્માને ઉદ્દેશી આ બાબત જણાવી રહ્યા છે :

---

૧ અથર્વ વેદ ૬, ૧૨૧

[1] 'હે વિશ્વકર્મા, ઋત–કુદરતના નિયમ પ્રમાણે તારો જન્મ પ્રથમ થયો છે અને તે વિષે તું સારી રીતે જાણે છે, માટે હું તને જીવનનો આ ભાગ આપું છું, જેનો મરણ પછી પણ સંબંધ છે. વૃદ્ધાવસ્થા પછી પણ આ જીવન ચાલૂ રહે છે. જેને અમોએ એક અવિનાશી–અચ્છેદ્ય તંતુરૂપે આપેલ છે. અમે એ તંતુને આધારે આ મૃત્યુને તરી જઈએ. આ એક માર્ગ છે, જે પિતૃઓની પરંપરાએ આવેલો છે, તે દ્વારા વિસ્તાર પામેલ તંતુથી કેટલાક પુણ્યશાળી પુરુષો મૃત્યુને તરી જાય છે, તો બીજા કેટલાક બંધુ રહિત હોવા છતાં પણ દાન આપતા હોય છે અને તે દાનના માર્ગે આગળ પ્રયાણ કરવા માટે સમર્થ થાય છે, આમ તે બંને માર્ગે પ્રયાણ કરનાર જ્યાં પહોંચે છે, તે તો સ્વર્ગ જ છે.

'આ સૂક્ષ્મ દેહને ઘડનાર તો માતા પૃથ્વી અને દ્યૌ પિતા છે. એ બંને પરસ્પર પતિ અને પત્નીના સંબંધે શુભ કાર્યની શરુઆત કરો અને તે કાર્યને આગળ વધારો. જે સાધકજનો શ્રદ્ધાપૂર્વક કાર્ય કરે છે, તે આ સ્વર્ગલોકને સારી રીતે સેવતા હોય છે. યજ્ઞ–સેવાનાં કાર્ય કરવાથી જે પરિપાકરૂપે પુણ્ય પ્રાપ્ત થાય છે; તે તો અગ્નિમાં પ્રવેશ કરે છે અને તે સૂક્ષ્મ રીતે રહેલ પુણ્યનાં રક્ષણને માટે આ પૃથ્વી અને દ્યુલોક તૈયાર રહે છે.

'આ જીવન એક વિસ્તૃત યજ્ઞ છે, જે તપના બળે આગળ ચાલૂ રહે છે અને સૂક્ષ્મ દેહ સાથે રહેલ જીવાત્મા પોતાના મનના આધારે સૂક્ષ્મ દેહથી સ્વર્ગલોકમાં ચઢે છે. સૂક્ષ્મ દેહનાં રક્ષણ કરનાર ઓ અગ્નિ, અમારી વૃદ્ધાવસ્થા આવે, તે પહેલાં અમને પુણ્યલોકમાં જવા માટે બોલાવવામાં આવ્યા છે. હવે અમે એ ત્રીજા લોક–સ્વર્ગમાં જઈને ત્યાં સુખ સાથે આનંદ વિનોદ કરતા રહીએ.

'યજ્ઞ–સેવાનાં કાર્યથી શુદ્ધ અને પવિત્ર થએલી અમારી આ ભાવનાઓ તો નારીઓનાં રૂપ ધારણ કરે છે; તેમને અમે વિવેકજ્ઞાન ધારણ કરનાર જ્ઞાનીજનોના હાથમાં સોંપી દઈએ. હું જે શુભ કામનાથી તમારો અહીં અભિષેક કરૂં છું; તેને કારણે તમે વિશેષ મહિમા ધારણ કરનાર ઈન્દ્ર છો, તે ઈન્દ્ર અમને તે સૂક્ષ્મ દેહનાં દાન કરે.'

આ સૂક્તમાં જીવનનું અનુસંધાન મૃત્યુ પછી પણ છે, તે વાતને એક અવિચ્છિન્ન તંતુ દ્વારા જણાવેલ છે. જે જીવન યજ્ઞમય છે, તે પરિપકવ ફલરૂપે મૃત્યુ પછી પણ પ્રાપ્ત થાય છે; તે વિષે શ્રદ્ધા ધરાવનાર માનવો સ્વર્ગલોકના આનંદની ભાવના સેવે છે. એ સ્વર્ગ ધામ છે, ત્યાં સ્થિર થવા માટે ભૃગુ ઋષિ જણાવી રહ્યા છે અને તે વિશ્વેદેવોની સ્તુતિ કરે છે :

[2] 'હે વિશ્વેદેવો, તમે જે સ્વધામમાં નિવાસ કરો છો, ત્યાં વસાવવા માટે તમને

૧. અથર્વ ૬, ૧૨૨ ૨. અથર્વ વેદ ૬, ૧૨૩

હું આ શેવધિ—ખજાનો આપું છું, જેને જાતવેદસ્ અગ્નિ સ્વર્ગના ધામ સુધી લાવ્યા છે; તે રીતે સાથે આવેલ આ યજમાન છે. પરમ વ્યોમ—ત્રીજા ધામમાં આવી પહોંચેલ એ યજમાનને તમે જાણો; તેનું સ્વસ્તિ—કલ્યાણ હો.

'સ્વધામમાં નિવાસ કરતા સૌ દેવો સ્વર્ગમાં આવેલ તે યજમાનને સારી રીતે જાણે, જેથી તેને પણ ખબર પડે કે, આ લોક પણ છે. ત્યાં આવી પહોંચેલ યજમાનનું સ્વસ્તિ—કલ્યાણ હો. તેણે આ લોકમાં જે ઈષ્ટ અને પૂર્ત જેવાં પુણ્યનાં કર્મો કર્યાં છે, તેનાં ફલ તેને સ્વર્ગલોકમાં પ્રગટ થાઓ.

'આ સ્વર્ગધામમાં વસેલા દેવો પિતૃઓ છે. કારણકે તેમણે પુણ્યશાળી લોકોએ કરેલાં ફળનાં રક્ષણ કર્યાં છે; તેમજ તે પિતૃઓ યજમાનને માટે દેવો જેવા પૂજનીય છે. એ દેવો અને પિતૃઓની સાથે નિવાસ કરનાર હું તેજ મર્ત્ય માનવ છું, જેણે મરણ પછી પણ જીવનનું અનુસંધાન કરેલું છે. હું તેજ મર્ત્ય માનવ છું, જેણે જીવનનાં ફળને યજ્ઞના અગ્નિદ્વારા પરિપક્વ કર્યાં છે; તેમજ મરણ પછી પણ મેં પુણ્ય ફળનાં દાન કર્યાં છે. તે જ હું છું, જે યજન—સેવાનાં કાર્ય કરે છે; તેને કારણે મરણ પછી પણ દાનમાં મળેલ પુણ્ય કર્મથી હું વિખૂટો પડી ન જાઉં. મરણ પછી પણ તેજ—સૂક્ષ્મ દેહથી વિરાજતા હે જીવાત્મ—રાજન્, તે નાક—સ્વર્ગલોકમાં તું સ્થિર થા અને તારી સાથે પુણ્યથી પ્રાપ્ત થએલ સૂક્ષ્મદેહ પણ સ્થિર થાય. તેણે પહેલાંના દેહથી જે પૂર્ત—પુણ્યનાં કાર્ય કર્યાં છે, તેને તું જાણ અને તેને માટે તું ઉત્તમ મન રાખ, કારણકે મર્ત્ય માનવના સ્થૂલ દેહનો ત્યાગ કરી, તેં સૂક્ષ્મ દેહ ધારણ કર્યો છે, જે દિવ્ય દેહ સાથે તું પણ દેવ બનેલ છે.'

આ સૂક્તમાં સૂક્ષ્મ દેહની રચનામાં ભાગ લેનારા અગ્નિ, સૂર્ય વગેરે વિશ્વેદેવોની સ્તુતિ છે. સ્થૂલ દેહ છોડી, સૂક્ષ્મ દેહ સાથે સ્વર્ગમાં આવી પહોંચેલ જે યજમાન—મર્ત્ય માનવ છે, તે સ્થૂલ દેહના ત્યાગની સાથે મર્ત્ય મટી જાય છે. તે દેવોની સાથે દેવ અને પિતૃઓની સાથે પિતૃ બને છે. સ્થૂલ દેહ છોડી દીધા પછી પણ જીવાત્માનો સંબંધ સૂક્ષ્મ દેહની સાથે રહે છે અને તેથી જ પુણ્યફળને જોડવામાં તે સહાયક બને છે. પુણ્યશાળી યજમાનનો એ જીવાત્મા પોતે જ એ ભૂતકાળનાં પુણ્ય કર્મોનું સ્મરણ કરે છે અને સ્વર્ગ લોકમાં તેનાં અનુસંધાન કરે છે. ઈષ્ટ—યજ્ઞ અને પૂર્ત—કુવા, વાવ, તલાવ, ધર્મશાળા વગેરેની રચનાનાં કાર્યો મરણ પછી પણ પ્રાપ્ત થાય છે, તે શ્રદ્ધા અને ભાવના આ સૂક્તમાં જોવાને મળે છે.

સ્થૂલ દેહમાં રહેલ સૂક્ષ્મ દેહ દિવ્યજ્યોતિ બની સ્વર્ગ લોકમાં ગતિ કરે છે, એ વિષે ઋષિ બ્રહ્મા આ મંત્રમાં જણાવે છે :

૧ 'જે જ્યોતિ—દિવ્ય પ્રકાશની સાથે દેવો દિવ્—સ્વર્ગલોકમાં પહોંચી જાય છે; તેજ સ્વર્ગલોકમાં પુણ્યશાળી જીવો બ્રહ્મૌદન—યજ્ઞના પરિપાક રૂપે સુકૃતના લોક—સ્વર્ગે ચઢી જાય છે, તેજ આ ઉત્તમ નાક—સુખરૂપ સ્વર્ગના લોકને અમે મેળવીએ છીએ.'

અહીં જીવાત્મા પોતે સૂક્ષ્મદેહની સાથે સ્વર્ગલોકે જાય છે, જે સૂક્ષ્મ દેહ અવિનાશી જ્યોતિની સાથે રહેલ છે. તે જીવાત્મા રથી કે પક્ષીના રૂપે સ્વર્ગલોકમાં જાય છે અને ત્યાં સ્વર્ગનાં સુખ ભોગવે છે, તે વિષે અથર્વા ઋષિ જણાવે છે :

૨ 'પુણ્યશાળી જનો તે શુદ્ધ લોકમાં પહોંચી જાય છે; ત્યારે તેમના દેહ હાડકાં વિનાના સૂક્ષ્મ, પવનથી પવિત્ર થએલ અને પ્રાણાયામથી શુદ્ધ થએલ હોય છે. જે અગ્નિની તેમણે ઉપાસના કરી છે, તે જાતવેદસ્ અગ્નિ તેમના સૂક્ષ્મ દેહને બાળી મુકતો નથી, જે લિંગ શરીર છે; તેમને સ્વર્ગલોકમાં ઘણા પ્રકારના નારીઓના ભોગ મળે છે.

' જે પુણ્યશાળી જનોએ યજ્ઞનો વિસ્તાર કરનાર ઓદનના પાક તૈયાર કર્યા છે, તેમને જન્મ—મરણના આવર્તનમાં પડવું પડતું નથી. તે યમલોકમાં વસે છે, તે ત્યાં દેવોની સાથે વસે છે; તેમજ સૌમ્ય સ્વભાવના ગંધર્વોની સાથે આનંદ કરે છે.

'જેમણે વિષ્ટારી યજ્ઞના ઓદન પકાવ્યા છે, તેમનાં લિંગ શરીરને યમરાજ હરી લેતા નથી. તે પોતે રથી બનીને રથના માર્ગે ગતિ કરે છે; તેમજ તે પક્ષી બનીને દ્યુલોક—સ્વર્ગના માર્ગે પહોંચી જાય છે. યજ્ઞોમાં વિષ્ટારી યજ્ઞ શ્રેષ્ઠ અને વિશાળ છે. તે વિષ્ટારી યજ્ઞના ઓદનને પકાવી, યજમાન દ્યુલોકમાં પ્રવેશ કરે છે. ત્યાં વાસ કરી, શાંત ચિત્ત પુણ્યફળને વધારતા રહે છે. આ બધી મધુર ધારાઓ તને સ્વર્ગ લોકમાં પ્રાપ્ત થાઓ તેમજ ઘીથી ભરેલા ઝરા, મધુરસથી બાંધેલા કીનારા અને નિર્મળ જલ મળતાં રહો; તેમજ દૂધ, દહીં, રસથી ભરેલા ચાર ચાર ઘડાઓ રોજ મળતા રહો.

'આ તે વિષ્ટારી યજ્ઞમાં પકાવેલ ઓદન છે; જે બધા લોકો પર વિજય મેળવી તેમને સ્વર્ગ લોક આપે છે, જેમણે બ્રહ્મ—મંત્રની સાધના કરી છે. એ સ્વધા શકિતથી પુષ્ટ થએલ હું યજમાન છું, તેને તે અન્નદાન હાનિ ન પહોંચાડે. ત્યાં સ્વર્ગ લોકમાં મને કામધેનુઓ પ્રાપ્ત થાઓ, જે વિશ્વરૂપ છે અને સર્વ કામનાઓ પ્રમાણે ફળ આપે છે.'

આ સૂક્તમાં સ્વર્ગલોકનું વર્ણન છે, જયાં પુણ્યશાળી જનો સર્વ પ્રકારનાં સુખ મેળવે છે અને ત્યાંથી પાછા ફરવાનું રહેતું નથી. સ્વર્ગે જનાર મર્ત્ય માનવને સ્થૂલ દેહ છોડવો પડે છે અને બીજો સૂક્ષ્મ દિવ્ય દેહ ધારણ કરવો પડે છે, જે દિવ્ય દેહ પુણ્ય કર્મોના પરિપાક ફલરૂપે છે. તે સૂક્ષ્મ દેહને રથી કે પક્ષી કહ્યો છે, જેથી સ્વર્ગ લોકને માર્ગે શીઘ્ર ગતિ થઈ શકે. સંકલ્પ શકિત, ભાવનાનું બળ અને મનની ગતિ—મનોરથને અહીં મુખ્ય સ્થાન આપ્યું છે.

---

૧. અથર્વવેદ ૧૧, ૧, ૩૭ ૨. અથર્વ વેદ ૪, ૩૪, ૨–૮

જે મન છે, તે સ્થૂલ દેહ સાથે જોડાય છે, તેજ મનનો યોગ સૂક્ષ્મ દેહ સાથે છે. એ સૂક્ષ્મ દેહથી પર જીવાત્મા છે, જે અજ અવિનાશી છે; તોપણ મનના યોગે તેનો સંબંધ સ્થૂલ અને સૂક્ષ્મ દેહો સાથે થાય છે. વેદોમાં જે આત્મા શબ્દ જીવ માટે વપરાયો છે, તે શરીર માટે પણ વપરાય છે, અર્થાત જીવરૂપ આત્મા એકલો અજ અવિનાશી હોવા છતાં, સ્થૂલ કે સૂક્ષ્મ દેહ દ્વારા જન્મ લે છે; તેને જન્મ આપનાર અગ્નિ છે, જેથી યજ્ઞ–સેવાનાં પવિત્ર કાર્ય થાય છે અને તેથી સ્વર્ગ લોકની પણ પ્રાપ્તિ થાય છે, તે વિષે ઋષિ ભૃગુ જણાવે છે :

[1] 'યજ્ઞમાં પ્રદીપ્ત કરેલ આ અગ્નિ છે, જેના શોક–તેજસ્વી પ્રકાશથી અજ અવિનાશી જીવાત્માનો જન્મ થયો છે. તે જીવાત્માએ પોતાને ઉત્પન્ન કરનાર અગ્નિને અગ્રેસર રૂપે જોયો છે. તેજ અગ્નિની સહાયથી દેવોએ સ્વર્ગના દેવ પદને મેળવી લીધું હતું. તેજ અગ્નિના માર્ગે બુદ્ધિશાળી પવિત્ર લોકો સ્વર્ગનાં ઊંચાં સ્થાને ગયા હતા.

'હે પુણ્યશાળી જનો, યજ્ઞનાં ઉખ્ય–સાધનોને હાથમાં ધારણ કરી, તમે અગ્નિની સહાયથી નાક–સ્વર્ગ લોકમાં આક્રમણ કરો–પગલાં માંડો. દ્યુલોકનો સ્પર્શ કરનાર જે સ્વર્ગલોક છે, ત્યાં જઈને તમે દેવો સાથે સંમિશ્ર થઈ બેસી જાઓ.

'હું પૃથ્વીના પૃષ્ઠભાગથી અંતરિક્ષના માર્ગે ઉપર ચઢું અને અંતરિક્ષ લોકમાં દ્યુલોક પર ચઢી જાઉં. એ નાક સુખ આપનાર દ્યુલોકના પૃષ્ઠ પરથી સ્વર્ગલોકમાં જાઉં છું, જ્યાં સ્વર્ગ જ્યોતિના સ્વરૂપને મેળવી લઉં છું. આ વિવિધ માર્ગોને સારી રીતે જાણનારા જ્ઞાનીજનો વિશ્વના આધારરૂપ યજ્ઞ–સેવા ને પુણ્યનાં કર્મ સારી રીતે ફેલાવે છે, તે પુણ્યશાળી જનો સ્વર્ગનાં સુખોની અપેક્ષા રાખતા નથી; પરંતુ તે દ્યુલોકથી ઉપરનાં રોદસી–પૃથ્વી અને સ્વર્ગના લોક સુધી પહોંચી જાય છે.

'હે અગ્નિ, તું દિવ્ય પ્રકાશ આપનાર દેવોમાં સૌ પહેલાં પ્રાપ્ત થયો છે. સાચેજ તું દેવો અને મનુષ્યોને સાચી સૂઝ આપનાર દિવ્ય ચક્ષુ છે. જે યજ્ઞ કરનાર પુણ્યશાળી જનો છે, તે નિત્ય નિરંતર યજ્ઞ–સેવાનાં કાર્ય કરતા રહે છે અને તેમના દ્વારા સુખ સાધન ભોગવતા રહે છે. આ પુણ્યશાળી જનો ભૃગુ ઋષિઓની સાથે સ્વર્ગ મેળવીને કલ્યાણ કરતા રહો.

'જ્યારે અમે પુણ્યશાળી જનો ઉત્તમ નાક–સુખ આપનાર સ્વર્ગલોક પર ચઢીએ છીએ, ત્યારે અમે બૃહત–વિશાળ અજ અવિનાશી જીવાત્માનાં ઘી દૂધથી પૂજન કરીએ છીએ, જે જીવાત્મા પોતે દિવ્ય છે, સુપર્ણ છે અને રસની જેમ પ્રકાશિત છે. તે જીવાત્માના પ્રકાશથી અમે સુકૃતના લોક સ્વર્ગને સારી રીતે મેળવી લઈએ છીએ.

---

૧. અથર્વ વેદ ૪, ૧૪

'જેમ યજ્ઞમાં ભાગ લેનાર ઋત્વિજોને દક્ષિણા–પ્રસાદરૂપે તૈયાર કરેલ ઓદન આપવામાં આવે છે, તે ઓદન–ભાત રાંધવામાં પાંચ પદાર્થ લેવામાં આવે છે અને પાંચ આંગળીઓથી બનેલા પંજા જેવી કડછીથી તેને હલાવવામાં આવે છે. એવીજ રીતે યજ્ઞના ફળરૂપે જે દિવ્ય પુણ્યની પ્રાપ્તિ થાય છે, તેથી સૂક્ષ્મ દેહની રચના કરવામાં આવે છે, જે સૂક્ષ્મ દેહ અજ અવિનાશી જીવાત્માને સાથે લઈ સ્વર્ગ લોકમાં પહોંચી જાય છે. જેમ ઓદન રાંધવામાં દર્વી–કડછી એ સાધન છે; એ રીતે પુણ્યથી મેળવેલ સૂક્ષ્મ દેહ એ તો સાધન છે; પૂર્વ દિશામાં તેનાં શિર, દક્ષિણ દિશામાં જમણું પડખું, પશ્ચિમ દિશામાં કટિભાગ, ઉત્તર દિશામાં ડાબુ પડખું, ઊર્ધ્વદિશામાં પાંસળી અને ધ્રુવ દિશામાં પેટ અને અંતરિક્ષમાં મધ્ય ભાગ રહેલાં છે. આમ બધા પ્રકારનાં સૂક્ષ્મ અંગોથી પરિપૂર્ણ થએલ અને પુણ્ય સાધનથી પરિપકવ થએલ અજ અવિનાશી આત્મા આ સૂક્ષ્મ દેહના આવરણથી ઢંકાએલ છે; એ રીતે પરિપૂર્ણ બનેલ હે જીવાત્મા, તું આ લોકથી ગતિ કરીને તે ઉત્તમ સુખ આપનાર સ્વર્ગ લોકમાં પહોંચી જા અને ચારેય ચરણોથી બધી દિશાઓમાં પ્રતિષ્ઠિત થા'.

આ સૂકતમાં સ્વર્ગ ધામનું વર્ણન છે. માનવને સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીરોની સાથે અજ અવિનાશી જીવાત્માની પ્રાપ્તિ થએલી છે. જીવાત્માને પ્રાપ્ત થએલ આ ચતુષ્પાદ છે. તેજ રીતે પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકથી ઉપરના સ્વર્ગ લોક સાથેના ચાર લોક છે. જો કે સ્થૂલ દેહની રચના માતા અને પિતાથી થએલી છે. પરંતુ સૂક્ષ્મ દેહની રચનામાં પાંચમહાભૂતોની તન્માત્રાઓ હોય છે, જેથી મન સાથેની પાંચ જ્ઞાનેંદ્રિયો બની છે, પરંતુ તેની રચના ક્યારે થઈ, શી રીતે થઈ, તેની કોઈને ખબર નથી. તે અનાદિ છે, તેની સાથેના અજ અવિનાશી જીવાત્માનો સંબંધ પણ અનાદિ છે. તે વિષેના તત્વજ્ઞાનનું નિરૂપણ તાત્વિક ગણાય છે.

જેમ પશુપાલક ભરવાડ પશુઓને ચરાવીને પોતાના નેસડામાં પાછો આવે છે, એમજ જીવાત્મા સૂક્ષ્મ ઈંદ્રિયોની સાથે સ્થૂલ દેહમાં આવીને આ સંસારમાં વિચરણ કરે છે અને પછી સૂક્ષ્મ ઈંદ્રિયોની સાથે સ્વર્ગ લોકમાં સુખે નિવાસ કરે છે. એ રીતે સ્વર્ગની સહજ પ્રાપ્તિ વિષે અથર્વા ઋષિ જણાવે છે :

[1] 'જે પશુપતિ જીવાત્મા છે, તે તો બે પગાળાં અને ચાર પગાળાં પશુઓ પર અધિકાર ભોગવે છે, તે પોતે તો સંપૂર્ણ રીતે બધાં ફળ ભોગવીને રહેલ છે; તે જીવાત્મા પોતે યજ્ઞદ્વારા પ્રાપ્ત થતા પુણ્ય ફળને સારી રીતે મેળવી લે છે. તેથી પ્રાપ્ત થતાં ધન–સાધન અને પાલન પોષણનાં ફળ યજમાનને મળતાં રહો. સૂક્ષ્મદેહની સાથે સ્વર્ગમાં વસનાર દેવો ત્રણેય લોકોનાં સૂક્ષ્મ વીર્ય પ્રાપ્ત કરતા રહીને, યજ્ઞ કરનાર યજમાનને

---
૧ અથર્વવેદ ૨, ૩૪,

માટે પુણ્યલોકના માર્ગ તૈયાર કરે. સ્વર્ગ લોકમાં પ્રાપ્ત થતું એ તો સૂક્ષ્મ પુણ્ય છે, જે દેવો પર ઉપકાર કરનારૂં પ્રિય ભાથું છે, તે અમને સ્વર્ગલોકના માર્ગે પ્રાપ્ત થાઓ.

'આ તે દેવો છે, જે સૂક્ષ્મ દેહની સાથે બંધાએલ જીવાત્માની સાથે ધ્યાન ધરતા હોય છે તેમજ મનથી અને ચક્ષુથી નવા દેહનાં નિરીક્ષણ કરતા હોય છે. આ દેહમાં રહેલ જીવાત્મા તે અગ્નિરૂપ છે, તે વિશ્વકર્મા છે અને પોતાની સાથે આવનાર ઈંદ્રિયોરૂપી પ્રજાઓનાં સૂક્ષ્મદેહમાં વિહાર કરે છે, તે જીવાત્મા સૌથી પહેલાં સૂક્ષ્મદેહમાં ગતિ કરવા માટે ઈંદ્રિયોમાં વસેલા દેવોને મુક્ત કરો.

'આ સ્થૂલ દેહમાં રહેલી ઈંદ્રિયો એ તો ગ્રામ સમૂહમાં વસેલાં અને વિવિધ વિષયોમાં વિચરણ કરતાં પશુઓ જેવી છે; તે ઈંદ્રિયો આમ જોકે વિવિધ રૂપે રહેલાં છે, તોપણ જ્યોતિરૂપ બનેલ સૂક્ષ્મ દેહમાં તો એકજ રૂપે છે. એ ઈંદ્રિયોરૂપી પ્રજાઓની સાથે સૂક્ષ્મ દેહમાં વિહાર કરનાર જીવાત્મા તો પ્રજાપતિ છે અને તે વાયુ–પ્રાણનાં રૂપ ધારણ કરે છે; તે પ્રજાપતિ જીવાત્મા સ્થૂલ દેહમાં રહેલી ઈંદ્રિયોના દેવોને પહેલાં બંધનથી મુક્ત કરે. સ્થૂલ દેહની ઈંદ્રિયોમાં વસેલા એ દેવો છે, તે ઈંદ્રિયોનાં રૂપોને પહેલેથી જ સારી રીતે જાણે છે. માટે તે દેવો અંગે અંગમાં સંચાર કરતાં પ્રાણને ગ્રહણ કરે છે; જે સ્થૂલ દેહને છોડી સૂક્ષ્મ દેહની સાથે જાય છે, માટે હે વિશ્વકર્મા, પ્રજાપતિ અને પશુપતિના રૂપે રહેલ જીવાત્મા તે સૂક્ષ્મ દેહની સાથે તું દેવોને જવા લાયક વિવિધ દેવયાન માર્ગોથી ગતિ કરીને સ્વર્ગલોકમાં ગતિ કર અને ત્યાં વિવિધ અંગો સાથે રહેલ સૂક્ષ્મ શરીરોની સાથે વાસ કર.'

આ સૂક્તમાં જીવાત્માનાં વિહાર સ્થાનોનો નિર્દેશ છે. આ સંસારના સ્થૂલ દેહની સાથે તે પશુપતિ રૂપે વિહાર કરે છે, સ્વપ્ન દશામાં તે વિશ્વકર્મા અને સૂક્ષ્મ દેહની સાથેના સ્વર્ગલોકમાં તે પ્રજાપતિ બનીને વિહાર કરે છે. આ સ્થૂળ દેહ સાથેના સંબંધને મૃત્યુના પાશ સાથે સરખાવવામાં આવેલ છે અર્થાત જન્મની સાથે સાથેજ મૃત્યુનો સંબંધ પણ છે, તોપણ આ દેહ વૃદ્ધાવસ્થા સુધીના નીરોગી દીર્ઘ જીવન સાથે ટકી રહે; એ માટે ભૃગુ–અંગિરા ઋષિ દેવોની સ્તુતિ કરે છે :

[1]'હે જીવાત્મા, અજ્ઞાત રોગ કે રાજયક્ષ્મા જેવા રોગથી છૂટીને સુખ સાથેના લાંબા જીવન માટે હું આ દેહને યજ્ઞદ્વારા મુક્ત કરૂં છું. જો કોઈ રોગથી તે દેહ જકડાયો હોય; તો તે રોગોથી તેને ઈન્દ્ર અને અગ્નિ મુક્ત કરે. ધારો કે તેનું જીવન ખૂટી ગયું હોય કે પછી તે મરણની નજીક પહોંચી ગયો હોય, તોપણ તેને તે નિર્ઋતિ–વિનાશથી છોડાવી, સો વર્ષના જીવન માટે સુરક્ષિત રાખું છું.

'યજ્ઞમાં આપેલ આ હવિદ્રવ્ય છે, જે સો સો કે હજાર હજાર પ્રકારનાં સામર્થ્યથી

૧ અથર્વ વેદ ૩, ૧૧.

મનુષ્યને સો વર્ષનાં આયુષ્ય આપે છે, તેથી પ્રસન્ન થએલ ઈન્દ્ર વિશ્વભરનાં પાપથી છોડાવી, તેને સો વર્ષનાં જીવન આપે. હે જીવાત્મા, તું સો સો શરદ, હેમંત અને વસંતોની સાથે વધતો રહી દીર્ઘ જીવન મેળવ. ઈન્દ્ર, અગ્નિ, સવિતા, બૃહાસ્પતિ વગેરે દેવો તને સો સો વર્ષોનાં જીવન આપે. જેમ બે બળદ હળમાં જોડાયા હોય, તે વ્રજ–કોઢમાં આવી આરામ કરે એમજ પ્રાણ અને અપાન આ દેહમાં આરામ કરે. જે જે અનેક પ્રકારનાં સેંકડો અપમૃત્યુ–ઘાત છે, તે બધાં આ દેહથી દૂર રહો. હે પ્રાણ અને અપાન તમે બંને આ દેહમાં નિવાસ કરો, તેથી દૂર ન થાઓ. તમે બંને આ દેહ અને તેનાં અંગોને ઘડપણ સુધી દોરી જાઓ. ત્યાં સુધી તમને આ દેહની સોંપણી કરવામાં આવી છે. જેમ ગો–પશુને દોરડાથી બાંધવામાં આવે; એમજ આ દેહને જન્મની સાથેજ મૃત્યુના પાશથી બાંધેલ છે, જે બંધન વૃદ્ધાવસ્થા સુધી લંબાય છે. જ્ઞાનના અધિષ્ઠાતા દેવ બૃહસ્પતિ બે હાથે જીવાત્માને મૃત્યુના પાશથી છોડાવે છે,'

આ સૂક્ત નીરોગી દીર્ઘજીવનનું નિરૂપણ કરે છે, જીવનની સાથે કુદરતી રીતે મૃત્યુનો સંબંધ છે, તે બાબતની સ્પષ્ટતા કરે છે. દેહની સાથે સાથે આ દીર્ઘજીવન પ્રાપ્ત થયું છે, તે જીવાત્માની વિહાર ભૂમિ છે, જેમાં તે સુખ શાંતિ ભોગવે છે, તેમાં રહેલા પ્રાણ પણ નિર્ભય રીતે રહે અને ઘડપણ સુધીનાં દીર્ઘ જીવન સુખે ટકી રહે, તે પછી જે કુદરતી રીતે મૃત્યુ આવે, તેને પણ વધાવી લેવામાં આવે છે. હાં, જે રોગ, પાપ કે દોષને કારણે અકાલ મૃત્યુ આવી પડે, તેને દૂર કરવાનું સૂચન પણ અહીં મળે છે. યજ્ઞ જેવાં સેવાનાં કાર્યોથી મનુષ્ય દીર્ઘ જીવન ભોગવે અને પછી પુણ્યના યોગે સ્વર્ગ લોક મેળવી લે.

આજે કર્યું, તે આજે નાશ પામ્યું. ગઈ કાલ અને આવતી કાલને જોડનાર તો આજ છે, તેની સત્તા કેટલી; એ વિચારો તો કશું હાથ ન આવે. આ કાલને જોડનાર એક શાશ્વત ચિર સ્થાયી વસ્તુ છે અને તે જીવાત્મા. તે કાલને આજની સાથે જોડે છે, અને આજને કાલની સાથે. એ શાશ્વત ચિરંજીવ છે, એટલું જ નહિ, તે તરલ છે, વ્યાપક છે અને સૂક્ષ્મ હોવા છતાં, સ્થૂલને સૂક્ષ્મ સાથે જોડે છે. માનવનાં મન, બુદ્ધિ અને ચિત્ત તેમજ વાણીના વિવિધ પ્રકારોને જોડનાર, તે આત્મા છે; તે વિષે અથર્વા જણાવે છે :

૧ 'તે યોગી પુરુષો છે, જે પોતાનાં મનના ધ્યાનથી વાણીના મૂલ સ્થાન સુધી પહોંચી જાય છે; તે યોગીજનો ઋત–સરળ ભાવને વાણી દ્વારા રજૂ કરે છે; ત્રીજા સ્થાને રહેલ વાણીના સ્વરૂપને આગળ વધારતાં, ચોથા સ્થાન દ્વારા કામધેનુ–વાણીના સ્વરૂપને પ્રગટ કરે છે; તેનું મૂલ સ્થાન તો આત્મા છે, જે અજ અવિનાશી હોવા

૧. અથર્વ વેદ ૭, ૧

છતાં પુત્ર તરીકે જન્મ લે છે. તે એવો પુત્ર છે, જે પોતાના પિતા અને માતાને જાણે છે, તે વારંવાર મધ–ધન સાધનનાં દાન આપે છે, તે દ્યુલોક, અંતરિક્ષ અને સ્વર્ગલોકને આવરી લે છે. તે પોતે આ વિશ્વરૂપે બને છે તેમજ સર્વરૂપ બને છે.'

આ સૂક્તમાં જો કે સ્પષ્ટ રીતે જીવાત્માનું વર્ણન નથી; પરંતુ વાણીના મૂલ સ્થાને રહેલ જીવાત્મા છે; જે જીવાત્મા બુદ્ધિનો આધાર લઈ મનનો યોગ સાધે છે. તે મન શરીરમાં રહેલ અગ્નિ સાથે અથડાય છે, તેથી વાયુને ગતિ મળે છે, તે વાયુ છાતી પર આવી મંદ્ર સ્વર રજૂ કરે છે, ત્યાંથી મસ્તકમાં અથડાઈ મુખનાં વિવિધસ્થાનોથી સ્વર વ્યંજનોવાળી વાણી પ્રગટ કરે છે; તે ચોથું સ્થાન છે. ગળામાં ત્રીજું સ્થાન, છાતીમાં બીજું સ્થાન અને નાભિમાં પ્રથમ સ્થાન છે. આમ વાણીનાં ચાર સ્થાનો છે, તેના મૂલમાં રહેલ જીવાત્મા છે; તે અજ અવિનાશી હોવા છતાં વિશ્વરૂપે દેહમાં જન્મ લે છે અને જગતના વ્યવહારો કરે છે, તેના મૂલ સ્વરૂપ વિષે અથર્વા ઋષિ જણાવે છે:

[૧] 'આ તે સદા યુવાન જીવાત્મા છે, જે અથર્વા–અવિનાશી છે, જે દેહનો પાલક પિતા છે, જે ઈંદ્રિયોમાં વસેલા દેવોનો બંધુ છે, જે માતાનો ગર્ભ છે અને પિતાનો પ્રાણ છે. અને જે પોતે યજ્ઞરૂપ બની, પોતાનાં યજન કરે છે; તે અજ અવિનાશી આત્માને જ્ઞાનીજન મનથી જાણે છે અને તેને વિષે આ લોકમાં પ્રવચન કરે છે, તે જીવાત્માને વિષે તમે જણાવો.'

અહીં જીવાત્માને સદા યુવાન હોવા છતાં, પિતાનો પણ પિતા કહ્યો છે, કારણકે તે પહેલાં જન્મ્યો છે અને હવે પછી પણ જન્મ લેવાનો છે; તે આ શરીરમાં વસીને રહેલો છે, તેનાં દર્શન કરો; તેનાં શ્રાવણ અને મનન કરો. સ્થૂલ દેહમાં વસેલો તે જીવાત્મા વિશ્વરૂપ છે, તેને જ અહીં વિશ્વકર્મા કહેલ છે, તે પ્રજાપતિ છે અને તે પશુપતિ છે. સૂક્ષ્મદેહમાં પણ તેનો વાસ છે, તે વિષે અથર્વા જણાવે છે :

[૨] 'તે જીવાત્મા છે, જે આ સ્થૂલ દેહમાં રહીને વિવિધ પ્રકારનાં કર્મ કરે છે; તે સાથે સૂક્ષ્મદેહ દ્વારા વિસ્તૃત માર્ગે ગતિ કરે છે. તે પોતાના માર્ગે પ્રકાશમાન સૂર્યરૂપ બને છે. તે જીવાત્મા મધુર માર્ગે ઉપરની ગતિ પ્રાપ્ત કરે છે અને પોતાના સૂક્ષ્મ દેહને ધારણ કરી, તે સ્વર્ગ લોકમાં સૂક્ષ્મ દેહને પ્રેરણા આપે છે.'

આ સૂક્તમાં જીવનો સ્થૂલ અને સૂક્ષ્મ દેહની સાથે સંબંધ બતાવીને તેની ઊર્ધ્વ ગતિનું વર્ણન છે. એ જીવાત્માને કોઈ જન્મ કે મરણ નથી, કોઈપણ બંધન નથી. તે તો સર્વરૂપ વ્યાપક આત્મા છે, તે વિષે બ્રહ્મા ઋષિ જણાવે છે :

[૩] 'આ જીવાત્મા છે, તે વિભુ–વ્યાપક હોવા છતાં સર્વજનોનો એકમાત્ર અતિથિ છે, તે પ્રકાશમાન દ્યુલોકનો સ્વામી છે, તેને વિશ્વના સૌ યોગીજનો વાણી દ્વારા પ્રાપ્ત

૧. અથર્વ વેદ ૭, ૨ ૨. અથર્વ વેદ ૭, ૩ ૩. અથર્વ વેદ ૭, ૨૧

કરી લે છે. તે પોતે બધાંથી પૂર્વ--પહેલાં રહેલો હોવા છતાં, નવાં નવાં શરીરોમાં નવલાં રૂપે વાસ કરે છે; તે એકજ છે, છતાં પણ તેને મેળવવા માટેના અનેક માર્ગો વિસ્તાર પામ્યા છે.'

આ દેહમાં જીવાત્મા વસ્યો છે, તો પણ તે અતિથિ છે, તે કયારે આવે અને જાય, તેની ખબર પડતી નથી. તે એક જ ચૈતન્યરૂપ છે, તો પણ યોગીજનો તેનાં વિવિધરૂપે ધ્યાન ધરે છે અને તેને વિવિધરૂપે મેળવી લે છે. માનવ પોતાના જ દેહમાં વસેલા તે જીવાત્માને ઓળખી લે, તો તેને ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે, જેથી તે પોતાના જીવનને ઉન્નત બનાવે છે, તે વિષે બ્રહ્મા જણાવે છે :

[1] 'આ તે જ્યોતિરૂપ આત્મા છે, જે વિવિધ પ્રકારના ધર્મોમાં રહે છે, તેને કવિ–જ્ઞાનીજનોની મતિ હજાર હજાર રૂપે જુએ છે. તે મહાન પ્રકાશમાન સૂર્ય છે, જે વાણીના વ્યવહારમાં રહીને ઉષાઓને પ્રેરણા આપે છે. આ કોઈ સામાન્ય ઉષાઓ નથી; પરંતુ જીવનને ઉત્તમ માર્ગે દોરી જનારી, જ્ઞાન આપનારી અને ઉત્સાહમાં વધારો કરનારી છે.'

આ સૂક્તમાં આત્માને બ્રધ્ન–વિશિષ્ટ પ્રકાશ પાથરનાર સૂર્ય કહ્યો છે, જે જ્ઞાનરૂપી સૂર્ય જીવનને પ્રેરણા આપનારી અનેક ઉષાઓને પ્રેરણા આપે છે. જેમ સૂર્ય બધે ઠેકાણે પ્રકાશ પાથરે છે, એમ જ આ જીવાત્મા પરમ જ્યોતિ બની આલોક અને પરલોકના માર્ગે ગતિ કરે છે, તે વિષે ઋષિ પ્રસ્કણ્વ જણાવે છે :

[2] 'આ તે જીવાત્મા છે, જે મર્ત્ય દેહનાં અવસાનની દશા જુએ છે, એટલું જ નહિ પણ માનવની એકેએક પ્રવૃત્તિનું નિરીક્ષણ કરે છે. તેની ગતિ શ્વેત પક્ષીની જેવી તેજીલી છે. તે જીવાત્મા પરમ જ્યોતિ બનીને જગતના સ્થૂલ માર્ગોથી પર જલ તન્માત્રાઓના સૂક્ષ્મ માર્ગે પહોંચી જાય છે અને ત્યાંથી આગળ રહેલા અતિ સૂક્ષ્મ રજ:કણોથી ભરેલા અંતરિક્ષના માર્ગે ગતિ કરે છે. તે સ્વર્ગમાં વસતા ઈન્દ્રની સાથે મિત્રતા સાધી શિવરૂપ બને છે અને બધા માર્ગો તરી તે સ્વર્ગને પ્રાપ્ત કરી લે છે. આમ તે જીવાત્મા દિવ્ય સુપર્ણ છે, જેને હજાર પગ અને સો સો ઉત્પત્તિનાં સ્થાનો છે. તે માનવોનો અન્નદાતા અને પિતૃજનોને સ્વધા આપનાર છે; તે અમને અન્યથી વસેલાં ધનસાધન આપો.'

આ સૂક્તમાં જીવાત્માની ગતિનું સુંદર નિરૂપણ છે. તે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહોમાં તેમજ પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગના લોકોમાં અપ્રતિહત ગતિ કરે છે અને સ્થૂલ દેહની જેમ સૂક્ષ્મ દેહને પણ ધારણ કરે છે, તેનું વર્ણન છે. એ જીવાત્મા અજ, અવિનાશી અને મુક્ત હોવા છતાં, દેહની મર્યાદામાં બંધાય છે, તેથી તેને સ્થૂલ કે

---

૧; અથર્વ વેદ ૭, ૨૨ ૨. અથર્વ વેદ ૭, ૪૨

સૂક્ષ્મ દેહનાં બંધન નડે છે, તે સર્વ પ્રકારનાં બંધનો લાદનાર તો રાજા વરુણ છે. ઋષિ શુન:શેપ તે બંધનથી મુક્તિ મેળવવા સ્તુતિ કરે છે :

૧ 'હે વરુણ રાજા, તારાં સોનેરી ઘર આપોદેવી—જલની તન્માત્રાઓમાં રહેલાં છે. જેણે વ્રત ધારણ કર્યાં છે, એવા તે દેવ વરુણ તેમનાં બધાં સ્થાનોથી અમને મુક્ત કરે. અમે જણાવીએ છીએ કે તેમનાં આપોદેવીનાં સ્થાનો અને તેમાં વસતા દેવ વરુણ સૌથી શ્રેષ્ઠ છે, માટે તે અમને મુક્ત કરે.

'હે વરુણ, તમે અમને ઉત્તમ, મધ્યમ અને અધમ પાશોથી મુક્ત કરો; તેમજ જે અમારા માર્ગોમાં અડચણ ઉભાં કરે છે, તેવાં દુષ્ટ સ્વપ્નો અને દુરિત—પાપોથી અમને મુક્ત કરો, જેથી અમે સુકૃત—પુણ્યશાળીઓના લોકને પ્રાપ્ત કરી લઈએ.'

આ સૂક્તના ગાનાર ઋષિ શુન:શેપ છે; તે વરુણના પાશથી મુક્ત બની, સૂક્ષ્મ દેહ સાથે પુણ્ય લોક—સ્વર્ગમાં જવાની ભાવના સેવે છે. સ્થૂલ દેહને અહીં છોડી જવાનો છે, જીવાત્મા પોતે અજર અમર છે, તેને ક્યાંય જવા આવવાનું નથી, ત્યારે શુન:શેપ આ વરુણ પાશથી છૂટી, પુણ્યલોક મેળવવા ઈચ્છે છે, તે કોને માટે, એ પ્રશ્ન જાગે છે. તેના ઉત્તરમાં આ વિચારણા જાગે છે. જે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર છે; તેના સંબંધે આવી જીવાત્મા એક પરિમિત મર્યાદામાં આવી પડે છે, તે સૂક્ષ્મ દેહ છે; જેમાં પાંચ જ્ઞાનેંદ્રિયો સાથે અંત:કરણનો સમાવેશ થાય છે; તેને વાસના દેહ કહી શકાય; જેમાં પાંચ વિષયો રૂપ, રસ, ગંધ, શબ્દ ને સ્પર્શ સાથે પાંચ તન્માત્રાઓનો સમાવેશ થાય છે.

આ ઋષિ ભૃગુએ એક યજ્ઞનાં દર્શન કર્યાં છે, જેમાં ઓદન ભાત રાંધવામાં આવે છે, જેમાં પાંચ સામગ્રીઓનાં મિશ્રાણ કરવામાં આવે છે. તે પંચૌદન છે, માટે તે યજ્ઞનું નામ પંચૌદન અજ છે. જૂના ધાન્ય કે ભાતને અજ કહેવામાં આવે છે, જે સ્વાદમાં મીઠો હોય છે. યજ્ઞ માટે પરિપક્વ યયેલ એ અજ—ઓદન કોઈ સામાન્ય ધાન્ય નથી; પણ એક દિવ્ય પદાર્થ છે' એક જ્યોતિ છે. તે પોતેજ યજ્ઞ છે અને યજમાન છે, તે પોતે જ અગ્નિ છે અને આહુતિ છે, તે પોતેજ આ લોક અને પરલોકનું સાધન છે.

અહીં પ્રાચીન ઋષિમુનિઓની એક ભાવનાનાં દર્શન થાય છે. જે કાંઈ યજ્ઞમાં વપરાય, તે અગ્નિરૂપ બને છે; જે અગ્નિ હોતા છે અને પુરોહિત છે, તે દેવોને આ યજ્ઞમાં બોલાવી લાવે છે અને યજમાનને દિવ્ય માર્ગથી તે સુકૃત—પુણ્યશાળી જનોના માર્ગે લઈ જાય છે. આ જીવનને ઉત્તમ બનાવી, દીર્ઘ જીવન પ્રાપ્ત કરી, મરણ પછીના પુણ્યલોકમાં લઈ જનાર એ અગ્નિ છે, એ દષ્ટિએ અહીં આત્મયજ્ઞની ભાવના રજૂ

---

૧. અથર્વ વેદ ૭, ૮૮

કરી છે, જેમાં જીવાત્મા પોતે જ યજ્ઞ કરે છે; તે પોતે જ યજમાન છે અને અગ્નિ છે, તે પોતેજ હવિ છે અને હોતા છે. ઋષિ ભૃગુ એ અજ—અવિનાશી જીવાત્માને ઉદ્દેશીને આ 'પંચૌદન અજ'નાં વર્ણન કરે છે:

૧ 'હે યજ્ઞરૂપ આત્મા, જે અજ જીવાત્મા છે, તેને આ ભૂમિ પર લાવો; તેના દ્વારા કર્મોની શરુઆત કરાવો. તે પરમાર્ગનો જાણકાર બને; જેથી તે પોતે સુકૃત—પુણ્યશાળી જનોના લોક સુધી પહોંચી જાય. માર્ગમાં આવતા ગાઢ અને મોટા અંધકારોને અનેક પ્રકારે તરી જાય તેમજ ત્રીજે સ્થાને રહેલા સુખરૂપ સ્વર્ગધામમાં પગલાં માંડે.

'હે અજ—જીવાત્મા, આ યજ્ઞમાં ઈન્દ્ર પોતે યજમાન છે; તેને માટે જે ભાગ રાખવામાં આવ્યો છે, તે હું તને આપું છું, કારણ કે તું સૂરિ—એ કર્મનો સર્જક છે. જે અમારો દ્વેષ કરે છે, તેમનો પરાભવ કર, જેથી અમારા યજમાનના વીરપુત્રો પાપરહિત બને. આ યજ્ઞના યજમાન અજ—જીવાત્મા છે, તેથી જે કાંઈ દુરાચરણ થયાં હોય; તે યજ્ઞનાં પગલાંથી દૂર થાઓ. ત્યારબાદ તે જાણકાર બનીને શુદ્ધ પગલાંથી આગળના માર્ગ પર ગતિ કરો, તે માર્ગમાં આવતા અવરોધોને જોતો રહે અને અંધકારના માર્ગોને અનેક પ્રકારે ઓળંગી જાય; તેમજ ત્રીજા નાક—સ્વર્ગધામમાં પગલાં માંડે.

'હે શાસક જીવાત્મા, કાળા અસ્ત્રાથી ચામડું કાપે, એ રીતે આ સ્થૂલ પાશ છેદી નાખ; તે વિષે મમતા રાખ નહિ કે દ્રોહ સેવીશ નહિ; તે દેહનાં એક એક પર્વ જુદાં પાડી નાખ અને એ રીતે ત્રીજા નાક ધામમાં પહોંચી, તે સૂક્ષ્મ દેહને ગોઠવી દે.

'હે જીવાત્મા, સુકૃત—પુણ્યના પરિપાકરૂપે સ્વર્ગલોક મળે છે, એ રીતે તારે આ અજ—ધાન્યના પાક તૈયાર કરવાના છે. જેમ મંત્ર ભણીને ઓદન પાકનો કુંભ અગ્નિ પર રાખવામાં આવે છે, તેમાં જલ સિંચાય છે અને પાક તૈયાર થતાં તેને વેદી પર રાખવામાં આવે છે, એવી જ રીતે ઓ યજ્ઞ કરનાર શાન્ત દેવો, અજ અવિનાશી જીવાત્માને આત્મયજ્ઞના અગ્નિની સાથે જોડી દો; જેથી તે અજ આત્મા પરિપકવ બનીને તે સ્વર્ગમાં પહોંચી જાય, જ્યાં સુકૃત—પુણ્યશાળી જનોના લોક છે. હે જીવાત્મા, આ સ્થૂલ દેહ એ તો, તપેલો ચરુપાત્ર છે; તેમાંથી તું તપ્યા વિનાજ ઉપરના લોકમાં પહોંચી જા, જ્યાં ત્રીજું નાક—સુખનું ધામ છે. સ્થૂલ દેહમાં રહેલ આ અગ્નિ છે; તેમાંથી જ તું બીજા અગ્નિરૂપે પ્રગટ થાય છે અને તે રીતે તું જ્યોતિરૂપ બનેલ સૂક્ષ્મ-દેહની સાથે રહીને જ્યોતિરૂપ ત્રીજા સ્વર્ગલોકને મેળવી લે.

'આ જે અજ—અવિનાશી જીવાત્મા છે, તે પોતે અગ્નિ છે. જ્ઞાનીજનો તે અજ અવિનાશી અગ્નિનેજ જ્યોતિ કહે છે, તેમજ તે જ્યોતિનાં દાન બ્રહ્મને કરવાં, જે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહમાં જીવંત—ચેતનામય છે. જે યજમાને આ લોકમાં આત્મ-

૧ અથર્વ વેદ ૯, ૫

યજન કરીને, તે અજ અવિનાશી જીવાત્માનાં દાન શ્રદ્ધાથી કર્યાં હોય છે, તે અજ અવિનાશી બધા પ્રકારના અંધકારને દૂર કરે છે.

'આત્મયજનમાં પાંચ પ્રકારના પદાર્થો સાથેના ઓદનનો પાક તૈયાર કરવાનો છે, તેના સૂક્ષ્મ રીતે પાંચ વિભાગ કરવામાં આવે છે અને તે રીતે તૈયાર થએલ પરિપક્વ અજ ઓદન પોતાના સૂક્ષ્મ દેહે ત્રણ પ્રકારનાં જ્યોતિઓ દ્વારા ત્રણેય લોકમાં ગતિ કરે છે. હે અજ, અવિનાશી જીવાત્મા, એ સૂક્ષ્મદેહે સુકૃત પુણ્યશાળી જનોનાં લોકમાં પ્રવેશ કરી, ત્રીજા નાક–સુખરૂપ સ્વર્ગમાં નિવાસ કર.

'જેમ વાઘ–સિંહથી ભયંકર શરભ પશુ દુર્ગમ માર્ગો પર ગતિ કરે છે, એમજ તે અજ–અવિનાશી જીવાત્મા સરળતાથી ઉપર ગતિ કરે છે, જ્યાં સુકૃત જનોના લોક છે, તે બ્રહ્મરૂપ ચૈતન્યને પાંચ પ્રકારનાં ઓદનનાં નૈવેદ્ય ધરવામાં આવે છે; તે બ્રહ્મ તૃપ્ત થઈને દાતાને સંતોષ આપે છે. જે દાતા યજમાન નૈવેદ્ય ધરાવે છે, તેને તે અજ અવિનાશી જીવાત્મા નાક–સ્વર્ગધામની પીઠ પર બેસાડી દે છે; જેને ત્રણ નાક, ત્રણ દ્યુલોક અને ત્રણ પૃષ્ઠ છે.

'હે પિતૃઓ, તમારે માટે તૈયાર કરેલ આ તૃતીય જ્યોતિ છે, જે આ પંચૌદન અજ બ્રહ્મને આપે છે, તે અજ અંધકારને દૂર કરે છે. યજ્ઞ કરનારા અને સારાં કર્મ કરનારા પુણ્યશાળી જનોના લોકને ઈચ્છનાર યજમાન બ્રહ્મને પંચૌદન અજનાં દાન કરે છે; તે વ્યાપક લોકને મેળવે છે; તે અમારાં દાન સ્વીકારી હિતકારી બનો.'

'તે અજ અવિનાશી જીવાત્મા છે, જે અગ્નિના શોક–પ્રકાશથી જન્મ લે છે. તે અગ્નિ વિશેષ મહત્તા રાખનાર જ્ઞાની છે, તેથી જ આ વિશેષ બુદ્ધિશાળી અજ જન્મ લે છે. સૂક્ષ્મ દેહની સાથે રહેલી ઈંદ્રિયોના અધિષ્ઠાતા દેવો તે અજ અવિનાશી જીવાત્માને માટે ઋતુ ઋતુ પ્રમાણે અનુકૂલ પુણ્ય કર્મોની વ્યવસ્થા કરજો, જે પુણ્યકર્મ આ લોકમાં કરેલાં ઈષ્ટિ–યજ્ઞો, પૂર્ત–વાવ કુવા તલાવો, અભિપૂર્ત–નાનાં કર્મો તેમજ વષટ્ કાર સાથેનાં હવન કર્મો દ્વારા પ્રાપ્ત થએલાં છે, તે અજ અવિનાશી જીવાત્માને રેશમી વસ્ત્ર, હિરણ્ય–સોનું, દક્ષિણા વગેરેનાં ફળ મળો, જેથી સૂક્ષ્મ દેહની સાથે રહેલ તે જીવાત્મા વિવિધ લોકોને મેળવી લે. જે લોકો દ્યુ–સ્વર્ગ અને પૃથ્વીની સાથે સંબંધ ધરાવે છે.

'હે અજ અવિનાશી જીવાત્મા, સોમરસ સાથેની ઘી અને મધથી ભરેલી ધારાઓ દિવ્યરૂપે તમને પ્રાપ્ત થાઓ. સાત કિરણો સાથેના સૂર્યલોક, સ્વર્ગ સાથેના દ્યુલોક અને પૃથ્વીલોક તારે માટે સ્થિર થાઓ; કારણ કે તું અજ–અવિનાશી છે, તું પોતે સ્વર્ગ–સુખરૂપ છે. તું અંગિરા–તૈજસ લોકને જાણે છે, જેને પુણ્યલોક કહે છે.

'હે અગ્નિ, જે માર્ગે તું હજાર પુણ્યશાળી જનોને લઈ જાય છે; અને તું સર્વ પ્રકારના લાભ મેળવે છે, તે માર્ગે તું આ યજ્ઞરૂપ જીવાત્માને લઈ જા, જે દેવોને વિષે

રહેલ સ્વર્ગની જ્યોતિને પ્રાપ્ત કરે છે; આ તે અજ અવિનાશી જીવાત્મા છે; જે આત્મયજ્ઞમાં પંચૌદન અજના રૂપે પરિપકવ બનેલ છે અને જે નિર્ઋતિ–વિનાશને દૂર કરે છે, તેના આધારે અમે સૂર્યના લોકો પર જય મેળવીએ.

'હે અગ્નિ, અમે આ લોકમાં યજ્ઞ કરીને, તેનાં દાન બ્રહ્મ જાણનાર વિદ્વાનોને અને પ્રજાજનોને કરીએ છીએ તેમજ યજ્ઞ માટે પરિપકવ કરેલ પંચૌદન–અજનાં દાન કરીએ છીએ, તે બધું અમને સુકૃતના લોકમાં અને સ્વર્ગના વિવિધ માર્ગોના સંગમ સ્થાને પ્રાપ્ત થાય, તે તમે જાણો.

'જેણે પંચૌદન અજના પરિપાક કરીને યજ્ઞ કરેલ છે, તેમાં સૌથી પહેલાં અવિનાશી અજ જીવાત્માએ પહેલાં પગલાં માંડયાં હતાં; તેની છાતી આ પૃથ્વી, પીઠ દ્યુલોક, મધ્યદેહ અંતરિક્ષ, પડખાં દિશાઓ, કોખ સમુદ્ર, બે આંખ સત્ય અને ઋત, વિશ્વ સત્ય, પ્રાણ શ્રદ્ધા તેમજ શિર વિરાટરૂપ બન્યાં છે. આમ સૌ પહેલાં તૈયાર કરેલ પંચૌદન અજ તે તો સાચેજ અપરિમિત યજ્ઞ ગણાય છે.'

આ સૂક્તમાં જણાવ્યા પ્રમાણે સંસારરૂપી વૃક્ષપર વાસ કરનાર અને તેનાં કડવાં–મીઠાં ફલ ચાખનાર આત્માને અજ કહેલ છે, જે પાંચ વિષયોરૂપી યજ્ઞની સાધન સામગ્રી–ઓદનના પરિપાક કરી, સ્થૂલ અને સૂક્ષ્મ દેહમાં વાસ કરે છે. આજ વૃક્ષપર નિવાસ કરનાર બીજો આત્મા છે, જે સંસારમાં આસક્ત થતો નથી. આ સૂક્તમાં અજ શબ્દ આત્મા, જ્યોતિ, અગ્નિ, જ્ઞાની, યજ્ઞ વગેરેના અર્થમાં વપરાયો છે. જે પાંચ જ્ઞાનેંદ્રિયો છે, તે રૂપ, રસ, ગંધ, શબ્દ ને સ્પર્શનાં વિષયોનાં ફલ ભોગવે છે અને તે સૂક્ષ્મ દેહની સાથે જીવાત્માને અનુસરે છે.

આ સૂક્ત 'બ્રહ્મૌદન અજ' તરીકે પ્રસિદ્ધ છે, એજ પ્રમાણે અગિઆરમા કાંડનું પહેલું સૂક્ત પણ 'બ્રહ્મૌદન' નામે પ્રસિદ્ધ છે, તે પણ આ સંદર્ભમાં ઉપયોગી છે.

આત્મા શબ્દ પણ આધિભૌતિક સ્થૂલ દેહ વિષે, આધિદૈવિક અગ્નિ વિષે તેમજ આધ્યાત્મિક મન વિષે વપરાય છે. સ્થૂલ, સૂક્ષ્મ અને લિંગ–કારણ એ ત્રણ દેહો છે, તેમની મર્યાદાઓ સ્વીકારી જીવાત્મા આ લોક અને પરલોકની ગતિ કરે છે. પાપ અને પુણ્ય, સુખ અને દુ:ખ, રાગ અને દ્વેષનાં દ્વંદ્વોમાં રમમાણ થઈ, તે નીચી–ઊંચી ગતિ ભોગવે છે. તે વ્યાવહારિક દ્રષ્ટિએ જોવામાં આવે, તો અહીં ફક્ત પુણ્યશાળી જીવાત્માએ પ્રાપ્ત કરેલ સ્વર્ગલોકની ગતિનાં વર્ણન છે: પાપને વશ થઈ, નરકની યાતના ભોગવનાર જીવાત્માની અધમ ગતિનાં વર્ણન પણ આ વેદમાં જોવા મળે છે,

અથર્વવેદમાં રજૂ થતી એ તત્વચર્ચાને સારરૂપે આ નવીન વિચારક રજૂ કરે છે :

[1] 'અથર્વવેદના ઉપદેશનું લક્ષ્ય, તે માનવે પ્રાપ્ત કરેલું દીર્ઘજીવન અને તેથી

---

૧. ધી રિલિજ્યન એન્ડ ફિલસુફી ઓફ ધી અથર્વવેદ બાય ડો. એન. જી. શેન્ડે પૃષ્ટ ૨૨૧

મળતા સુખના લાભ મેળવી લેવા અને તે માટે પૂરેપૂરા પ્રયત્ન કરવા. બ્રહ્મલાભ પણ પૂરેપૂરા અમૃત જીવનની ખાત્રી આપે છે. આ લોક જ અમૃત જીવનનો લોક છે; જેનો ભાવ છે કે, જીવનને પૂરેપૂરી રીતે મહાણી લેવું (અથર્વ ૮, ૧, ૧). આમ માનવે પોતાના જીવનમાં મળતા પૂરેપૂરા લાભ લાંબા કાળ સુધી ભોગવી લેવા; તેને માટે અથર્વવેદના ઋષિઓએ વાજીકરણ અને ઔષધના ઉપાયો અજમાવી જોયા છે : એ સુખભોગને માટે માનવને જ્ઞાનેંદ્રિયો મળી છે, જેમાં દેવોના નિવાસ છે : આંખના દેવ સૂર્ય, કાનના અંતરિક્ષ, શરીરનાં પૃથ્વી, વાણીનાં સરસ્વતી, પ્રાણ અને અપાનના વાયુ; જેના સાત વિભાગ છે અને મનના બ્રહ્મ દેવો છે. (અથર્વ ૫, ૧૦, ૮) આ શરીરમાં જે હૃદય છે, તેના ધબકારા તપાસી જોયા છે (૯, ૮, ૨૨) જ્યારે મનુષ્ય મરણ પામે છે, ત્યારે તેના પ્રાણ અને અપાન શરીરથી બહાર નીકળી જાય છે. પહેલા પ્રાણ જાય છે, જે શરીરનાં અંગોમાં વીંટળાએલા હોય છે, પછી તે સ્વર્ગે જાય છે (૨, ૩૪, ૫). જે આ પ્રાણ છે, તેથી જીવનનો નિશ્ચય થાય છે, માટે તેને અસુ કહેવામાં આવે છે. (૫, ૩૦, ૨) તે પ્રાણના વધારાનું સૂચન છે (૮, ૧,૧–૨) આ દેહની અંદર પણ એક ભાગ છે, જેને અંતરાત્મા : અંદરનો આત્મા કહે છે; જેને શારીરિક ધર્મોની અસર થાય છે. આથી તેને જીવંત પ્રાણ પણ કહે છે (૯, ૮, ૯) માણસ મરણ પામતો હોય; તો તેને ઊંડા અંધારામાંથી પાછા લાવવા માટેના ઉપાયો અથર્વવેદમાં બતાવેલા છે. પહેલાં તેના પ્રાણ પાછા આવે છે; પછી મન, આંખ, બલ અને ચેતન (૫, ૩૦, ૧૨–૧૩) તે તમથી જ્યોતિ પર ચઢે છે (૮, ૧, ૮, ૧૩)તેના અસુ– જીવનનો આત્મા તેનાં જીવન પાછાં લાવે છે. તેનાં આત્મા, આંખ, કાન અને જીવનને પૂર્ણ બનાવે છે. (૧૯, ૫૧, ૧) તેનાં મન (જેને બ્લૂમફીલ્ડ આત્મા કહે છે) તે તેની વિવિધ ઈચ્છાઓ સાથે અનુકૂળતાએ ઉડી જાય છે (૬, ૧૦૫, ૧) આમ અથર્વના ઋષિઓના મતાનુસાર બધી ઈંદ્રિયો અને દેહ પૂર્ણપણે દીર્ઘ જીવન મેળવે છે અને સો વર્ષનાં જીવન તેજ અમૃત તત્ત્વ ગણાય છે. (૮, ૨, ૧૩)

અથર્વવેદના ઋષિઓ ' બ્રહ્મ, હિરણ્ય, સત્, અસત, આત્મા, અસુ, મન, તપ, લોક, સ્વર્ગ અને અમૃત જેવા શબ્દોના પ્રયોગ કરે છે, જેનું મહત્ત્વ ઉપનિષદમાં રજૂ થતા તત્વજ્ઞાનની વિચારણા માટે વિશેષ ઉપયોગી ગણાય. આ ઋષિઓએ બ્રહ્મને એક અદ્ભુત ચમત્કારિક શક્તિરૂપે વર્ણવેલ છે, જે જગતનાં સર્જન અને પાલન કરવાનું સામર્થ્ય ધરાવે છે. હિરણ્યગર્ભથી આ વિશ્વનાં સર્જન થયાં છે; જેની સાથે પ્રજાપતિ, સવિતા, આપોદેવી, વ્રાત્ય, બ્રહ્મચારી વગેરેનો સમાવેશ છે. તે બ્રહ્મનાં રૂપો છે અને તેથી સર્જન કરી શકે છે. સો વર્ષ સુધીનાં દીર્ઘ જીવન મેળવવાં તે અમૃત ગણાય છે. જરા મૃત્યુ કુદરતી છે; પણ જે અપમૃત્યુ છે, તેને ઉપાયોથી ટાળી શકાય છે. આ જીવનમાં કરેલ ઈષ્ટાપૂર્ત સ્વર્ગ અને જ્યોતિર્લોકમાં પુણ્યરૂપે પરિણામ પામે છે.

## ૨
## યમ અને પિતૃલોક

જન્મ અને મરણ એક અદૃશ્ય શક્તિને હાથ છે, જેની ખબર પડતી નથી. વેદના વામદેવ અને પુરાણના શુકદેવ: તેમને જન્મની ખબર પડી ગઈ અને તેમણે એ શક્તિને જણાવી દીધું કે, 'અમે તારા હાથની કઠપુતળી નથી; તે તું નચાવે એમ નાચીએ. અમે અમારી રીતે જન્મીશું અને જીવીશું.' ને સાચે જ, તે પોતાની રીતે જન્મ્યા, જીવ્યા અને મરણ પામ્યા. તેમને મરણ પામ્યા તો ન કહેવાય; ભલે તેમનો સ્થૂલ દેહ ન હોય, પણ તે અજર અમર બની ગયા. એવા જ એક ઋષિ ભરદ્વાજ થઈ ગયા. તેમને મરણની ખબર ન હતી અને તે મરણને વશ પણ ન થયા. સો વર્ષ પૂરાં થયાં ને મૃત્યુ જાતે તેને તેડવા આવ્યું; તેને કહી દીધું; 'ભલા, તમને કોણે બોલાવ્યા છે? મારે તો વેદ ઉકેલવા છે ને તેમાંથી ઊંચે આવું, ને તમને યાદ કરું, ત્યારે તમારે આવવાનું. અહીં મરવાની ફુરસદ ક્યાં છે?' અને મૃત્યુ ખાલી હાથે પાછું ગયું, બીજાં સો વર્ષ ગયાં ને મૃત્યુને આવી પાછા જવું પડ્યું; ત્રીજાં સો વર્ષ પૂરાં થયાં ને ઋષિએ કહ્યું : 'હાશ, હવે મરવાની ફુરસદ છે,' પણ મૃત્યુ ક્યાં? એ દેખાયું નહિ, તો તેને શોધી કાઢ્યું અને મૃત્યુને વધાવી લીધું.

આજે તો ભલા, સવારે ઊઠતાં જ છીંક આવે, તે બીક લાગે, ક્યાંક મરણ આવશે? કશુંક અથડાયું કે અકસ્માતનો

ભય ઘર કરીને જ બેઠો હોય અને રોગોથી તો કેટલા બધા ડરીએ છીએ ? આજ આપણે તો મૃત્યુની કઠપૂતળી જ બન્યા છીએ અને બધા જ રોગના ભોગ બની વહેલા મોડા તેને હાથ પડીએ છીએ. ભીષ્મે મરણ રોકી રાખ્યું, વિદુરે સામેથી માંગી લીધું, અંધ ધૃતરાષ્ટ્રે પણ દાવાનળનાં પ્રવેશ કર્યો. પથારીએ પડયો ને મર્યો; એવો દાખલો પહેલાં તો જડે જ નહિ. હાં, એમ સંભળાય છે કે, પહેલાં માનવીને મરતાં નહોતું આવડતું, પણ તેને જીવનનો કંટાળો પણ નહિ. જીવન છે, તો જીવી જાણીએ; તેનો આનંદ, પણ મરવાનું આવે તો ? મરણ આવે જ નહિ; એવો એક યુગ હતો. એ પહેલો મર્ત્ય માનવ; તેણે મરવાનું શોધી કાઢયું; તેનું નામ યમ. તેણે મરીને બીજો લોક શોધી કાઢયો અને ત્યાં તેણે નિવાસ કર્યો, તે પિતૃલોક. ત્યાંનો તે રાજા અને તેની સાથે પિતૃઓ વસે. માનવમાં જે મરે, તેને ત્યાં જવાનું; પણ તેણે પુણ્ય કર્યાં હોવાં જોઈએ. બાકીના માનવીઓનું શું ? તેમનાં જન્મ અને મરણ : આવાગમન ચક્રની જેમ ફરતાં જ રહે. પેલી કઠમાંકડી જોઈ ? બીજા ખડ પર પહેલાં પગ મૂકે, પછી પાછળના પગ ઉપાડે, એમજ બીજા દેહમાં જાય, પછી જ આ દેહ છોડી દે. તે વચ્ચેનો અંતરાળ કાળ કેટલો ? તે ઘડીનો હોય કે વર્ષનો, તે દરમિયાન તેનો વાસના દેહ હોય, તે સૂક્ષ્મદેહ સાથે રહે ને સ્થૂલદેહ છૂટી જાય. એ સ્થૂલ-દેહ પણ માનવીનો ને ? તેને રખડતો કેમ મુકાય ? તેને સંસ્કાર અપાય; તેના દાહ થાય, તેના અવશેષ સચવાય, તેની પાછળ શ્રાદ્ધ થાય, તર્પણ થાય ને તેનાં પુણ્યની યાદી સચવાતી રહે, એ માટે વેદના અથર્વા ઋષિ પિતૃઓનો મહિમા ગાય છે :

૧ 'પિતૃલોકમાં વસેલા આ તે પિતૃઓ છે, જે સોમરસની સાથે સંબંધ ધરાવે છે; જે અવર–હલકા, પર–ઊંચા અને મધ્યમ લોકોમાં વાસ કરે છે અને જે કોઈ પ્રાણીઓની હિંસા કરતા નથી; તે ઊંચા સ્વર્ગલોકને મેળવી લે તેમજ ત્યાં વસીને અસુ–પ્રાણને ધારણ કરે. ઋત–યજ્ઞના રહસ્યને જાણનાર તે પિતૃઓ અમારાં હવન–યજ્ઞોમાં આવીને રક્ષણ કરે. જેમની પાસે સારાં ધન સાધન છે, એવા પિતૃઓનાં પદ તેમજ વિષ્ણુનાં સુદૃઢ પગલાંને અમે સારો રીતે જાણી લઈએ. આ તે પિતૃઓ છે, જે દર્ભના આસન પર બેઠેલા છે અને સ્વાહા મંત્રની સાથે તૈયાર કરેલ સોમરસનાં સેવન કરે છે, તે પિતૃઓ અમારા યજ્ઞમાં આવી પહોંચો. જે પિતૃઓ આ પહેલાં પિતૃલોકમાં ગયા છે, જે તેમના પછી ગયા છે, જે પૃથ્વીસંબંધી રજકણોના માર્ગે ઉપર જઈ રહ્યા છે, તેમજ જે બલવાન પ્રજાજનોમાં વાસ કરે છે, તે પિતૃઓને અમારા નમસ્કાર હો.

'જેમ માતલી ઈન્દ્ર કવ્ય–સ્તોત્રમાં ભણાતી સ્તુતિઓથી અને બૃહસ્પતિ ઋચા-

---

૧. અથર્વ વેદ ૧૮, ૧, ૪૪–૫૨

ઓમાં ભણાતી સ્તુતિઓથી વૃદ્ધિ પામે છે, એમ જ યમરાજ અંગિરાઓ નામના ઋષિઓએ ભણેલા મંત્રોથી વધે છે, જે અંગિરાઓએ પિતૃપદ મેળવી યમની સાથે પિતૃલોકમાં વાસ કરેલ છે. દેવોએ જેમની વૃદ્ધિ કરી છે અને જેમણે દેવોની વૃદ્ધિ કરી છે; તે પ્રકારના પિતૃઓ અમારાં હવનોમાં આવી અમારી વૃદ્ધિ કરો. 'સાચે જ, આ સોમરસ સ્વાદિષ્ટ છે, મધુર છે અને તીવ્ર તેજદાર છે. તેનાં જેણે પાન કર્યાં છે, તે ઈન્દ્રને યુદ્ધના આહવ-પડકારોને કોઈ સહન કરી શકતું નથી.

'જ્યાં યમ રાજા તરીકે નિવાસ કરે છે; તે આ વૈવસ્વત–પિતૃલોક છે; જ્યાં ઘણા પ્રજાજનોનો સંગમ થાય છે; આ લોક વિશાળ અને ઊંચા મહી–પ્રદેશોથી પણ આગળ રહેલ છે અને જ્યાં ઘણા લોકોએ જવાના માર્ગો પસાર કરેલા છે, તે યમરાજાનાં હવિદાનથી પૂજન અર્ચન કરો. જે આ પિતૃલોક છે, ત્યાં જવાના અમારા માર્ગને સૌથી પહેલાં યમરાજે જાણી લીધો છે; તે માર્ગ કાંઈ ગવ્યૂતિના–ગણિતના માપદંડથી ભરી શકાય એમ નથી; એ લોકમાં આપણા પહેલાંના પિતૃઓ ગએલા છે; તે લોકમાં જવાના માર્ગોને જે લોકો જાણે છે, તે લોકો ત્યાં જવાના માર્ગોને અનુકૂળ બનાવી દે છે.

'જે પિતૃઓ બર્હિ–દર્ભનાં આસન પર બેઠેલા છે, તે અમારાં રક્ષણ કરો; અમે તમારે માટે હવિઓ તૈયાર કર્યાં છે, તેનાં સેવન કરો. તમે અમારે માટે કલ્યાણકારી સાધનો લેતા આવો; જેથી તમે અમને પાપરહિત આચરણ, કલ્યાણકારી માર્ગ અને દુ:ખરહિત સાધન આપો. યજ્ઞમાં આવેલ જે વિશ્વેદેવો સાથેના પિતૃઓ છે, તે જમણા પગની ઘુંટણ ટેકવી હવિની આહુતિઓ લે છે. તે પિતૃઓ અમારી કોઈની હિંસા કરે નહિ. જો કે માનવ સ્વભાવ–પુરુષતાને વશ થઈ, અમારા કોઈ દોષ થઈ જાય; તે વિસરી જાય.'

આ કાંડના પહેલા પર્યાયની શરૂઆત 'યમ યમી સંવાદ' થી કરી છે; જેની વિચારણા આ પછીના ત્રીજા પ્રકરણમાં કરી છે, તે પછી પિતૃઓ વિષેનાં વર્ણન છે, જેની સાથે સરસ્વતીનાં પણ વર્ણન છે. આ સરસ્વતી તે પિતૃઓની સાથે વસનારી જણાવી છે. તે પછી અહીં યમનાં માતા–પિતા સાથેનાં વર્ણન છે :

સૂર્ય વિવસ્વાનની સાથે ત્વષ્ટા વિશ્વકર્માની પુત્રી સૂર્યાનાં લગ્ન થયાં હતાં; તે સૂર્ય વિવસ્વાનથી વિશ્વના લોકોનાં સર્જન થયાં છે, તે વિષે આ ઋષિ જણાવે છે :

[1] 'ત્વષ્ટા પ્રજાપતિએ પોતાની પુત્રીના વહતુ–વિવાહ કર્યા; તેથી તો આ બધાં લોક ભેગાં થયાં છે. જેના વિવાહ–લગ્ન કરવામાં આવ્યા છે, તે યમની માતા બની, પછી તો મહાન વિવસ્વાનની પત્ની તરીકે તે મટી ગઈ અર્થાત્ પરાક્રમી પુત્રને લીધે તે પ્રસિદ્ધ થઈ અને યમની માતા રૂપેજ તે જાણીતી થઈ.

'હે જીવાત્મન્, જે પિતૃલોકમાં આ પહેલાં અનેક પિતૃઓ ગયા છે; તેમના તે

---

૧. અથર્વ વેદ ૧૮, ૧, ૫૩–૬૧

માર્ગો પહેલેથી ઘડાએલા છે, તે માર્ગોએ તમે ગમન કરો. તે પિતૃલોકમાં બે રાજાઓ યમ અને વરુણ છે, જે યજ્ઞમાં આપેલાં સ્વધા સાથેનાં હવિથી રાજી થાય છે. ત્યાં તું દેવ યમ અને વરુણનાં દર્શન કરશે. પિતૃલોકમાં જવાના માર્ગોએ આડે આવતાં સંકટો દૂર થાઓ, માર્ગથી હટી જાઓ, દૂર દૂર સરી જાઓ. પહેલાંના પિતૃઓએ આ માર્ગો મરીને ઉપર જનાર પુણ્યશાળી જન માટે તૈયાર કર્યા છે. આ લોકમાં રાતેને દિવસે જે ખાનપાન મળે છે, તે બધાં ખાનપાન તો યમરાજે ઉપર જનાર માટે બંધ કરી દીધાં છે: અર્થાત્ ત્યાં રાત કે દિવસ નથી અને સ્થૂલ ખાનપાનના પદાર્થ નથી.

'હે અગ્નિ, પિતૃલોકની ઈચ્છા કરનાર અમે યજમાન આ યજ્ઞમાં તારી સ્થાપના કરીએ છીએ તેમજ સમિધાઓથી તને વિશેષ સમિદ્ધ—પ્રદીપ્ત કરીએ છીએ. અમારી ભાવના પ્રમાણે કામના કરનાર ઓ અગ્નિ, હવિનાં ભક્ષણ કરવા માટે તમે પ્રકાશ પાથરનાર પિતૃઓને બોલાવી લાવો. અમારા જે અંગિરા નામના પિતૃઓ છે, તે નવાં નવાં રૂપ ધારણ કરે છે તેમજ જે અથર્વા અને ભૃગુ નામના પિતૃઓ છે, તે સોમરસનાં પાન કરે છે, તે બધા પિતૃઓ અમારા યજ્ઞમાં આવે; જેથી અમે તેમનાં શુભકારી સંકલ્પોમાં વસી જઈએ. હે દેવ યમ, વિવિધ રૂપવાળા અને યજ્ઞમાં ભાગ લેતા તે અંગિરા પિતૃઓની સાથે તમે અમારા યજ્ઞમાં આવો અને હવિથી રાજી થાઓ. તમારા જે વિવસ્વાન પિતા છે, તેમને અમે આ યજ્ઞમાં બોલાવીએ છીએ, તે આ દર્ભાસન પર બિરાજે.

'હે યમ, અમારા યજ્ઞના આ વિસ્તૃત આસન પર બેસો. અમારા અંગિરા નામના પિતૃઓએ તમને જાણી લીધા છે. કવિના પ્રશંસા પામેલા મંત્રો દ્વારા અમે તમને બોલાવીએ છીએ. હે રાજન્, તમે આ હવિથી આનંદ પામો. આ તે અંગિરા નામના પિતૃઓ છે, જે આ લોકથી જ ઉપર ગયા છે અને દ્યુલોકની પીઠ પર ચઢેલા છે. ભૂમિ પર વિજય મેળવનાર અંગિરા નામના પિતૃઓ જે માર્ગે દ્યુલોક ગયા છે, તે જ માર્ગોએ અમે જઈએ.'

તે પિતૃલોકમાં પિતૃઓની સાથે યમ વાસ કરે છે અને તે ત્યાંનો રાજા છે, તેને પ્રસન્ન કરવા હવન કરવામાં આવે છે અને મરણ પછી સૂક્ષ્મ દેહની સાથે જીવાત્મા તે માર્ગે ગતિ કરે, તેને સાચવીને લઈ જવા માટે સ્તુતિ કરવામાં આવે છે. માર્ગમાં યમના દૂત બે શ્વાન મળે છે, તેમની પણ સ્તુતિ કરવામાં આવી છે; સાથે અનેક પ્રકારનાં પરાક્રમ અને પુણ્યનાં કામ કરનારા લોકો પિતૃલોકમાં જાય છે, તેમનો પણ નિર્દેશ કર્યો છે:

[1] 'યજ્ઞમાં આવેલ યમને માટે આ સોમરસ ગતિ કરે છે; યમને માટે યજ્ઞમાં હવિર્દ્રવ્ય તૈયાર થાય છે. જેનો દૂત અગ્નિ છે અને જે અનેક રીતે શણગારવામાં

---
૧. અથર્વવેદ ૧૮, ૨, ૧–૧૦

આવેલ છે. તે આ યજ્ઞ યમ સાથે સંગત થાય છે. ઓ મર્ત્યલોકના માનવીઓ, યમને માટે વિશેષ મધુર હવિની આહુતિઓ આપો અને પિતૃલોકમાં પ્રતિષ્ઠિત થાઓ. જેમણે અમારે માટે અનેક માર્ગો તૈયાર કર્યા છે, જે અમારા પહેલાં ઘણા કાલે જન્મ્યા છે અને જે પહેલાં પિતૃલોકમાં પહોંચી ગયા છે, તે પિતૃઓને ઋષિઓના રૂપે અમે પ્રણામ કરીએ છીએ.

'ઓ મર્ત્યલોકના માનવીઓ; તે યમરાજાને હવિની આહૂતિઓ આપો, જે હવિ ઘીથી મિશ્ર એવાં દૂધથી બનેલાં છે. અમને વિશેષ જીવન મળે તેમજ સૌ જીવોમાં ઉત્કૃષ્ટ સ્થાન મળે, તે માટે તે યમ અમને દીર્ઘ જીવન આપો.

'હે શ્મશાનના અગ્નિ, જે જીવાત્મા પ્રેત—આ લોકમાં સ્થૂલ દેહ છોડીને સૂક્ષ્મ દેહની સાથે ચાલ્યો ગયો છે, તેના સ્થૂલ દેહને પૂરેપૂરો બાળી નાખીશ નહિ, તારી જ્વાળાઓ તેને વધારે પડતી લાગે નહિ. તેની ચામડી તૂટી ફૂટી જુદી પડે નહિ; અર્થાત્ તે દેહને એક સરખી આગ લાગે, તે રીતે અગ્નિદાહ થાય. હે જાતવેદસ અગ્નિ, જ્યારે તેનો અગ્નિદાહ પૂરેપુરો થઈ જાય અને તેનો કોઈ ભાગ કાચો રહે નહિ, ત્યારે તેનો પ્રેત—સૂક્ષ્મદેહ પિતૃઓને સોંપી દઈએ. સ્થૂલ દેહ છૂટી જતાં, એ પ્રેતના સૂક્ષ્મ દેહને અસુ—પ્રાણ કે જીવાત્મા દોરી જાય છે અને તે સૂક્ષ્મ દેહ દેવોને વશ બને છે.

'પિતૃલોકમાં વસેલ તે યમ છે, જે વિશાળ રીતે દેવો અને પિતૃઓ પર નિયમન કરે છે. તે યમને રાજી કરવા સોમયાગ કરવામાં આવે છે, ત્યારે સોમરસ ત્રણ કદ્રુક—ઘડાઓમાં ભરાય છે અને તેની ધારાઓ છ છ ના વિભાગમાં બહાર પડે છે. તે સમયે ત્રિષ્ટુપ, જગતી, ગાયત્રી વગેરે છંદોમાં મંત્રો ભણાય છે; તે મંત્રોથી વિશેષ સ્નિગ્ધ થએલ સોમરસ યમને સમર્પિત થાય છે.

સ્થૂલ દેહ છૂટી જતાં, સૂક્ષ્મ દેહની ઇંદ્રિયો તે દેવો દ્વારા પિતૃલોકમાં જાય; એ ભાવનાથી ઋષિ સ્તુતિ કરે છે : 'હે પ્રેત, આંખ દ્વારા તું સૂર્ય પાસે જા. આત્મા—પ્રાણ દ્વારા વાયુ પાસે જા; પોતપોતાના ધર્મ-ધારણાઓથી દ્યુલોક, પૃથ્વી અને જલોના દેવો પાસે જા; તેમજ સૂક્ષ્મ શરીરનાં અંગોથી ઔષધિ-વનસ્પતિઓના દેવ પાસે જા. એ રીતે જે જે હિતકારી હોય અને જેની સાથે સંબંધ હોય; તેમની પાસે પહોંચી જા.

'હે દેવ અગ્નિ, આ પ્રેત—સૂક્ષ્મ દેહની સાથે જોડાએલ જે ભાગ અજ છે; તે જીવાત્મા છે, તેનો સૂક્ષ્મ દેહની સાથે સંબંધ ચાલૂ રહે, એ રીતે તું તપથી તપાવ; તેમજ તારાં જે શોચિ—પ્રકાશ છે, અર્ચિ— જ્વાળાઓ છે તેમજ બીજા જે શિવ—કલ્યાણકારી અવયવો છે, તે તપતાં રહો અને તારાં તે હિતકારી કિરણો દ્વારા સૂક્ષ્મદેહ સાથેના જીવાત્માને સુકૃત—પુણ્યશાળી જનોના લોકમાં લઈ જા.

'હે જાતવેદસ્ અગ્નિ, તારી સ્થૂલ અને સૂક્ષ્મ બે પ્રકારની જ્વાળાઓ છે;

તેમાંની સૂક્ષ્મ જ્વાળાઓ સૂર્યનાં કિરણો સાથે ભળી જાય છે; તે શોચિ શુદ્ધ અને રંહિ–વેગીલી જ્વાળાઓથી તું દ્યુલોક અને અંતરિક્ષને ભરી દે છે. તારી તે જ્વાળાઓ પિતૃલોકમાં સૂક્ષ્મદેહની સાથે જતા જીવાત્માની સાથે સંગત થાઓ. જેથી તેને માર્ગમાં સરળતા થાય. હવે જે સ્થૂલ જ્વાળાઓ શ્મશાનના અગ્નિમાં રહેલી છે, તે કલ્યાણકારી જ્વાળાઓથી સ્થૂલ દેહને સારી રીતે પરિપક્વ કરી દે. તે સૂક્ષ્મ દેહ સાથેના જીવાત્માને પિતૃલોકમાં રહેલા પિતૃઓની સાથે જોડી દે. યજ્ઞમાં પિતૃઓની સાથે તને બોલાવવામાં આવે છે અને તને સ્વધા સાથેની આહુતિઓ મળે છે. હવે જેને શેષ–પુણ્યનાં ફળરૂપે પિતૃલોક પ્રાપ્ત થયેલ; તે જીવાત્મા પણ પ્રેત મટી પિતૃરૂપ બને છે: તે પિતૃરૂપે શેષ જીવન સ્વર્ગમાં ભોગવે અને ત્યાં તે સુવર્ચા–તેજસ્વી જ્યોતિરૂપ બનીને સૂક્ષ્મ દેહની સાથે સંગત થાય.'

માનવનું આ જીવન ગમે તેટલું લાંબુ હોય, તો પણ તેનો અંત આવવાનો છે, માટે તેને અ–શ્વ–ત્થ– આવતી કાલ સુધી નહીં રહેનાર કહે છે; તેને શ્વોભાવ–આવતી કાલ સુધીના અનિત્ય ભોગો માટેનું સાધન કહેલ છે, હવે અહીં શ્વાન કૂતરાની ઉપમા આપી છે, તે પણ શ્વા–આવતી કાલ સુધી ન–નહીં ટકનાર કહેલ છે, તે વિષે વિચારવા જેવું છે. આ બે શ્વાન યમના દૂત, સરમા શુનીના પુત્ર અને વિવસ્વાન–સૂર્ય સાથે સંબંધ જોડનાર વૈવસ્વાન–કુલમાં પેદા થયેલ કહ્યા છે. વેદમાં રજૂ થતી ઉપમાઓમાં આ એક ઉત્તમ નમૂનો છે. આની તુલનામાં બીજી એક ઉપમા છે: 'એક પુરુષ વસ્ત્ર વણે છે, તેના તાણા પકડનાર ધોળી નારી અને વાણા પકડનાર કાળી નારી અને ગુંઠા પકડનાર છ બાલકો છે.' એમાં કાલપુરુષ વર્ષરૂપી વસ્ત્ર વણે છે, તેમાં તાણાવાણા પકડનાર રાત અને દિવસ નારીઓ તેમજ છ બાલક તે છ ઋતુઓ છે; એજ રીતે યમના આ બે દૂત શ્વાન, તેમાંનો કાબરચીતરો તે દિવસ અને કાળો તે રાત્રિનો કાળ છે. સરમા તે કાલની શીઘ્ર ગતિ છે. માણસ જન્મ લે, ત્યાંથી મરણ સુધી દિવસ રાત વળગેલા રહે છે; તે મરણ પાછી છોડી જાય છે, જે સૂક્ષ્મદેહને પિતૃલોકમાં જવાનું છે. ત્યાં રાત દિવસ નથી; ગ્યાં કોઈ કાલ ગણના નથી; તે બે યમના શ્વાન સૂક્ષ્મ દેહની ગતિમાં અંતરાય ઉભા ન કરે, એ ભાવે અહીં ત્રણ મંત્રો રજૂ થયા છે :

[૧] 'સૂક્ષ્મ દેહની સાથે પિતૃલોકમાં જનાર ઓ જીવાત્મા; તારે જે આગળના માર્ગે જવાનું છે, ત્યાં યમના બે દૂતો શ્વાનથી બચીને જજે: એ બે શ્વાનો સરમા કુતરીના પુત્રો છે, તેમને ચાર ચાર પ્રહરના રૂપે ચાર આંખો છે અને તે કાબરચીતરા વર્ણના છે. તે બંનેથી છૂટીને તું આગળ હિતકારી માર્ગે જા. યમરાજની સાથે વસીને જે પિતૃઓ આનંદ કરે છે, તે પિતૃઓની પાસે પહોંચી જા.

૧. અથર્વ વેદ ૧૮, ૨, ૧૧–૧૩

'હે રાજા યમ, તમારા દૂત જે બે શ્વાન છે, તે તો રક્ષણ કરનારા, ચાર આંખોવાળા, યમલોકના માર્ગે બેઠેલા અને મનુષ્યોની ગતિને જોનારા છે; તે બંનેથી આ સૂક્ષ્મ દેહ સાથે રહેલા જીવાત્માનું સ્વસ્તિ કલ્યાણ થાઓ; જેથી તે આ મૃત્યુ લોકમાં નીરોગી આરોગ્ય મેળવે.'

માનવે આ જીવનમાં જે પ્રકારનાં પુણ્ય કર્મ કર્યાં હોય; તે પ્રકારે તેને મરણ પછીના પુણ્યલોક મળે છે. વિશેષ રીતે યજ્ઞ, તપ, વીરતા, દાન અને ઋત–સત્યનાં આચરણ કરનાર જીવાત્મા પ્રેત–આ લોકથી વિદાય લઈ, પુણ્યલોક મેળવે, તે યમની સ્તુતિ કરે છે :

[1]'હે યમરાજ, અમુક યજમાન દેવો માટે સોમરસ પવમાન તૈયાર કરે છે; અમુક યજમાન ઘીની આહુતિઓ આપે છે અને અમુક યજમાન મધુર–મીઠાં હવિ તૈયાર કરે છે. એ રીતે સોમયાગ, અગ્નિહોત્ર અને ઈષ્ટિયાગ કરીને, જે પુણ્યલોક મેળવે છે; તેમજ આ પહેલાં જે પૂર્વજ પિતૃઓએ તપ કરીને તપથી પેદા થએલ પુણ્યલોક મેળવી લીધા, તે પુણ્યલોકમાં આ પ્રેત–જીવાત્મા ગતિ કરે. આ પહેલાં જેમણે તપ કરી અનાધૃષ્ય–દૃઢ ગતિ મેળવી લીધી, જેમણે તપથી સ્વર્ગ મેળવી લીધા અને જેમણે મોટાં મોટાં તપ આચર્યાં છે; જે શૂરવીર જનોએ યુદ્ધભૂમિમાં પરાક્રમ કરીને દેહ છોડી દીધા છે; જેમણે હજાર હજાર દક્ષિણાઓ આપી છે, જે કવિજનોએ હજાર પ્રકારની નીતિઓ ઘડી છે; તે બધા વિવિધ પ્રકારે તપ કરનાર ઋષિઓને તપથી પેદા થએલા પુણ્યલોક મળે, તે આ પ્રેત–જીવાત્માને મળી રહો.'

પ્રેત જીવાત્મા સ્થૂલ દેહ છોડી જાય અને સૂક્ષ્મદેહની સાથે પિતૃલોકમાં ભળી જાય, પછી તે પિતૃ ગણાય છે. આમ પ્રેત તે ભૂત કે પ્રેત ગણાય; તે સ્થૂલ દેહ છોડી જનાર માટે વપરાય છે. ભૂતયોનિ કે પ્રેતયોનિ વિષેનો નિર્દેશ ખાસ જોવાને મળતો નથી. હવે તે તે પ્રેતના સ્થૂલ દેહને શ્મશાનભૂમિમાં લઈ જાય અને અંત્યેષ્ટિ--અગ્નિદાહ કરવામાં આવે, ત્યારે ભણવાના કેટલાક મંત્રો અહીં આપ્યા છે, તેમાં પ્રેત–જીવાત્માની સાથે સૂક્ષ્મ દેહના રૂપે ઇંદ્રિયો વગેરે પુણ્યલોકમાં જાય અને ત્યાં તે પ્રેત પિતૃલોકમાં ભળી જઈ, પિતૃ ગણાય; તે વિષેની સ્તુતિ કરવામાં આવી છે :

[2] 'હે પૃથ્વી–શ્મશાનભૂમિ, આ સ્થૂલ દેહને માટે તું સુખ સગવડ આપનારી અને કાંટા–કાંકરા વિનાની કોમળ બની જા. તું વિસ્તાર પામી, તેને સુખ આપ; જ્યાં પૃથ્વીનો આ વિશાળ અને સમતલ ભાગ છે; ત્યાં તે દેહને રાખો, આ જીવનમાં પિતૃઓને ઉદ્દેશીને જે સ્વધા યાગો કર્યા છે, તે સ્વર્ગલોકમાં મધુ ઝરનારા હો.

'હે પ્રેત–જીવાત્મા, તે પિતૃલોકમાં જવા માટે ત્યાંના વિશાળ મનથી તારા મનને

૧. અથર્વવેદ ૧૮,૨, ૧૪–૧૮ ૨. અથર્વવેદ ૧૮,૨ ૧૯–૩૩

હું બોલાવું છું. ગૃહયાગોથી મળેલાં પુણ્યનાં સેવન કરી, આ પિતૃલોકમાં આવી પહોંચ. અહીં પિતૃઓ અને યમની સાથે સંગત થા. શક્તિશાળી વચનો તારે માટે સુખ આપનાર બની વહેતાં રહો, જલની સાથે સંચાર કરતા વર્ષાના વાયુઓ અજ–અવિનાશી જીવાત્મા સાથે સંગત થાઓ. આ લોકમાં તેં મનની સાથે યોગ કરી આયુષ્ય દક્ષ–કૌશલ્ય અને જીવન મેળવી લીધાં; તે તારૂં મન પોતાની ઈંદ્રિયોની સાથે ગતિ કરે તેમજ તે પિતૃ-લોકમાં ચાલ્યું જાય. જ્યારે તું આ લોકથી ગતિ કરે; ત્યારે તારાં મન, પ્રાણ, ઈંદ્રિયો વગેરેના અંશ તને છોડીને ચાલ્યા ન જાય.

'તું જ્યારે આ લોક છોડીને ચાલ્યો જાય, ત્યારે વૃક્ષ–વનસ્પતિ અને વિશાળ દેવી પૃથ્વી તને રોકી રાખે નહિ. અર્થાત તારી વાસના અહીંથી છૂટી જાય અને તે પિતૃલોકમાં પહોંચી વૃદ્ધિ પામે; જ્યાં યમ રાજા છે, જેમ તૃણકીટ–કઠમાંકડી એક ઘાસથી બીજા ઘાસ પર પહોંચી જાય છે, એમજ તું પિતૃલોકમાં જઈ, પિતૃઓની સાથે એકરૂપ બની ત્યાં નિવાસ કર. આ લોક છોડતી વખતે, તારાં જે સૂક્ષ્મ અંગ ઈંદ્રિયોરૂપે ઉલટી ગતિ કરે છે, તેમજ તારા પ્રાણ અને અપાન પરેત–અહીંથી ચાલ્યા ગયા છે; તે બધાં સૂક્ષ્મ દેહરૂપે તારી સાથે સંગત થાય.

'હે પ્રેત–જીવાત્મા, મન, પ્રાણ, ઈંદ્રિયો વગેરે જીવ સાથે સંકળાએલાં સૂક્ષ્મદેહનાં અંગો છે, તે આ સ્થૂલ દેહનાં અંગોથી પકડાયેલાં હતાં. તેને હવે આ સ્થૂલ દેહનાં બંધનથી છોડી, પરલોક તરફ લઈ જાઓ. અહીં જે યમનો દૂત પ્રચેતા–જ્ઞાની છે, તે આ પ્રાણો સાથેના સૂક્ષ્મદેહને પિતૃઓની પાસે લઈ જાય છે.

'આ લોકમાં કેટલાક જનો એવા છે, જેમનો પિતૃઓમાં પ્રવેશ થયો હોય છે, પરંતુ તે લોકોનાં કાર્ય પોતાના જ્ઞાતિ–સંબંધીજનો પૂરતાં મર્યાદિત હોય છે; અને જે લોકો હોમ–હવન કર્યા વિના પેટભરા બનીને જ સંચાર કરતા હોય છે. તે લોકો ભલેને પરંપરા પ્રમાણે પુત્રપૌત્ર વગેરેનાં ભરણપોષણ કરતા હોય; પરંતુ તે સ્વાર્થી હોય છે, તેવા લોકોને આ અગ્નિ યજ્ઞનાં કાર્યોથી દૂર રાખે છે; તે પુણ્યશાળી ગણાતા નથો. અમારા પોતાના પિતૃઓ આ યજ્ઞમાં પ્રવેશ કરો, સુખ આપો અને અમારાં આયુષ્ય વધારો. અમે મિત્યનિરંતર વૃદ્ધિ કરતાં સો સો વર્ષો સુધી જીવતા રહીએ અને ગતિશીલ બનીને તે પિતૃઓની સેવા યજ્ઞનાં હવિથી કરીએ.

'પિતૃઓ માટે જે યજ્ઞ કરવામાં આવે છે; તેમાં આ પ્રેત–જીવાત્માને પણ પિતૃરૂપે બોલાવવામાં આવે છે. એ રીતે મૃત પુરુષના નિમિત્તે હે જીવાત્મા, હું તને ગાયનાં દાન આપું છું અને હવિષ્યમાં દૂધ સાથેના ભાત આપું છું; તે પુણ્યના પ્રભાવે તું આ મનુષ્યનો ભર્તા બન, જે જીવન–મરણ પામ્યો છે. હે જીવાત્મા, જેનાં સેવન સારી રીતે કરવામાં આવ્યાં છે, એવી રીતે આ સંસારને તરી જા; જે આજે છે અને

આવતી કાલે નથી તેમજ અહીં મળેલું જીવન નવું હોય, તો પણ તેમાં કાયમના રસ રહેવાના નથી, તે જીવનને પણ તરી જા. જે કોઈ તારી હત્યા કરે છે, તે વધને યોગ્ય છે; તેને કોઈ પ્રકારનાં પુણ્યોમાં ભાગ મળવાના નથી.

'જેમાં પિતૃઓ વાસ કરે છે, તે સૂર્ય (પ્રકાશ)નો લોક છે, જેનો રાજા યમ છે. એ પોતે પર–ઉત્તમ અને અવર–પાસેનો વિવસ્વાન્ સૂર્ય છે; અર્થાત્ તે પિતારૂપે છે અને પુત્રરૂપે છે; તેથી જુદો કોઈ સૂર્ય હોય એમ મને લાગતું નથી, કારણ કે મેં બીજા કોઈને જોયો નથી. તે યમને વિષે મારો અધ્વર–યજ્ઞ સારી રીતે રહેલો છે. તે વિવસ્વાન છે, જેણે પોતાના લોકમાં પ્રકાશ ફેલાવ્યો છે. પહેલાંના સમયમાં પિતૃઓએ મર્ત્ય–માનવીઓથી અમૃતા–અમર જીવન છુપાવી રાખ્યું હતું અને જે વિવસ્વાન સૂર્ય છે, તેમાં રાખી મૂક્યું હતું; જે અમૃતા–જીવનને સૂર્ય–વિવસ્વાનની સવર્ણા પત્નીરૂપે બનાવી હતી; તે સવર્ણા–અમૃતાને બે અશ્વિનીકુમારોએ પોતાની પાસે રાખી મુકી; તે સૂર્ય અને સરણ્યુ બે પતિ–પત્નીએ મિથુન–જુગલ જોડીરૂપે યમ અને યમીને જન્મ આપ્યો હતો.'

આ મંત્રોમાં પિતૃલોકના વર્ણનની સાથે સ્થૂલ દેહને છોડી પ્રેત–પરલોક ગયેલ જીવાત્માની ગતિનું વર્ણન છે. ત્વષ્ટા વિશ્વકર્માએ પોતાની પુત્રી સરણ્યુ સૂર્યને આપી અને તેથી યમ–યમીનો જન્મ થયો; તેમાંના યમ પિતૃલોકના રાજા છે; તે પોતે જ વિવસ્વાન છે અને તેથી પિતૃલોકને વૈવસ્વત લોક ગણ્યો છે. આ લોકનો રાજા યમ પિતૃલોકમાં આવેલ સૂક્ષ્મદેહ સાથેના જીવાત્માનાં પુણ્ય પ્રમાણે વ્યવસ્થા કરે છે, તે રહસ્ય હવે પ્રગટ કરે છે; તે સાથે શરૂઆતમાં પ્રેતના સ્થૂલ–દેહના અંત્યેષ્ટિ–અગ્નિ-દાહની વાત પણ રજૂ થઈ છે :

[1] 'હે દેવ અગ્નિ, અમારા આ પ્રકારના પિતૃઓને હવિનાં ભક્ષણ કરવા માટે તમારી સાથે અમારા યજ્ઞમાં લાવો. આ પિતૃઓમાંના કેટલાકના સ્થૂળ દેહ જમીનની અંદર દાટવામાં આવ્યા છે, કેટલાકના દેહ પાણીમાં દૂર વહાવી દીધા છે, કેટલાકના દેહોના અગ્નિદાહ કરવામાં આવ્યા છે અને કેટલાકના દેહો ખાલી જગામાં ખુલ્લી રીતે નાખી દેવામાં આવ્યા છે. જે પિતૃઓના દેહ અગ્નિદગ્ધ અથવા અનગ્નિદગ્ધ હોય, તે બંને પ્રકારના પિતૃઓ દ્યુલોકમાં વાસ કરી, સ્વધાથી આનંદ કરે છે, તે બધાને, ઓ જાતવેદસ્ અગ્નિ, તું જાણતો હો, તો તેમની સાથે આવી આ યજ્ઞમાં હવિનાં સેવન કરો.

'હે શ્મશાનના અગ્નિ, આ સ્થૂળદેહને સુખે તપાવ, પણ તેને કષ્ટ પડે, તે રીતે ખરાબ કરીને ન તપાવ. તારામાં જે તપાવવાનું બળ છે, તે વન–જંગલ બાળ-વામાં લો અને તારૂં જે હર–તેજ છે, તે પૃથ્વીની અંદર રહો. આ મૃત શરીરને માટે

---

૧. અથર્વવેદ ૧૮, ૨, ૩૪–૬૦

ખાલી સ્થાન આપું છું. 'તે પ્રેત જીવાત્મા પિતૃલોકમાં આવીને મારો પોતાનો બની ગયો છે'; એમ તે આવેલ જીવને યમરાજ કહે છે; કારણ કે તે બધી બાબતો જાણે છે; એ ઉપરાંત તે જણાવે છે કે, 'આ રીતે આવેલ જીવાત્મા પિતૃલોકનાં આપેલાં મારાં ધન–સાધન સાથે સારી રીતે વાસ કરો. અહીં આવેલા પુણ્યશાળી જનોને આપવામાં આવતી પુણ્યની માત્રાઓનાં અમે જે રીતે ચોકસાઈ રાખી માપ કરીએ છીએ અને તેની વ્યવસ્થા બરોબર કરીએ છીએ; તે પ્રકારની વ્યવસ્થા આજ સુધીનાં સો સો વર્ષોમાં કોઈએ કરી નથી; તે રીતની માત્રા આજે આવેલ એ જીવાત્માને પણ બરોબર પ્રાપ્ત થાય છે.' આ જીવાત્માને પ્રાણ, અપાન, વ્યાન, આયુ, આંખ વગેરે ઈંદ્રિયો સારી રીતે પ્રાપ્ત થાય; જેથી યમરાજના પિતૃલોકમાં જવાને માટેનો માર્ગ અત્યંત સરળ થઈ જાય, તેમજ પિતૃઓની સાથે ભળી જાય. એ પિતૃલોકના માર્ગ જેવો ઉત્તમ બીજો કોઈ માર્ગ નથી.

'આ લોકમાં જે અગ્રગામી છે. જે પ્રશસ્ત છે અને જે ધન–સાધનથી સંપન્ન છે; તે પુણ્યશાળી જનો મરણ પછી દ્વેષભાવ છોડી, દ્યુલોકમાં ગતિ કરી, પ્રકાશ સાથેના સૂક્ષ્મદેહ મેળવી સ્વર્ગની પીઠ પર યમના પિતૃલોકમાં સ્થાન કરે છે. આ દ્યુલોક ત્રણ પ્રકારના છે : એક તો નીચેનો દ્યુલોક છે, જેમાં મેઘનાં જલ રહે છે, તેથી તેને 'ઉદન્વતી' કહે છે; તેની ઉપરનો મધ્ય દ્યુલોક છે, જેમાં સૂર્ય વગેરે ગ્રહ નક્ષત્રો રહ્યાં છે, તેથી તેને 'પીલુમતી' કહે છે, તેથી ઉપરનો ત્રીજો દ્યુલોક છે, જેમાં પિતૃઓ નિવાસ કરે છે, તે વિશેષ પ્રકાશિત રહે છે, માટે તેને 'પ્રદ્યૌ' કહે છે.

'અમારા પિતાઓના જે પિતાઓ છે અને પિતામહો છે; તે ત્રણેય પિતા, પિતામહ અને પ્રપિતામહ વિશાળ અંતરિક્ષમાં પ્રવેશ કરે છે. આ ત્રણેય પિતૃઓ પૃથ્વીલોક અને દ્યુલોકમાં નિવાસ કરે છે; તે પિતૃઓને અમે નમસ્કાર કરીએ છીએ.

'હે મૃતપુરુષ, તારા સ્થૂલદેહ માટે અગ્નિદાહ કરવાનું કામ જ બાકી રહ્યું છે, બીજું કશું બાકી નથી. દ્યુલોકમાં સૂર્યની સામે તું જુએ છે, એ માર્ગે તારે જવાનું છે, હે માતા ભૂમિ, માતા પુત્રને પોતાના પાલવ નીચે ઢાંકી દે, અથવા પત્ની પતિને ઢાંકે એમજ આ સ્થૂલદેહને તારી અંદર શમાવી દે. હે પ્રેત, પૃથ્વીમાતાના કલ્યાણકારી વસ્ત્ર નીચે તને ઢાંકી દઉં છું. હે જીવાત્મા, જીવતા જનોનાં કલ્યાણ થાય અને પિતૃઓને સ્વધાથી સંતોષ થાય; એ રીતે તારાં કલ્યાણ હો.

'પરલોકના માર્ગ તૈયાર કરનારા દેવ અગ્નિ અને સોમ સ્વર્ગમાં જનારા દેવોને માટે સુખકર અને રમણીય લોકની સ્થાપના કરે; જે સ્થાને જવા માટે સમીપમાં આવેલ સૂર્ય જીવાત્માને આગળ દોરી જાય છે; એ સ્વર્ગે જવાના સીધા માર્ગો પર આ જીવાત્મા વિચરણ કરે.

'હે પ્રેત જીવાત્મા, આ તે સૂર્ય છે, જેની દિવ્ય દૃષ્ટિ નાશ પામતી નથી, જે જીવાત્માનાં પોષણ કરે છે અને જે દિવ્ય માર્ગો પર જીવાત્માઓને આ પૃથ્વીલોકથી દોરી જાય છે, તે તને આ પૃથ્વીલોકથી છોડાવી, પરલોકના માર્ગે લઈ જાય. આ તે અગ્નિ છે, જે તને પિતૃઓના હાથે સોંપી દે, જે પિતૃઓ સારાં ધન સાધન રાખનાર અને સ્વર્ગમાં વસનારા દેવો છે. આયુ અને વિશ્વનાં આયુ તારૂં રક્ષણ કરો. પૂષા–સૂર્ય માર્ગમાં આગળ રહીને તારાં રક્ષણ કરો. જે સ્વર્ગમાં સુકૃત–પુણ્યશાળી જનો રહેલા છે અને દ્યુલોકની ઉપર સુકૃત–પુણ્યલોક રહેલો છે, ત્યાં તને સવિતા દેવ લઈ જાય.

'હે મૃતપુરુષ, જેમાંથી પ્રાણ ચાલ્યા ગયા છે, એવા આ સ્થૂલદેહને ગાડામાં રાખીને ગાડે જોડેલા બે બળદ શ્મશાન ભૂમિમાં લઈ જાય. આ શ્મશાનભૂમિ તે યમનું સાદન અને સમિતિ છે, એ તું સારી રીતે જાણ. તારા સ્થૂલદેહ પર આ ઉત્તમ વસ્ત્ર ઢાંકવામાં આવ્યું છે, તે સાથે લઈ જા. આ પહેલાં તેં જે જીર્ણ વસ્ત્ર ધારણ કર્યું હતું; તેને તું અહીં ઉતારી દે. તારાં સગાં–સંબંધીજનોમાં જે દાન આપવામાં આવ્યાં; તેમજ તેં જે ઈષ્ટ–યજ્ઞ અને પૂર્ત–વાવકુવા જેવાં પુણ્યનાં કાર્ય કર્યાં છે, તેનાં પુણ્ય તારી સાથે સ્વર્ગના માર્ગે આગળ આવો.

'તારા સ્થૂલદેહનાં અંગોની ચારે બાજુ જ્વાળાઓ ફરી વળો; જે જ્વાળા અગ્નિના કવચ જેવી છે. તે સ્થૂલદેહના મેદ અને ચરબીની સાથે પણ જ્વાળાઓ લપેટાઈ જાય; જેથી પોતાના તેજથી અંગોને ધારણ કરનાર અને ગંભીરતાથી પ્રસન્ન થએલ અગ્નિ સ્થૂલ દેહનો દાહ કરતાં, અંગોને વીખેરી નાખે નહિ. જેના પ્રાણ ચાલ્યા ગયા છે, એવા સ્થૂલ દેહનાં શ્રોત્ર વગેરે ઈંદ્રિયોનાં વર્ચસ્વ અને બલની સાથે તું હાથમાં દંડ ધારણ કરી આ લોકમાં જ રહે; તે ઉપરાંત ક્ષત્રિયને અનુરૂપ વર્ચસ્વ અને બલની સહાયે હાથમાં ધનુષ્ય સાથે તૈયાર રહે. મરણ પછી સારાં ભાગ્ય સાથેનાં પુણ્ય, વિશેષ ધન સાધન અને પોષણની સાથે તું જીવલોકમાં પ્રવેશ કર, જ્યાં પિતૃઓ નિવાસ કરે છે.'

આ મંત્રોમાં મરણ પછી સ્થૂલ દેહ અને સૂક્ષ્મ દેહની ગતિનાં વર્ણન છે. સ્થૂલ દેહને દાટવામાં આવે, પાણીમાં વહેવડાવી દે કે ખુલ્લી જગામાં છોડી દે, તે ત્રણ પ્રકારોને અગ્નિદાહથી જુદા ગણ્યા છે, પરંતુ અગ્નિદાહનો વિશેષ મહત્ત્વ આપ્યું છે; જો કે, સૂક્ષ્મદેહની ગતિમાં કોઈ અવરોધ ઊભો થતો નથી. સ્થૂલ દેહને ગાડામાં નાખી શ્મશાનભૂમિ લઈ જતા અને તેની પર નવું વસ્ત્ર ઓઢાડી દેવાનું. જીર્ણ વસ્ત્રની જેમ સ્થૂલ દેહ છોડી, સૂક્ષ્મ દેહે નવીન વસ્ત્ર ધારણ કર્યાનો ભાવ એથી પકડાય છે. સૂક્ષ્મદેહ સાથેના જીવાત્માની ગતિ વિવિધ લોકોમાં થઈ પિતૃલોક સુધી પહોંચે અને ત્યાં પિતૃઓની સાથે પિતૃરૂપ બની જાય; એ કારણે પિતૃલોકને જીવલોક પણ કહેલ છે. પિતૃઓ પ્રકાશમય દિવ્ય દેહ ધારણ કરે છે, માટે તેમને દેવ કહેલા છે.

મરણ પાછી પ્રેતના સ્થૂલ દેહને શ્મશાનમાં લઈ જવામાં આવે છે અને તેની સાથે સગાં સ્નેહીજનો પણ જાય છે. સાધારણ રીતે નારીવર્ગ ઘરના આંગણા સુધી વળાવે છે. જેનો પતિ ગુજરી ગયો હોય, તેની નારી શ્મશાન સુધી જતી અને તેનાં સ્નેહીજનો તેને સમજાવી પાછી લાવતા; તે વિષેના આ મંત્રો છે :

[૧] 'હે મર્ત્ય માનવ, આ નારી પતિલોકની કામના કરે છે, અને તેથી તે પ્રેતની સાથે આવી છે. એ રીતે તેણે પુરાતન ધર્મનાં પાલન કર્યાં છે. તેને તું પ્રજા-જન અને ધન–સાધન આપ. હે નારી, તારો પતિ જીવલોકમાં પિતૃઓની પાસે ગયો છે. તે આ સ્થૂલ દેહમાંથી પ્રાણ છોડી અહીંથી ચાલ્યો ગયો છે; માટે તેની પાસે સુવાનું છોડી દે અને અમારી સાથે પાછી આવ. આ સંસારમાં તેં જેનો હાથ પકડયો હતો, એ તારો પતિ તારાં રક્ષણ કરતો હતો; તે તો ચાલ્યો ગયો, પણ તેનાં પ્રજા-જન છે, તેની પાસે આવી જા. આ નારી મર્ત્ય માનવની પાછળ શ્મશાન સુધી ગઈ હતી; તેને લોકો જીવતાં પ્રજાજનોની પાસે પાછાં લાવ્યા છે, તે મેં જોયું છે. જેમ કો'ક ગાઢા અંધકારમાં અટવાઈ જાય; એમ આ નારી ઘેરા શોકમાં ડૂબેલી હતી; ત્યાંથી તેને પાછળ રહેલાં ઘર પાસે હું જાતે દોરી લાવ્યો છું. હે નિર્દોષ પાપરહિત નારી, દેવોએ જે પુણ્ય માર્ગની રચના કરી છે, તે માર્ગે તું સંચાર કરે છે અને તારા પતિ તે જીવલોકમાં પિતૃઓની પાસે પહોંચી ગયા છે, એ રહસ્યને તું સારી રીતે જાણે છે. માટે તેને સ્વર્ગલોકમાં જવાનો માર્ગ સરળ કરી આપ. તારા પતિની પાછળ રહેલ ગોપતિ–ભાઈ કે પુત્ર છે, જે ઘર સંસાર સાચવે છે, તેની સાથે તું પ્રેમથી રહે.'

અગ્નિદાહ દીધા પછી સ્મશાનના અગ્નિને જલથી શાંત કરવામાં આવે છે અને સૂક્ષ્મદેહે રહેલ પ્રેત જીવાત્માને પિતૃલોકમાં જવા પ્રાર્થના કરવામાં આવે છે:

[૨] 'કલકલ નાદ કરતાં નદીઓનાં જલ છે. તેની બાજુમાં નેતર ઉગેલાં છે અને તેની ઉપર અવકા–લીલ જામી છે, તે તો જલતન્માત્રાઓનું ઉત્તમ પિત્ત છે, તેથી આ અગ્નિને શાંત કરવામાં આવે છે. હે અગ્નિ, તેં જે દેહનાં દહન કર્યાં; તેને હવે પુરેપુરી બુઝાવી દે. જ્યાં આ દેહને અગ્નિદાહ કર્યા છે, તે ભૂમિને એટલાં બધાં જલથી ભરી દેવી જોઈએ કે ત્યાં અનેક શાખાઓ સાથે દર્ભ અને દુર્વા ઉગી નીકળે.

'હે પ્રેત–જીવાત્મા, આ ધરતી પર રહેલ અગ્નિ તારા માટે એક જ્યોતિ છે, તેની ઉપર અંતરિક્ષમાં રહેલ સૂર્ય જ્યોતિ છે અને તેથી ય ઉપર દ્યુલોકમાં ત્રીજું જ્યોતિ છે, તેની સાથે તું સૂક્ષ્મદેહ સાથે પ્રવેશ કર. દેવોના એ પરમ ધામમાં પિતૃ-જનોના પ્રિય બનીને સારી રીતે વધતો રહે. હવે તું આ પૃથ્વી પરથી ઉભો થા,

૧. અથર્વ વેદ ૧૮, ૩, ૧, ૪ ૨. અથર્વવેદ ૧૮, ૩, ૫–૪૮

ચાલવા માંડ, દોડી જા અને જ્યાં સલિલ-તેજોમય પરમ ધામ છે, ત્યાં તારૂં સ્થાન બનાવ. ત્યાં રહેલા પિતૃઓની સાથે ભળી જા અને તેમને જે સોમરસ અને સ્વધા–અન્ન મળે છે, તે મેળવી આનંદ કર.

'હે પ્રેત–જીવાત્મા, તું આ સ્થૂલ શરીરથી છૂટી જા. સૂક્ષ્મ શરીરને ભરી દે, તે શરીરનાં ઇંદ્રિય વગેરે સૂક્ષ્મ ગાત્ર–માત્રાઓ તેમજ તે સૂક્ષ્મ શરીર તને છોડી જાય નહિ. જ્યાં તે સૂક્ષ્મ શરીર સાથેનું મન નિવાસ કરે છે, ત્યાં તું પ્રવેશ કરી જા. જે ભૂમિને સેવવા ઈચ્છતો હોય; તે લોકમાં ચાલ્યો જા. સોમરસનાં સેવન કરનાર પિતૃઓ અને પિતૃલોકમાં વસનારા દેવો વર્ચસ્વ, મધ અને ઘી જેવા ગુણો અને સૂક્ષ્મ પદાર્થો મને આપતા રહે. જ્યાં સુધી હું આ લોકમાં વસ્યો છું, ત્યાં સુધી આંખ વગેરે ઇંદ્રિયો મને સારી રીતે સહાય કરે. મારી આ સ્થૂલ કાયા વૃદ્ધાવસ્થા સુધી ટકી રહેવાની છે, માટે ઘડપણ સુધી તેની શક્તિઓ વધારતા રહો. તે જ રીતે અગ્નિ, વિષ્ણુ, વિશ્વેદેવો, આપોદેવીઓ, મિત્ર અને વરુણ, આદિત્યો, ઈન્દ્ર, સવિતા વગેરે દેવો મારી વૃદ્ધાવસ્થા સુધી શરીરનાં તેજ બલ વધારતા રહે.

'પહેલાંના યુગોમાં કોઈ મરતું નહતું : અર્થાત્ જીવન ઘણાં ઘણાં લાંબાં હતાં. પૂર્ણ આયુ ભોગવી લીધા પછી, મર્ત્ય માનવીઓમાં જે પહેલો મરણ પામ્યો, તે યમ છે. તે મરણ પામીને પિતૃલોકમાં પહેલો પહોંચી ગયો. આથી વૈવસ્વત–વિવસ્વાનના પુત્ર યમનું તે ધામ ગણાયું અને તે લોકોના રાજા તરીકે યમની પસંદગી કરવામાં આવી, તે યમનાં સેવા પૂજા હવિથી કરો.

'હે પિતૃઓ, મારા યજ્ઞમાં તમે આવો અને હવિ–ભેટપૂજા લઈને પિતૃલોકમાં પાછા જાઓ. મારા આ યજ્ઞમાં મધુર ઘી વગેરેનાં હવિ તૈયાર કરેલાં છે, તે ઉપરાંત અમે આપને વિશેષ દ્રવ્ય પદાર્થો પણ આપ્યા છે. આપ બધા પિતૃઓ પ્રસન્ન થઈ, કલ્યાણકારી ધન–સાધન, વીરતા સાથેનાં પ્રજાજનો અમને આપતા રહો.

'પિતૃલોકમાં યમરાજની સાથે નિવાસ કરનારા પિતૃઓમાં કેટલાક પ્રસિદ્ધ ઋષિઓ છે : કણ્વ, કક્ષીવાન, પુરુમીઢ, અગસ્ત્ય, શ્યાવાશ્વ, સૌભરી, અર્ચનાનસ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વસિષ્ઠ, ભરદ્વાજ, ગૌતમ, કશ્યપ, વામદેવ, અત્રિ : આ બધા પિતૃઓ પ્રશંસાને યોગ્ય છે, તેમને હવિનાં અન્ન આપી ભાવભીના બનાવ્યા છે, તે અમને સુખી કરો. આ પિતૃઓ જ્ઞાનને કારણે શુદ્ધ–પવિત્ર રહેનારા તેમજ નવાં દીર્ઘ આયુ આપનારા છે, તે બીજા લોકોનાં અતિક્રમણ કરી, જ્યોતિલોકમાં નિવાસ કરે છે, તે અમારે માટે પ્રજાજનો અને ધન સાધનની વૃદ્ધિ કરે, જેથી અમારાં ઘરોમાં પદાર્થો વસે. પિતૃઓને માટે જે યજ્ઞ કરીએ છીએ, તે યજ્ઞ મીઠાં હવિથી સારી રીતે મઘમઘી ઉઠે છે. પિતૃઓને અપાતાં હવિઓથી બચેલા શેષ પ્રસાદ લઈ, અમે આનંદ

કરીએ છીએ. અમે હાથમાં સુવર્ણનાં પાત્ર લઈ પિતૃઓની કૃપારૂપી સાગરમાંથી ઉતરી આવતાં શ્રેષ્ઠ અન્ન અને પાન ગ્રહણ કરીએ છીએ.

' હે પિતૃઓ, જે સોમરસ તમને વિશેષ પ્રમોદ આપે છે, તે ગ્રહણ કરી અમને સમૃદ્ધ કરો; કારણ કે તમે તમારા પોતાના યશથી પ્રભાવિત છો. જે પિતૃઓ આગળ ગતિ કરનારા છે, જે ક્રાન્તદર્શી કવિઓ છે અને જે ઉત્તમ પ્રકારનાં જ્ઞાન ધરાવે છે; તેમને અમે વિદથ—યજ્ઞની સભાઓમાં બોલાવીએ છીએ; તે અમારી સ્તુતિઓ સાંભળો.

'અંગિરાઓ, અત્રિઓ અને નવગ્વ નામના (નવમાસના યજ્ઞોમાં આવનારા) પિતૃઓ અમારાં ઈષ્ટિ—યજ્ઞોથી પ્રસન્ન થનાર, દાન આપનારા, રક્ષણ માટે ધ્યાન આપનારા, દક્ષિણા સાથે આવનારા અને પુણ્યશાળી છે; તે આ દર્ભનાં આસન પર બેસો અને હવિનાં ભક્ષણ કરો.

' જેવી રીતે અમારા શ્રેષ્ઠ પુરાતન પિતૃઓ અગ્નિને વિષે પાલન કરનાર બનીને પ્રકાશથી યુક્ત પિતૃલોકને મેળવી લે; તેવી જ રીતે પિતૃલોકનાં ધ્યાન ધરતા અને ઉકથ—સ્તુતિવચનોથી પ્રશંસા પામેલા આ બીજા પિતૃઓ ક્ષયકારી અંધકાર દૂર કરી રાતાં કિરણો થી શોભતી ઉષાઓ દ્વારા જ્યોતિલોક મેળવી લો. સારાં કર્મ કરનાર, સારી કાંતિથી શોભતા અને દેવ જેવા પ્રકાશથી દીપતા આ પિતૃઓ છે, તે સોનીએ તપાવેલ સોના જેવા શુદ્ધ થએલા છે, પિતૃઓએ પોતાના જીવનને તપરૂપી તાપથી તપાવ્યાં હતાં, અગ્નિ દ્વારા યજ્ઞથી તેઓ પવિત્ર થયા હતા તેમજ ઈન્દ્રથી વૃદ્ધિ પામ્યા હતા; તે અમારા પિતૃઓ પરિષદની રચના કરે, જે વિશાળ ગવ્ય—ચાર યોજન સુધી વિસ્તરેલી હોય.

'જેમ ઘાસવગેરે ચારાથી ભરેલાં ગોચરોમાં ચરતાં ગાયો વગેરે પશુઓને ગોવાળ સારીરીતે સંભાળતો હોય છે, એમજ તેજસ્વી અગ્નિ દેવ બનેલા પિતૃઓના વિવિધ જન્મોને જાણતો હોય છે. તે અગ્નિ મર્ત્ય માનવોને માટે વિવિધ ક્રિયાઓ કરે છે તેમજ ઉપર જવા માટેનાં શ્રેષ્ઠ આયુની રચના કરે છે. એ અગ્નિને માટે અમે વિવિધ કર્મો કર્યાં છે અને તેથી અમે શ્રેષ્ઠ ફળ મેળવી લીધાં છે; તેથી વિવિધ પ્રકારે પ્રકાશતી ઉષાઓ અમારાં જીવનમાં ઋત—સદાચારનો વાસ કરાવે છે. આખુંય વિશ્વ કલ્યાણકારી છે, કારણ કે દેવો તેનાં રક્ષણ કરે છે.

'અમારી સભાઓ અને પરિષદો વિવિધ દિશાઓમાં ભરાય; તેમાં મરુતોની સાથેના ઈન્દ્ર પૂર્વ, નિર્ઋતિ સાથેના ધાતા દક્ષિણ, આદિત્યો સાથેની અદિતિ પશ્ચિમ, વિશ્વેદેવોની સાથેના સોમ ઉત્તર, અને ધરુણ ધર્તા ઊર્ધ્વ ઊંચી દિશાઓમાં રક્ષણ કરે. જેમ બાહુથી છુટેલી પૃથ્વી આકાશમાં રક્ષણ મેળવે છે, એ રીતે અમે યજ્ઞમાં ભાગ લેનારા દેવોમાટે લોકો અને માર્ગોની રચનાને માટે યજન—પૂજન કરીએ છીએ. જેમ દ્યુલોકમાં પૃથ્વી રહે છે, એ રીતે હું આ યજ્ઞ દ્વારા તારા સૂક્ષ્મ શરીરને ઢાંકી દઉ છું

અને પછી તેને પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ધ્રુવ અને ઊર્ધ્વ દિશાઓમાં રાખી દઉ છું. આ સૂક્ષ્મ શરીરનાં રક્ષણ કરનાર હે જીવાત્મા, તું ધર્તા છે, ધરુણ છે. વંસગ-ઈરછેલ પદાર્થ આપનાર છે, તેમજ જલ, મધ જેવાં મીઠાં અન્ન અને પ્રાણવાયુ વગેરેને પૂરનાર છે.

'સ્થૂલ દેહને લઈ જવાના ગાડામાં જોડાએલા આ બે બળદ છે; તે તો જાણે પ્રેતને પરલોક લઇ જતા યમ જેવા છે. હે બળદો, તમે જ્યારે આ દેહને લઈ વિચરણ કરો છો; ત્યારે આ લોકથી અને પરલોકથી આવી પડતી વિપત્તિઓથી મારાં રક્ષણ કરો. જે મર્ત્ય માનવો દિવ્ય—સૂક્ષ્મ દેવોના રૂપે પરલોકમાં ગતિ કરવાના છે, તે તમારાં ભરણ પોષણ કરો. તે બંને બળદ આ પિતૃલોકને જાણનાર છે; તે બંને પોતાનાં સ્થાને સુખે બેસો; જેથી અમારાં ઐશ્વર્ય વધે. અમે તમને અન્ન રસ આપવા માટે બ્રહ્મ—મંત્રના પ્રયોગ કરીએ છીએ. જેમ કવિ સુમાર્ગે ગતિ કરે, એમ આ સ્તુતિઓ તમને પ્રાપ્ત થાઓ. વિશ્વભરના એ પિતૃઓ છે; તે અમૃતનાં સેવન કરે છે, તે અમારી આ સ્તુતિ સાંભળો. સૂક્ષ્મ દેહનું આ જીવ રૂપ છે, તેણે આગળ ગતિ કરી ત્રણ પદ—લોકો તો ઓળંગી દીધા છે. હવે તે પોતાનાં વ્રતથી ચતુષ્પદીનાં અનુસરણ કરે, જ્યાં પિતૃ-લોક રહેલ છે. આ તે અક્ષર ધામ છે, તેથી અર્ક—જયોતિરૂપનાં માપ લેવાય છે. તે જીવ યજ્ઞ—ઋતની નાભિના રૂપે રહેલ પુણ્યલોક મેળવી લે છે.

'શું ભલા, દેવો માટે કયા મૃત્યુને પસંદ કર્યું છે અને પ્રજાજનોને માટે કોઈ પ્રકારના અમૃતને પસંદ કર્યું નથી ? સાચેજ, અમરતાની પ્રાપ્તિને માટે તો એ બૃહસ્પતિ નામના ઋષિએ યજ્ઞનો વિસ્તાર કર્યો અને ત્યારે પિતૃલોકમાં વસેલા યમરાજાએ પોતાના શરીરને સોંપી દીધું. હે જાતવેદસ અગ્નિ યજ્ઞમાં જ્યારે તારી સ્તુતિ કરવામાં આવે, ત્યારે તું હવિઓને વિશેષ સુરભિ—મીઠાં બનાવી પિતૃઓને સ્વધારૂપે આપ; જેથી તે લોકો ભક્ષણ કરે; તેમજ તું પોતે પણ અમારાં આપેલાં હવિનાં ભક્ષણ કર. યજ્ઞમાં પ્રદીપ્ત થએલ અગ્નિની જ્વાળાઓની પાસે બેઠેલા પિતૃઓ હવિદાન કરનાર મર્ત્ય યજમાનને તેમજ તેમના પુત્ર—પ્રજાજનોને ધન સાધન આપતા રહો; તેમજ તેમને અન્નપાન આપી પુષ્ટ કરો.

'હે અગ્નિષ્વાત્ત—અગ્નિની જ્યોતિદ્વારા પિતૃલોકમાં ગએલા પિતૃઓ તમે અમારા યજ્ઞમાં આવો અને એક એક સદનમાં બેસો. તમે અમને પુણ્ય લોકમાં લઈ જનારા છો. યજ્ઞમાં રહેલાં દર્ભાસન પર બેસો. અને અમારાં આપેલાં હવિઓનાં ભક્ષણ કરો. તમે અમને ધન સાધન અને વીર પ્રજાઓ આપો.

'યજ્ઞમાં ગોઠવેલ દર્ભ એ તો અમારો પ્રિય નિધિ—ખજાનો છે; તે પર આવીને પિતૃઓ બેસે; જેમને અમે યજ્ઞમાં બોલાવ્યા છે અને જેમને સોમરસ મધુર લાગે છે, તે બર્હિષદ પિતૃઓ અહીં આવી પહોંચો, અમારાં પ્રશંસા સાથેનાં સ્તુતિવચનો સાંભળો.

'પોતાની વૃત્તિઓને ઉત્તમ રીતે વશ રાખનારા અમારા એ પિતૃઓ, પિતામહો અને પ્રપિતામહો છે, જેમને સોમયાગોમાં બોલાવ્યા છે અને જેમણે સોમરસનાં પાન કર્યાં છે. આ તે પિતૃઓ છે, જેમણે ઈચ્છાનુસાર હવિ ગ્રહણ કર્યાં છે, તેમની સાથે હવિ લેવા માટે યમ આવે, પિતૃઓ સાથે આવે અને ઈચ્છાનુસાર હવિનાં ભોજન લે. આ તે પિતૃઓ છે, જેમણે દેવોના જેવાં દિવ્ય રૂપ મેળવી લીધાં છે, જેમણે હવન હોમની પ્રક્રિયા સારી રીતે જાણી લીધી છે, જેમણે અગ્નિષ્ટોમ, જ્યોતિષ્ટોમ જેવા મોટા યજ્ઞોમાં સ્તોમ–સ્તોત્રનાં આવર્તન કરેલાં છે અને જે અર્ક–તેજસ્વી ઋચાઓથી તરી ગયા છે. એ પિતૃઓને સાથે લઈને હે અગ્નિ, તું અમારા યજ્ઞમાં હજાર વાર આવ. આ પિતૃઓ દેવો માટે વંદનીય–પૂજ્ય છે, સત્યવચની છે, ક્રાન્તદર્શી કવિઓ છે, આર્ષ દર્શન કરનાર ઋષિઓ છે અને પ્રવર્ગ્ય યજ્ઞમાં તૈયાર થએલ ઘર્મ–હવિની સાથે દર્ભાસન પર બેસનારા છે. જે પિતૃઓ સત્યવચની, હવિષ્ભક્ષી અને હવિનાં રક્ષણ કરનાર છે, જે પિતૃઓ ઈન્દ્ર અને દેવોની સાથે રથમાં બેસી યજ્ઞને સ્થાને આવી પહોંચે છે, તે ઉત્તમ ધનસાધનવાળા પ્રાચીન અને અર્વાચીન પિતૃઓની સાથે હે અગ્નિ તું અમારા યજ્ઞમાં આવી પહોંચ'.

સ્થૂલ દેહ પણ માનવનો હોય, તો તેનો મહિમા છે. દેવો પણ માનવ બનવા ઝંખે છે. પશુ પક્ષી વગેરેના દેહો કરતાં માનવનો દેહ મળવો, તે સારાં ભાગ્ય ગણાય; તે સુકૃત–પુણ્યનો પ્રતાપ છે. એ દેહ છોડી પ્રાણ ચાલ્યા જાય; તે પછી પણ તેને માન આપવામાં આવે. ચાર જણાને ખભે ચઢી, ચિતામાં પોઢે ને દેહ ભસ્માન્ત થાય. ક્યાંક માનવ દેહ રખડતો રઝળતો જણાય; તે દૃશ્ય સારૂં નથી. તેનાં અસ્થિ અને ખોપરી પણ ભૂમિમાં દટાય છે. બ્રહ્મવાદીઓ તો એ માનવના મસ્તકને ચમસ કહે છે. જેમ સ્રુવામાં ઘી ભરી અગ્નિમાં આહુતિઓ અપાય, એમ મસ્તક–ચમસમાં ભરેલ અમૃત દેવોને પાવામાં આવે છે. મસ્તકમાં બ્રહ્મગુહા છે. ત્યાં અમૃત વસે છે, તેનાં પાન દેવો કરે છે, જે દેહમાં અગ્નિ, સૂર્ય, ઈન્દ્ર, સોમ વગેરે ઈંદ્રિયોના અધિષ્ઠાતા બનીને વસ્યા છે. અગ્નિદાહ પછી રહેલાં અસ્થિ ફૂલ પવિત્ર નદીઓમાં પધરાવાય છે, તો ક્યાંક ભૂમિમાં દટાય છે; જેમને અગ્નિ સંસ્કાર કર્યા નથી; તેમના દેહ પણ ભૂમિમાં દટાય છે, તે વિષે આ મંત્રોમાં નિર્દેશ છે.

[1]'હે સ્થૂલ દેહ, આ ભૂમિ માતાની અંદર પહોંચી જા; તેની અંદરની જગા વિશાળ છે અને તારા દેહથી સેવી શકાય એટલી સુંવાળી છે. જેણે દાન–દક્ષિણા આપ્યાં છે, તેમને માટે તો આ ભૂમિ ઊન જેટલી નરમ છે. તારી આગળ ફેલાએલી આ પૃથ્વી તારૂં રક્ષણ કરો. હે માતા પૃથ્વી, તું હર્ષથી પુલકિત બન. તારી પાસે માનવનો દેહ

૧. અથર્વ વેદ ૧૮, ૩, ૪૯, ૫૬,

આવ્યો છે, તેને કોઈ કષ્ટ પડે નહિ. તેને સારી ભેટ આપ; જેથી તે તારી અંદર સુઈ જાય, ત્યારે તે સારી રીતે સમાઇ જાય. જેમ માતા પોતાના પુત્રને પાલવ નીચે ઢાંકી દે, તેમજ હે ભૂમિ, તું આ દેહને સારી રીતે ઢાંકી દે. હર્ષથી પુલકિત બનેલી આ ભૂમિ દેહને સમાઈ લેવા માટે સ્થિર રહે. આ પ્રકારના હજારો દેહો આવી પડે, તે બધાને સારી રીતે આશ્રય આપે, સ્થૂલ દેહ છોડી પરલોક ગએલ પ્રેત જીવાત્માને પ્રસન્ન કરવા માટે ઘરનાં વાસીઓ ઘીની આહુતિઓ સાથેના યજ્ઞ કરી રહ્યાં છે, જે પરલોક-વાસીઓને સુખ આપે છે. પિતૃઓને ઉદ્દેશીને થતાં રોજનાં શ્રાદ્ધ તર્પણનાં કાર્યો તે પિતૃઓને શરણે રહેલાં છે. અર્થાત્ તેમને ઉદ્દેશીનેજ શ્રાદ્ધ તર્પણ અને યજ્ઞોનાં કાર્યો થઈ રહ્યાં છે. હે સ્થૂલ દેહ, તારે માટે આ પૃથ્વીને રોકી રાખું છું. તારાં રહેઠાણ માટે ચારે બાજુની આ જગા રાખી મુકું છું; માટે તું અમારી પર કોઈ જાતની રીસ રાખીશ નહિ. એ ભૂમિમાં તારે માટે જે સ્થૂણા—પત્થર રાખેલ છે, તેને પિતૃઓ ધારણ કરે છે, અને તે પરથી રાજા યમ પિતૃલોકમાં તારે માટે સદન—સ્થાન બનાવો.

'હે અગ્નિ, આ માનવનો દેહ એ તો ચમસપાત્ર છે, તેને વિચલિત કરીશ નહિ કારણકે તે સોમપાન કરનાર દેવોનું અત્યંત પ્રિય પાત્ર છે. એ માનવ દેહના રૂપે રહેલ ચમસ દેવપાત્ર ગણાય છે, તેમાં ભરેલા અમૃતનાં પાન કરી, અજર અને અમર દેવો પ્રમુદિત રહો. અથર્વા—નિશ્ચલમતિવાળા જ્ઞાની પુરુષે આ ચમસ પૂરેપુરો ભરી દીધો છે અને તે ઈન્દ્રને માટે યજ્ઞમાં તૈયાર રાખ્યો છે, જે ઈન્દ્ર અન્ન અને પાન સારી રીતે રાખે છે. યજ્ઞ કરનાર યજમાન તે ચમસમાં સુકૃત—સારાં કર્મોના ભોગ રચે છે અને તેમાં સોમરસ નિરંતર ગળાતો રહે છે. હે પ્રેત—જીવાત્મા, કોઈ કાળા હિંસક પક્ષીએ તારા દેહને ચાંચથી વીંધી નાખ્યો હોય, કોઈ કીડા, મકોડા, સર્પ કે જંગલી પશુએ તે દેહને પીડા પહોંચાડી હોય; તો અગ્નિ તે દેહને બધી રીતે નીરોગી બનાવી દે અને તે સોમ દેવ તેને અમૃતમય બનાવે, જે સોમરસ બ્રહ્મજ્ઞાની જનોની અંદર રહેલો છે.

'જે ઔષધિ વનસ્પતિઓનાં સેવન કરવામાં આવે છે, તે સારવાળી હો. મારે વિષે જે રસ છે, તે પણ સારવાન હો. જલ વગેરેની અંદર જે રસ રહેલા છે, તેમાં પણ જે ઉત્કૃષ્ટ સાર છે, તે મને શોભાયમાન કરે.'

શ્મશાન ભૂમિથી પાછા ફરતાં નારીઓ પહેલાં ઘરમાં પ્રવેશ કરે છે; તે પછી પુરુષવર્ગ આવે છે. પ્રેત—જીવાત્માને પિતૃલોકમાં ગતિ કરી, પિતૃરૂપ બનવાની સ્તુતિ કરે છે અને તે નિમિત્તે ઈષ્ટિ કરવામાં આવે છે :

[1] 'જેમના પતિઓ જીવિત છે અને જેમણે ઘર—સંસારનાં પાલન સારી રીતે કર્યાં છે, એવી આ સૌભાગ્યવતી નારીઓ અંજન આંજી કેશવેશના શણગાર સજો; જેમને શોકને

---

૧ અથર્વ વેદ ૧૮, ૩, ૫૭–૭૬,

કારણે આંસુ આવ્યાં હતાં, તે હવે દૂર થયાં છે; તેમજ જેમના રોગ પણ દૂર થયા છે, એવી આ નારીઓ ઘરમાં આનંદ કરતાં, પ્રજા સંતાનો સાથે ઘરમાં નિવાસ કરો.

'હે પ્રેત– જીવાત્મા, તે સર્વથી ઉત્તમ સ્વર્ગમાં પિતૃઓ અને રાજા યમની સાથે સંગત થાઓ. આ લોકમાં જે ઈષ્ટિ–યજ્ઞ અને પૂર્ત–વાવકુવા કર્યા છે, તેનાં પુણ્ય તને ત્યાં મળી રહો. જે નિંદિત કર્મો છે, તે છોડીને તું પોતાના નિવાસ સ્થાન–પિતૃલોકમાં પહોંચી જા અને ત્યાં જ્યોતિરૂપ સૂક્ષ્મ દેહ ધારણ કરી, પિતૃઓની સાથે આનંદ કર. આ પહેલાં જે અમારા પિતા, પિતામહ અને પ્રપિતામહ વિશાળ અંતરિક્ષમાં ગતિ કરીને પિતૃલોકમાં પહોંચી ગયા છે, તે પિતૃઓની સાથે આ પ્રેત જીવાત્મા સંગત થાય. જે પ્રાણ છોડીને અહીંથી ચાલ્યો ગયો છે અને સ્વયંપ્રકાશ જ્યોતિરૂપ બન્યો છે; તે જીવાત્મા પોતાની ઈચ્છાને વશ થઈ જુદાં જુદાં સૂક્ષ્મ શરીરો બનાવી લે. હે પ્રેત, પરલોકમાં ગતિ કરતાં, જે કોઈ નીહાર–અંધકારનાં આવરણ આવે કે પછી મેઘના ઝપાટા જેવાં સંકટ આવે, તે બધાં તારે માટે સુખ કર હો અને તે દૂર ખસી જાઓ. ઓ શીત પેદા કરનારી શીતિકા દેવી, તું એ જીવાત્મા માટે કલ્યાણકારી હો અને રસ્તામાં આવતા અગ્નિઓને શમાવી દો.

'યમના પિતા વિવસ્વાન–સૂર્ય અમને અભય બનાવો, જે સૂર્ય સુત્રામા–બધાનાં સારી રીતે રક્ષણ કરે છે, જે જીવનનાં દાન આપે છે. અને જે ધન–સાધનોના ઉત્તમ દાતા છે. આ લોકમાં વીર પ્રજાજનો અમને મળતાં રહો તેમજ ગાયો અને અશ્વો સાથેનાં ધન સાધન હો, જેથી અમારી પુષ્ટિ થાય. આલોક છોડી પરલોક જવાનું થાય, ત્યારે વિવસ્વાન અમને અમૃતત્વ ધામમાં રાખી દે. મૃત્યુ અમારાથી દૂર જાય અને અમને અમરતા મળે. એ વિવસ્વાન–સૂર્ય અમારા પુરુષોનાં રક્ષણ ઘડપણ સુધી સારી રીતે કરે; ત્યાં સુધી પ્રાણો તેમને છોડી યમરાજ પાસે જાય નહિ: અર્થાત તે વૃદ્ધાવસ્થા સુધી સારી રીતે જીવતા રહે. હે વિશ્વના મિત્ર મર્ત્ય માનવીઓ, આ તે યમ છે, જેની મતિ પ્રકૃષ્ટ–ઘડાએલી છે, જેની દ્રષ્ટિ કવિ જેવી છે અને જે સારી મતિવાળા પિતૃઓને પોતાના મહિમાથી અંતરિક્ષમાં આવેલા પિતૃલોકમાં સારી રીતે રાખે છે; તે યમને તમે હવિ આપીને સારી રીતે પૂજો. તે યમ અમને દીર્ઘજીવન આપવા માટે સારી રીતે ધારણ કરે.

'હે આર્ષદ્રષ્ટા–જીવાત્માઓ, એ પિતૃલોક પર ચાલ્યા જાઓ, જે ઉત્તમ દ્યુલોક સ્વર્ગ છે. માર્ગમાં કોઈ પ્રકારે ભયભીત થશો નહિ, આ તે પિતૃઓ છે, જે પોતે સોમપાન કરે છે અને બીજા દેવોને સોમપાન કરાવે છે; તેમને માટે હું યજ્ઞમાં હવિ તૈયાર કરૂં છું; જેથી અમે ઉત્તમ જ્યોતિ–પિતૃલોકમાં ગતિ કરીએ. જે અગ્નિ પોતાની જવાળાઓ રૂપી ધજાઓથી પૃથ્વી પર ચમકે છે, જે અગ્નિ દ્યુલોક અને પૃથ્વી લોકની વચમાં મેઘરૂપ બનીને ગર્જના કરે છે, અને જે અગ્નિ દ્યુલોકના છેડે રહેલ પિતૃલોકમાં જ્યોતિની ઉપમા બનીને શોભે છે, તેજ અગ્નિ આપોદેવીઓના ખોળામાં શ્રેષ્ઠ રીતે વૃદ્ધિ પામે છે.

'જેમ સુપર્ણ–સારી પાંખવાળો ગરુડ અંતરિક્ષમાં ઊંચી ગતિ કરે છે; એમ આ પ્રેત–પરલોકમાં ગતિ કરતો જીવાત્મા પિતૃલોક તરફ ગતિ કરે છે, એ રીતે હૃદયમાં ધ્યાન ધરતા જ્ઞાનીજનો તેને સારી રીતે જુએ છે. આ તે જીવાત્મા છે, જેની પાંખ હિરણ્યની છે, જે વરુણના દૂતની જેમ બધે નિરીક્ષણ કરે છે, અને જે યમના યોનિ–સ્થાન પિતૃલોકમાં શકુન પક્ષીની જેમ પોતાના સૂક્ષ્મ દેહને ભરપૂર બનાવે છે.

'પિતૃઓની સાથે અમારા પિતૃમેધ યજ્ઞમાં આવનાર હે ઈન્દ્ર, જેમ પાલક પિતા પોતાના પુત્રોનાં ભરણ પોષણ કરે છે, તેમજ અમારાં ભરણ પોષણ કર. હે પુરુહૂત ઈન્દ્ર અમને સારા બોધપાઠ આપ, જેથી અમે બધાં જીવરૂપે ઉત્તમ જ્યોતિ મેળવી લઈએ. હે જીવાત્મા, આ લોકમાં વસીને જે સીરાપુરી–મિષ્ટાન્નથી ભરેલા મોટા મોટા ઘડાઓનાં દાન કર્યાં હતાં. તેથી થએલાં પુણ્ય પિતૃલોકના દેવોએ સૂક્ષ્મ સાચવી રાખ્યાં છે; તે બધા સ્વધાની સાથે મીઠા મધુરા ઘીથી ભરેલા પદાર્થો તને પિતૃલોકમાં પ્રાપ્ત થાઓ. હવે તારે નિમિત્તે અમે આ લોકમાં શ્રાદ્ધ તર્પણ કરી તિલમિશ્ર ધાના સ્વધાના ઉચ્ચારણની સાથે સાથે આપીએ છીએ, તે બધા પદાર્થો વ્યાપક, સૂક્ષ્મ અને પ્રભાવ-શાળી બની તને પિતૃલોકમાં મળી રહો અને ત્યાંના રાજા યમ તે માટે તને અનુમતિ આપે. હે વૃક્ષ વનસ્પતિ, શ્રાદ્ધતર્પણ નિમિત્તે અમે તારામાં જે જલ રેડયાં હતાં, તે ફરીથી સૂક્ષ્મરૂપ બની પાછાં ફરી–જ્યાં યમનું સ્થાન–પિતૃલોક છે, ત્યાં અમારા પિતૃઓ વસે છે, તેમને પ્રાપ્ત થાય. આ બાબત અમે વિદથ વિદ્વાનોની સભામાં જણાવી છે.

' હે જાતવેદસ અગ્નિ, આ શ્મશાનભૂમિમાં સળગવાની શરૂઆત કરી દે. તારાં તેજ વધારે પ્રદીપ્ત અને તીક્ષ્ણ હો, આ પ્રેતના સ્થૂલ શરીરને સારી રીતે સળગાવી દે, તેના પ્રેત જીવાત્માને સુકૃત પુણ્યશાળી જનોના લોકમાં રાખી દે, જે પિતૃલોકમાં પહેલાંના ઘણા પિતૃઓ ગયા છે, જયાં ઘણા નવીન પિતૃઓ પણ જઇ રહ્યા છે; તે બધાને ઘીથી ભરેલી કુલ્યા–કુપીઓ મળી રહો, જે સો સો ધારાથી વહે છે.

' પ્રેત–જીવાત્મા, તારી જાતને શુદ્ધ કરીને તું આ પારલોકના માર્ગે ચઢી જા; અહીં તારા ઘણા સ્નેહીજનો પિતૃઓરૂપે આગળ ગયેલા છે; તેમણે પ્રગતિ સાધી છે, તેમની સાથે ભળી જા. તે માર્ગે જતાં તેમને અધવચ માર્ગે છોડી જતો નહિ, પરંતુ પિતૃલોકમાં પહોંચી જા, જે લોક પહેલેથી પ્રસિદ્ધ છે.'

દેવોને પ્રસન્ન કરવા યજ્ઞો કરવામાં આવે છે, એજરીતે પિતૃઓને પ્રસન્ન કરવા યજ્ઞો કરવામાં આવે છે, તેમને સામાન્ય રીતે પિતૃમેધ કે પિંડપિતૃયાગ કહેવામાં આવે છે. રોજે રોજ થતા અગ્નિહોત્ર પિતૃયજ્ઞના રૂપે શ્રાદ્ધ–તર્પણ, પક્ષે પક્ષે થતી ઈષ્ટિઓ પછી માસિક કે નૈમિત્તિક પિતૃયાગ તેમજ કામ્ય કર્મ માટે કામ્યેષ્ટિઓની જેમ જ કામ્ય પિતૃયાગો થાય છે. દેવયજ્ઞોની જેમજ પિતૃયજ્ઞોમાં પણ અગ્નિ મુખ્ય સ્થાને છે,

અગ્નિ જેમ સ્વર્ગમાંથી દેવોનાં વહન કરી તેમને યજ્ઞોમાં લાવે છે, માટે તેને વહ્નિ કહે છે; એજ રીતે અગ્નિ પ્રેત—આલોકથી ગતિ કરતા જીવાત્માને સૂક્ષ્મ દેહની સાથે પિતૃયાણના માર્ગે સ્વર્ગ—પિતૃલોકમાં લઇ જાય છે. એ રીતે અગ્નિ વાહક બને છે, તેની સ્તુતિ કરે છે :

[1] 'હે જાતવેદસ અગ્નિઓ, અગ્નિની વેદી પર ચઢી જાઓ, જે તમારી જનેતા છે; એજ રીતે હું તમને પિતૃયાણ—પિતૃલોક જવાના માર્ગોએ ચઢાવું. આ પિતૃમેધયાગમાં ઈચ્છા પ્રમાણે હવિનાં વહન કરનાર વાહક અગ્નિ છે, તે હવ્યવાહ અગ્નિ પોતે આહુતિઓનાં હવન કરી, પિતૃઓને પહોંચાડે છે. હે અગ્નિઓ, તમે બધા ભેગા થઈને આ સુકૃત—પુણ્ય કરનાર યજમાનને સુકૃતોના લોક—પિતૃલોકમાં લઈ જાઓ. દેવોએ ઋતુઓ પ્રમાણે નિત્ય, નૈમિત્તિક, કામ્ય વગેરે યજ્ઞોની રચના કરી છે, તે ઉપરાંત યજ્ઞમાં ઉપયોગી હવિ, પુરોડાશ, સ્રુવ, સાધન, આયુધ વગેરેની રચના કરી છે. એ પ્રકારના યજ્ઞો કરનાર યજમાનો સ્વર્ગલોકમાં જાય છે, માટે તું પણ યજ્ઞો કરીને દેવયાન માર્ગોએ ઉપર જા.'

દેવયાગ કરનારા દેવયાન અને પિતૃયાગ કરનારા પિતૃયાણ માર્ગોએ જાય છે, પણ એ બંને માર્ગો પુણ્યલોક તરફ લઈ જનાર છે, એ વિષે જણાવે છે :

'હે યજમાન, યજ્ઞ એ ઋત—સદાચારનો માર્ગ છે, તે વિષે તું બરાબર નિરીક્ષણ કરી લે. અંગિરા નામના પિતૃઓ સુકૃત—પુણ્યશાળી બનીને જે જે માર્ગોએ ગયા છે; તે તે માર્ગનો આધાર લઈને તું સ્વર્ગમાં જા. ત્યાં જે ત્રીજો નાક—દુઃખ વિનાનો સ્વર્ગ લોક છે, તેનો આશ્રય તું લે; જ્યાં આદિત્ય—દેવો સારી રીતે અમૃતનાં ભક્ષણ કરે છે. આ ઉપરના ત્રણ માર્ગો છે; જ્યાં સુપર્ણ પક્ષીઓની જેમ ગતિ કરવામાં આવે છે; ત્યાં વળી બે માર્ગો મેઘમંડળના આશ્રયે રહેલા છે; તે બધાની ઉપર નાક—સ્વર્ગની પીઠ છે; ત્યાં વિષ્ટપ—પિતૃલોકનું સ્થાન બનેલું છે, જેનો આશ્રય લઈ સ્વર્ગતિ કરનાર પુણ્યશાળી જનો નિવાસ કરે છે, જ્યાં અમૃતનાં સ્થાનો છે; ત્યાં વસનાર પિતૃલોકો યજમાનને ઈષ અને ઊર્જ આપો.

'યજ્ઞમાં ઘીની આહુતિઓ અપાય; તેને ત્રણ સ્રુચાઓમાં ભરવામાં આવે છે, તેમાંની ધ્રુવા નામની સ્રુચા પૃથ્વી રૂપે, ઉપભૃત અંતરિક્ષરૂપે અને જુહૂ દ્યુલોકરૂપે ગણાય છે. એ જુહૂ દ્યુલોકને, ઉપભૃત અંતરિક્ષને અને ધ્રુવા પૃથ્વીને ધારણ કરે છે, તે માટે હે ધ્રુવા, તું આ પૃથ્વી પર ચઢ, જે બધાને ભોજન આપે છે. હે ઉપભૃત, તું અંતરિક્ષ પર આક્રમણ—ગતિ કર અને હે જુહૂ, તું આ યજમાનને સાથે લઈને દ્યુલોકમાં ચઢી જા; તેમજ ઘી ભરવાનું સાધન સ્રુવ છે; તેને વાછડો બનાવી બધી દિશાઓ રૂપી ગાયોને

૧. અથર્વ વેદ ૧૮, ૪, ૧–૧૪

દોહી લો. યજમાનની ઇચ્છા પુરી કરો. આ બધા સ્વર્ગના લોકો તો ઘીથી ભરેલી પીઠવાળા છે; તે યજમાનની કામનાઓ પુરી કરો.

'યજ્ઞ કરનાર પુણ્યશાળી જનો જે માર્ગે ગતિ કરે છે; તે માર્ગે ચાલવાથી તીર્થ રૂપ—તરણ સાધન યજ્ઞ હોય છે અને તેથી પુણ્યશાળી જનો મોટી મોટી આપત્તિઓ તરી જાય છે. જ્યારે સૃષ્ટિનાં સર્જન કરનાર પ્રજાપતિએ સર્વ ભૂત—પ્રાણીઓને માટે દિશાઓના પ્રદેશો અને લોકોની રચના કરી, ત્યારે યજમાનને માટે સ્વર્ગ લોકોનાં સ્થાનો બનાવ્યાં હતાં. વર્ષ ભર ચાલતા ગવામયન જેવા સોમયાગોનાં સત્રોમાં સંવત્સર સત્ર મુખ્ય પર્વ ગણાય છે, તે પ્રમાણે અંગિરા ઋષિઓનાં અયન વર્ષભર ચાલે છે. તેમાં પૂર્વ દિશાનો આહવનીય અગ્નિ, આદિત્યદેવોના અયનમાં ગાર્હપત્ય અગ્નિ અને કાર્યમાં કુશળ દક્ષ પુરુષોના અયનમાં દક્ષિણાગ્નિ મુખ્ય હોય છે. હવે એ બ્રહ્મમંત્રો દ્વારા યજ્ઞમાં સ્થાપિત અગ્નિના વિશેષ મહિમાને બધા સારી રીતે જાણે છે. હવે તે દૃઢ અને પૂરેપુરા અંગોથી પૂર્ણ બનેલા યજમાન સ્વર્ગના સુખને મેળવે.

'હે યજમાન, પૂર્વમાં રહેલો આહવનીય અગ્નિ તને પૂર્વ તરફથી પુરેપુરાં સુખ આપે, પશ્ચિમ દિશામાં રહેલ ગાર્હપત્ય અગ્નિ પશ્ચિમ દિશાથી તથા દક્ષિણ દિશામાં રહેલા દક્ષિણાગ્નિ દક્ષિણ દિશાથી તને પુરેપુરાં સુખ આપે. હે અગ્નિ, તું અમને ઉત્તરે, મધ્યે, અંતરિક્ષે તેમજ દિશા વિદિશાથી આવી પડતાં ઘોર પાપથી બચાવી લે. હે આહવનીય વગેરે અગ્નિઓ, જેમ ઘોડાઓ પોતાની પીઠપર બેઠેલા ઘોડેસ્વારોને સુખેથી દૂરના પ્રદેશો સુધી લઈ જાય છે, એમજ આ યજમાનને તારા સુખ આપનાર શરીરો પર બેસાડીને સ્વર્ગ લોકમાં લઈ જા. એમને લઈ જવા માટે તમે પૃષ્ટિવાહ અશ્વ બની જાઓ, ત્યાં દેવોની સાથે તે આનંદ ભોગવે.

'હે અગ્નિ, તું આ યજમાનને પાછળ, આગળ, ઉત્તર, ઉપર, અધર—નીચે એમ બધી બાજુએ સુખપૂર્વક તાપ—ગરમી આપ. હે જાતવેદસ અગ્નિ, તું સ્વરૂપે એક છે, તોપણ યજ્ઞમાં આહવનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ રૂપે ત્રણ નામ ધારણ કરે છે, માટે આ યજમાનને સ્વર્ગલોકમાં લઈ જા, જ્યાં સુકૃત—પુણ્યશાળી જનોનો લોક છે. સારી રીતે સમિદ્ધ—પ્રજ્વલિત થયેલા જાતવેદસ અગ્નિઓ પ્રજાપતિ સાથે સંબંધ રાખનાર પવિત્ર યજમાન માટે સુખપૂર્વક પુણ્યકાર્યોની શરુઆત કરે. વિતત યજ્ઞ સમર્થ બનીને યજમાનને સ્વર્ગલોકે પહોંચાડે છે. એ યજ્ઞમાં અગ્નિઓ યજમાનને પરિપકવ બનાવી સ્વર્ગલોકે પહોંચાડે છે, તેમને આપ માર્ગમાં રહેવા દેતા નથી. નાક—સ્વર્ગની પીઠ પર રહેલ પિતૃલોકમાં જવાની ઈચ્છાથી પિતૃમેધ યજ્ઞ કરનાર યજમાન અગ્નિનાં ચયન કરી, વેદી પર અગ્નિને પ્રજ્વલિત કરે છે; તે સુકૃત યજમાનને માટે આકાશથી ઉપર રહેલ જ્યોતિષ્માન પ્રકાશિત દેવયાન માર્ગ છે. એ સ્વર્ગ—પિતૃલોકમાં લઈ જનાર દેવયાન માર્ગ સુકૃત—પુણ્યશાળી જન માટે પ્રકાશિત થાય છે.

'જે યમ અને પિતૃઓને પ્રસન્ન કરવા માટેના યજ્ઞો હોય છે, તેમાં પ્રાજાપત્ય મેધ્ય નામનો યાગ પણ થાય છે, જેના મુખ્ય દેવ પ્રજાપતિ છે. એ પ્રજાપતિએ પોતે મેધ પવિત્ર થઈ આત્મસમર્પણ કરી, સ્વર્ગ લોકની પ્રાપ્તિ કરી હતી તેમજ પોતાનાં પ્રજાજનોને એ મેધ્ય યજ્ઞ કરવાનો ઉપદેશ આપ્યો હતો. એ પ્રાજાપત્ય મેધ્ય યજ્ઞમાં અનેક પ્રકારના જાતવેદસ્ અગ્નિઓ સમિધ્ધ–પ્રદીપ્ત કરવામાં આવે છે, એ બધા સમિધ્ધ અગ્નિઓ સુખપૂર્વક અમારા યજ્ઞનાં કાર્ય શરુ કરો. તે અગ્નિઓ યમ અને પિતૃઓને આપવાના હવિ અને અન્ન માટેના પાક તૈયાર કરો, કે જેથી તે પુણ્યના પાક પરિપાક થતાં યજમાનને મરણ પછી સ્વર્ગના લોક મળે; તે યજમાનોને પિતૃયાણના માર્ગે જતાં અધવચ અટકવું ન પડે.

'આ તે યજ્ઞ છે, જે પુણ્યશાળી જનોને સ્વર્ગલોકમાં લઈ જવા માટે વિતત–વિશેષ ફેલાયો છે. તે સર્વ રીતે સમર્થ છે અને યજમાને કામના કરેલ ફળને આપનાર છે. જેણે જેણે યજ્ઞ કર્યા; તે બધાને તે સ્વર્ગલોકે લઈ જાય છે. આ તો સર્વહુત યજ્ઞ છે : અર્થાત્ પ્રજાપતિએ તેમાં પોતાનું સર્વસ્વ હોમી દીધું હતું; એટલુંજ નહિ આત્મ સમર્પણ કર્યું હતું; તેને કારણે તો તે પ્રાજાપત્ય મેધ્ય નામનો યજ્ઞ ગણાય છે. એ પ્રકારના યજ્ઞ કરનાર યજમાનને બધા અગ્નિઓ સારી રીતે સંતોષ આપે.

'જે યજમાનને સ્વર્ગલોકથી ગતિ કરી પિતૃલોકમાં નિવાસ કરવાની ઈચ્છા છે, તેણે આ યજ્ઞ કર્યો છે તેમજ તે યજ્ઞ માટે અગ્નિ ચયન કરી, ત્યાં ચિતિ અગ્નિને પ્રગટ કર્યો છે. આ રીતે જેણે પ્રાજાપત્ય મેધસ યજ્ઞ કર્યો છે, તે તો સુકૃત–પુણ્યશાળી જન છે, તેને માટે તો આકાશથી ઉપર રહેલ પ્રકાશવાળો દેવયાન નામનો સ્વર્ગનો માર્ગ પ્રકાશિત થાય છે'.

એક દિવસ કે અહોરાત્ર ચાલનાર સોમયાગને એકાહ, બેથી લઈ અગિઆર કે બાર અહોરાત્ર ચાલનાર સોમયાગને અહીન અને બાર કે તેરથી લઈ માસ કે વર્ષ સુધી ચાલનાર સોમયાગને સત્ર કહે છે. વર્ષ કે તેથી વધારે ચાલનાર સત્ર–યજ્ઞોમાં સંવત્સર પર્વ મુખ્ય ગણાય છે; માટે તેને પૂર્વ અયન કહે છે; તેમાં જે જે પદાર્થોની આહુતિઓ આપવામાં આવે છે, તે તે પદાર્થોને અનુસરી પુણ્યલોક મળે છે, એ ભાવથી અહીં દહીં, દ્રપ્સ, સોમ રસ, ઘી, અડદ જેવા માંસલ પદાર્થ, અન્ન, મધ, રસ, જલ વગેરેથી બનેલા માલપૂઆ સાથેની આહુતિઓ અને ચરુ–પકાવેલ ભાતના હવિભાગ આપવાથી તે તે પુણ્યલોક મળે, તેથી ભાવના બતાવી છે :

[૧] 'આ દિવ્ય અને મહાન સોમયાગ છે; જેનાં અનુષ્ઠાન સૃષ્ટિના સર્જન વખતે દેવોએ કર્યાં હતાં; તેમાં દેવો ઋત્વિજ બન્યા હતા; તે રીતે હે યજમાન, તમે પણ

૧. અથર્વ વેદ ૧૮, ૪, ૧૫–૩૦

એક સંવત્સર અયન નામનો યજ્ઞ કરો; જેમાં તમારો હોતા અગ્નિ હો, બૃહસ્પતિ અધ્વર્યુ હો, ઈંદ્ર બ્રહ્મા હો, જે દક્ષિણ દિશાએ રહે. એ રીતે જે યજ્ઞ કરવામાં આવે અને જેમાં વિવિધ આહુતિઓ સારી રીતે આપવામાં આવે, તે યજ્ઞ સારી રીતે ટકે છે.'

'બધા હુતયજ્ઞોમાં આ સંવત્સર અયન પ્રથમ યજ્ઞ છે. અમે આ પ્રકારના વિવિધ સોમયાગોથી યજન કરીએ છીએ, જે અનેક જાતના સ્વર્ગલોક અને તેને માટેના વિવિધ માર્ગો તૈયાર કરે છે. એમાં જે જે દેવોને નિમિત્ત કરી હુતભાગ–આહુતિઓ આપવામાં આવી હોય; તે તે હુતભાગના પુણ્ય રૂપે તે તે લોક યજ્ઞ કરનાર યજમાન માટે તૈયાર રહો. આ આહુતિઓમાં વિવિધ પ્રકારનાં હુત દ્રવ્ય અને ચરુ–ઓદન આપવામાં આવે છે; તેમાં ક્રમશ; અપૂપ–માલપૂઆ અને દૂધમિશ્ર ચરુ, માલપુઆ અને દધિમિશ્ર ચરુ, માલપુઆ અને દ્રપ્સ–સોમરસમિશ્ર ચરુ, માલપુઆ અને ઘીથી મિશ્ર ચરુ, માલપુઆ અને માંસલ પદાર્થ મિશ્ર ચરુ, માલપુઆ અને અન્નમિશ્ર ચરુ, માલપુઆ અને મધુમિશ્ર ચરુ, માલપૂઆ અને રસમિશ્ર ચરુ, માલપુઆ અને જલમિશ્ર ચરુ તૈયાર કરવામાં આવે છે.

'અમે જે સોમયાગો સ્વધાના ઉચ્ચારણ સાથે મધુમિશ્ર અને ઘીથી ઝરતા ચરુઓ સાથે કર્યા તેમજ માલપૂઆથી ભરેલા ઘડાઓ આપ્યા; તે બધાને દેવોએ ધારણ કર્યા છે. અમારી આ આહુતિઓ વ્યાપક અને પ્રભાવશાળી છે; તેને રાજા યમ સંમતિ આપે જે વ્યાપક અને ઘણા કાળ સુધી ટકી રહેનારી બની રહે.

'ચંદ્રનાં કિરણની જેમ ચમકતા આ દ્રાપ્સ સોમરસનું એક એક બિંદુ જે પહેલાં સૃષ્ટિના સર્જન કાળે પ્રગટ થયું હતું, તે સચરાચર કારણ ભૂત આ પૃથ્વી અને તે દ્યુલોકમાં ગતિ કરે છે, તેજ દ્રપ્સ આ પિતૃઓને રાજી કરવા માટે શરુ કરેલા સોમયાગમાં એક સરખી રીતે સંચાર કરે છે તેમજ સાત હોતાઓની સાથે આરંભેલા હવનમાં હું તે સોમરસની આહુતિ આપું છું.

'આ તે પિતૃઓ છે, જે મર્ત્ય માનવોની ગતિનાં નિરીક્ષણ કરે છે, તે પુણ્યશાળી જનોને આપવાનાં રયિ–ધન સાધનની દેખરેખ રાખે છે, જે રયિ ધન–સાધન સો સો ધારા વહાવતાં સોમરસથી ભરપૂર છે, જે વાયુની જેમ શીઘ્ર ગતિ કરે છે અને જે પ્રકાશતા સ્વર્ગને મેળવી આપે છે. જે પુણ્યશાળી યજમાનો પોતાને સદા પૂર્ણ રાખે છે અને પિતૃઓને હવિનાં દાન આપે છે; તે મનુષ્યો યજ્ઞમાં મળતી દક્ષિણાઓનાં દોહન કરે છે, જેમાં સાત સાત વેદીઓના રૂપે કામધેનુઓ રહેલી છે.

'આ સોમયાગમાં ઈડા નામની ગાયને દોહવામાં આવે છે, જે પ્રજાજનોનાં કલ્યાણ માટે ચાર આંચળો ભરેલા થાનમાં ઘડા ભરીને મીઠાં દૂધ આપે છે. હે અગ્નિ, સર્વજનોમાં પોતાનાં દૂધરૂપી અન્નથી તૃપ્ત કરતી અદિતિ–કામધેનુની હિંસા કરશો નહિ. જે પરમ વ્યોમ–વિશ્વમાં અવકાશ સાથે રહેલી છે.'

જે સ્થૂલ દેહ છે, તેને છોડીને જીવાત્મા પ્રેત–પરેત આ લોક છોડી પરલોક ચાલ્યો જાય છે, પિતૃલોકમાં જતાં, તે પિતૃઓની સાથે ભળી જાય છે અને તેને પિતૃની સંજ્ઞા મળે છે. સ્થૂલ દેહના અગ્નિ સંસ્કાર થયા પછી, દશમા ને અગિઆરમા દિવસે જે અંતિમ સંસ્કાર કરવામાં આવે છે; તેમાં પિતા, પિતામહ અને પ્રપિતામહનાં શ્રાદ્ધ તર્પણ સાથે પિંડ આપવામાં આવે છે, તે પિંડને દર્ભથી છૂટા કરવામાં આવે છે, તેની સાથે આ લોકના સંબંધ છૂટી જાય છે, જે પ્રેત છે; તેને પિતૃની સંજ્ઞા મળે છે અને પછી પિતૃમેધને નામે ઈષ્ટિયાગ અને સોમયાગ થાય; તે નિત્ય પિતૃઓ દ્વારા આપણા મૃત પૂર્વજ પિતૃઓને મળે છે, જેમને બીજી યોનિઓમાં ફરીથી જન્મ મળ્યા હોય છે. લાખ કે કરોડમાંથી કો'કજ પુણ્યશાળીને પિતૃલોકની પ્રાપ્તિ થાય છે, બાકીનાને તો જન્મમરણના ચક્રમાં ભમ્યાજ કરવાનું હોય. પિંડ પિતૃયાગ કે શ્રાદ્ધ તર્પણ નિમિત્તે વસ્ત્ર, ગાય, હવિ, ધનસાધન, તિલાંજલિ વગેરે અપાય; તે પિતૃઓ દ્વારા પૂર્વજોને સૂક્ષ્મ પુણ્યરૂપે પ્રાપ્ત થાય; તે વિષે આ મંત્રોમાં બનાવ્યું છે :

१ 'હે પ્રેત જીવાત્મા, આ દેવ સવિતા છે, જે તને પહેરવા માટે આ વસ્ત્ર આપે છે, જે વસ્ત્ર તને સારી રીતે તૃપ્તિ આપશે; તેને ધારણ કરો, તું યમના રાજ્ય–પિતૃલોકમાં વિચરણ કર. આ લોકમાં જે ધાના–ધાન્ય અન્ન વગેરે આપવામાં આવે છે, તે પિતૃલોક યમના રાજ્યમાં કામધેનુ બને છે અને તિલ–તલ વગેરેની અંજલિ અપાય છે, તે કામધેનુના વાછડા રૂપે ગણાય છે. યમલોકમાં વસેલ પિતૃગણ એ અક્ષય્ય સુખ આપનાર ધાન્ય અને તિલની અંજલિ પર જીવે છે. હે પ્રેત–જીવાત્મા. તારું જે નામ છે, તે નામે આ તિલાંજલિ અપાય છે, માટે પિતૃલોકમાં એ કામધેનુઓ તારી ઈચ્છા પ્રમાણેની કામનાઓ પુરી કરનાર બને. આ કામદુઘા ધેનુઓ સંધ્યા જેવી લાલ રંગની, સફેદ, એકરૂપની કે વિવિધ રૂપની છે અને તિલ તેનાં વાછડાં છે; જ્યાં તારો વાસ છે, ત્યાં તે કામધેનુઓ તારી સેવામાં હાજર રહો અને તને ઉર્જ–બળ આપો.

'જે અગ્નિ સૂક્ષ્મ દેહ સાથે જીવાત્માને પરલોક લઇ જાય છે તેમજ તેને નિમિત્ત બનાવી; જે હવિ આપવામાં આવે, તે પણ તેને પહોંચાડે છે, તે અગ્નિ વૈશ્વાનર ગણાય છે; તેમાં હું આ હવિની આહુતિઓ આપું છું, જેની ધારાઓ સેંકડો અને હજારોની સંખ્યામાં મેઘની જેમ વહે છે. તે વૈશ્વાનર અગ્નિ પોતે હવિ–ગ્રહણ કરી પુષ્ટ થાય છે અને તે પિતા. પિતામહ અને પ્રપિતામહનાં ભરણ પોષણ કરે છે અને તે બધા પિતૃઓ સ્વધાની સાથે અપાએલાં એ હવિઓને પિતૃલોકમાં મેળવે છે.

'જ્યારે સોમયાગમાં અગ્નિચયન માટેની પાંચ ચિતિઓ–વેદીઓના સ્તર તૈયાર કરવામાં આવે છે, ત્યારે આ કસાંબુ–વનસ્પતિ ઔષધિઓના રસ સાથેના જલથી તે

---

१. અથર્વ વેદ १૮, ૪, ૩१–૪૪

ચયનની રચના કરવામાં આવે છે; તે કસાંબુને સજાત–જ્ઞાતિજનો આવીને સારી રીતે નિરીક્ષણ કરે. આ મર્ત્ય યજમાને પિતૃઓને માટે આ કસાંબુનાં ચયન કર્યાં છે, માટે તે અમરપદને પ્રાપ્ત કરે. તેમજ તે આ લોકમાં જ્ઞાતિજનોની સાથેનાં ઘરમાં નિવાસ કરે. હે મર્ત્ય માનવ, તું આ લોકમાં વૃદ્ધિ પામતો રહે, જ્ઞાન મેળવ, ક્રતુ–ભાવશીલ બન તેમજ અમારો ધનદાતા બન. અહીં જ નિવાસ કરીને વિશેષ વીર્યવાન બન, જેથી બીજા કોઈથી પરાજય થાય નહિ તેમજ અન્નનાં સાધન મેળવી વધતો રહે.

'પિતૃઓને તિલાંજલિ રૂપે અપાતી આ જલધારા એ તો મીઠી મધુરી આપો–દેવીઓ છે, તે પૃત્ર પૌત્ર વગેરેને પૂર્ણરૂપે તૃપ્ત રાખે છે. એ આપોદેવીઓ છે, જે પિતૃઓને સ્વધારૂપે અમૃતનાં પાન કરાવે છે; તે દિવ્ય જલ પરલોકના પિતૃઓને અને આ લોકનાં પુત્ર પૌત્રોને તૃપ્ત કરો. હે આપો દેવીઓ, તમે યજ્ઞના અગ્નિને પિતૃઓની પાસે મોકલો. તે પિતૃઓ અમારા યજ્ઞનાં સેવન કરો, જે પિતૃઓ યજ્ઞમાં હાજર રહી અમારે માટે અન્નનાં સેવન કરે છે. તે પિતૃઓ અમને વીર પ્રજાજનોની સાથે ધનસંપત્તિ આપે. આ પિતૃઓ અગ્નિને પ્રદીપ્ત રાખે છે. જે અગ્નિ અમર છે, જેને ઘીની આહુતિઓ પ્રિય છે અને જે હવ્ય–આહુતિઓનાં વહન કરે છે, તે અગ્નિ સંતાડેલા ખજાનાઓની જેમ દૂર દૂર પિતૃલોકમાં ગયેલા પિતૃઓને જાણે છે. હે પિતૃગણ, તમારે માટે દહીં વલોવીને જે માખણ તૈયાર કર્યું છે, તેમજ ઓદન–ભાત અને મેદ વધારનાર માસ–અડદ સાથેના ભાત તમને આપું છું; એ બધાં હવિ સ્વધા સાથે મીઠાં અને ઘીથી ભરેલાં તમને પ્રાપ્ત થાઓ. જે મીઠાં તિલમિશ્ર ધાના તમને આપવામાં આવ્યાં છે, તે તમને પ્રાપ્ત થાઓ. પરલોક ગયેલા પિતૃઓ અને યમરાજ તમારા યજ્ઞમાં સંમતિ આપો.'

પિતૃમેધમાં પિતૃઓની સાથે દેવી સરસ્વતીનાં આવાહન થાય છે, તેમની પ્રાર્થના સ્તુતિના આ મંત્રો છે :

[1] 'જે મર્ત્ય માનવો દિવ્ય કર્મ કરવાની ઈચ્છા રાખે છે, તે પિતૃઓની સાથે સરસ્વતીનાં હવન કરે છે તેમજ જ્યારે અધ્વર–મોટા સોમયાગોના વિસ્તાર કરવામાં આવે, ત્યારે સરસ્વતીને બોલાવે છે. સુકૃત–પુણ્યશાળીજનો સરસ્વતીનાં હવન કરે છે. તેમજ સરસ્વતી દાની યજમાનને મનગમતાં ધન આપે છે. જે પિતૃઓ દક્ષિણ દિશાથી આવીને યજ્ઞ કરવા માટેનાં સ્થાનો પર આવીને બેસી જાય છે; તે પિતૃઓ સરસ્વતીનાં હવન કરે છે; તે પિતૃઓ નીરોગી બનીને આ દર્ભના આસન પર આવીને બેસી જાય.

'હે સરસ્વતી, આ યજમાનને અન્ન આપો. હે સરસ્વતી દેવિ, સ્વધાથી રાજી થનારા પિતૃઓની સાથે તું પણ આનંદ કર અને પિતૃઓની સાથે એક જ રથમાં બેસીને અમારા યજ્ઞમાં આવી પહોંચ. આ યજ્ઞમાં આવીને તું યજમાનને હજાર ઘણી શોભા વધારતો અન્નની સાથે ધન સાધનનાં દાન આપ.'

---

૧. અથર્વ વેદ ૧૮, ૪, ૪૫–૪૭

મૃત દેહને શ્મશાન ભૂમિ સુધી લઈ જનાર ગાડાના બે બળદોને આરામ આગ-વાને તથા દેહને ભૂમિમાં દાટવાને અને સૂક્ષ્મ દેહને પિતૃલોકમાં જવાને માટે આ મંત્રો સૂચવે છે:

[૧] 'હે મૃતપુરુષ, તું પોતે માટી–પૃથ્વીના રૂપે છે, તેથી તું માટીરૂપી પૃથ્વીમાં ભળી જા; ધાતા દેવ અમારા આયુને વધારે. અમારા લોકને છોડી પરેત=પર લોક ગએલા હે પિતૃઓ, દેવ ધાતા તમને વસુવિદ્–વાસ અને ધનસાધનના લાભ કરાવે, આ લોકમાં મરણ પામેલા જીવાત્માઓ પિતૃઓમાં એકરૂપ થઈ જાઓ.

'પ્રેતના સ્થૂલ દેહને શ્મશાનની ભૂમિ સુધી પહોંચાડનાર ઓ બળદો, આ દેહ શ્મશાન ભૂમિમાં આવી પહોંચ્યો છે. હવે તમે ગાડીથી છૂટી જાઓ અને આરામ કરો. તમને ગાડે જોડીને હાંકતી વખતે જે કઠોર શબ્દ કહ્યા હતા; તે નિંદાથી તમે બચી જાઓ, તમે બંને અઘ્ન્ય છો; અર્થાત્ તમારી હિંસા કોઈથી થાય એમ નથી. ગાડા સાથે તમને બંનેને જોડયા હતા અને માર્ગે હાંકવા પડયા હતા; તેથી ગાડિતે તમને નિંદાના કઠોર શબ્દ કહ્યા હતા. હવે તમને ગાડાર્થી છોડી દીધા છે, તેથી તમારી નિંદાથી પણ બચી ગયા છે. હવે તે યજમાન શ્રેષ્ઠ બનીને પિતૃઓને ઉદ્દેશી પિતૃમેધ યાગમાં હવિ આપે છે, તે હવિનાં પુણ્ય તમને પ્રાપ્ત થાઓ.'

પિતૃમેધ યાગમાં આપેલાં હવિ અને દક્ષિણા વગેરે પિતૃઓને પ્રાપ્ત થાય છે, તે વિષે :

[૨] પિતૃઓ જણાવે છે કે; યજ્ઞમાં જે યજમાન દાન–દક્ષિણાઓ આપે છે, તે સારી કામનાઓ પોષનાર અને અન્ન આપનાર હોય છે, તે દક્ષિણાઓનાં પુણ્ય અમને કલ્યાણકારી માર્ગે મળે છે. જેમ યૌવન ચાલ્યાં જતાં ઘડપણ આપોઆપ આવી પહોંચે છે, એમજ દક્ષિણાઓ પિતૃલોકમાં રહેલ જીવોને આપોઆપ પહોંચી જાય છે.

'આ પિતૃમેધ યાગમાં આવી પહોંચેલ પિતૃઓને માટે હું આ દર્ભાસન પાથરૂં છું; એનો ભાવ એ છે કે, અમારી પાસેથી જે જીવાત્મા પરેત–પરલોક ગયો છે, તેને માટે દેવોથી પણ ઊપર રહેલ પિતૃલોકમાં આસન તૈયાર કરૂં છું. હે પુરુષ, તું મેધ્ય–પવિત્ર બનીને આ આસન પર બેસી જા. તું અહીંથી પરેત–વિદાય લઈને પિતૃલોકમાં આવી પહોંચ્યો છે, એ વાત ત્યાંના પિતરો જાણે. એજ રીતે તું પિતૃરૂપ બનીને આ પિતૃમેધ યાગમાં આવીને દર્ભાસન પર બેસે; ત્યારે પિતૃઓ તને જાણે. જેમ અંગોના પર્વ પર્વ ભરાતાં શરીર પૂર્ણ બને છે, એમજ તારા સૂક્ષ્મ દેહનાં ગાત્રોને હું બ્રહ્મ–મંત્રદ્વારા પુરેપુરાં ભરી દઉં છું.

'પિતૃઓને માટે તૈયાર કરેલ ચરુ છે, તેનાં પાત્ર પર પર્ણ–ખાખરાનું પાન ઢાંકવામાં આવે છે, એ પર્ણ રાજા છે અને તેથી યજમાનને ઊર્જ–અન્ન, બલ, સહનશક્તિ, ઓજ–તેજ વગેરે મળે છે; ને જીવિત માનવોને સો સો વર્ષનાં દીર્ઘ આયુષ્ય આપે છે.

---

૧. અથર્વ વેદ ૧૮, ૪, ૪૮–૪૯ ૨. અથર્વ વેદ ૧૮, ૪, ૫૦–૭૦

'હે વિશ્વના મિત્રો, જે ઊર્જ ભાગે આ અન્નને પેદા કર્યું છે અને જેણે બધા પ્રકારના અન્ન પર આધિપત્ય–સત્તા મેળવેલ છે, તે અન્ન મેળવનાર પિતૃઓનાં પૂજન તમે સારી રીતે કરો. તે પિતૃલોકના સ્વામી યમ અમને દીર્ઘ આયુ આપે. જેમ પાંચ પ્રકારનાં માનવોએ યમને માટે ઘર બનાવી આપ્યું હતું; એવી જ રીતે હે પિતૃઓ, હું તમારે માટે ઘર બનાવી આપું છું, જેના પુણ્ય પ્રભાવે અમને ઘણાં ઘર મળે. હે પ્રેત પુરુષ, પહેલાં તારા પિતાએ જે સોનું ધારણ કર્યું હતું, તે સોનું તું ધારણ કર. જેથી સ્વર્ગલોકમાં ગએલ તારા પિતા પોતાના જમણા હાથે તે સોનાને ધારણ કરે;

'આ પિતૃઓમાં જે જીવતા છે અને જે મરેલા છે, જે જન્મ્યા છે અને જેમણે યજ્ઞનાં કાર્યો કર્યાં છે; તે બધા પિતૃઓને મધની ધારા તેમજ ઊભરાતી ઘીની નદીઓ મળતી રહો. આ તે યમ છે, જે વિચક્ષણ વૃષા–કાળના પ્રમાણે ફલ આપનાર છે. જે મતિઓને શુદ્ધ કરે છે; જે પોતે સૂર્યરૂપ ધારણ કરી, અહોરાત્ર–દિનરાત, ઉષાઓ અને દ્યુલોકના વધારનાર છે. જે યમ પોતે નદીઓના પ્રાણરૂપે ઘડાઓમાં ગર્જના કરે છે તેમજ પોતાની ઈચ્છા પ્રમાણે દરેકના હૃદયમાં પ્રવેશ કરે છે.

'હે પાવક અગ્નિ, તારો જે પ્રકાશ શુદ્ધ છે અને બધાં લોક સુધી ફેલાએલો છે, તે દ્યુલોક સુધી ધૂમાડાની જેમ ફેલાએલો રહે. તું અમારી પર સૂર્યની જેમ પ્રકાશ આપી તેજસ્વી થા. જેમ મિત્ર મિત્રની સુંદર વાણીને માન આપે છે, એમજ ઈન્દુ–સોમરસ ઈન્દ્રની નિષ્કૃતિ–સરળતાને પ્રાપ્ત થાય છે. હવે જેમ પુરુષ સ્ત્રીની સાથે સંગત થાય છે, એમજ સોમરસ સેંકડો ધારાથી કલશમાં ભરાય છે; અર્થાત્ પિતૃઓને માટે સોમયાગો કરવામાં આવે છે, તેમાં અગ્નિ અને ઈન્દ્રની સાથે સોમરસની ધારાઓ પણ પિતૃલોકમાં રહેલા પિતૃઓને પુણ્યની પ્રાપ્તિ કરાવે છે. પિતૃલોકમાં રહેલા પિતૃઓ સ્વયં પ્રકાશિત બનીને સોમયાગમાં આપેલ હવિનાં ભક્ષણ કરે છે, તે પિતૃઓ પોતાનાં પ્રિય જનોનાં પાપ ધોઈ નાખે છે અને તેમની પ્રશંસા કરે છે.

'અમે યજમાન યુવાન અને બુદ્ધિશાળી બનીને તે પિતૃઓને અમારા યજ્ઞમાં પ્રાપ્ત કરીએ. સોમરસનાં પાન કરનારા જે પિતૃઓ પિતૃલોકમાં વાસ કરે છે, તે ગંભીર પિતૃયાણના માર્ગોથી અમારા સોમયાગમાં આવો અને અમને દીર્ઘ આયુષ્ય આપો તેમજ અમને પ્રજાજનો, ધન, સાધન, પોષણની સંપત્તિથી ભરપૂર કરી દ્યો. ત્યાર પછી તમે તમારા પિતૃલોકમાં પાછા ફરી જાઓ, જે ગંભીર, પૂર્યાણ માર્ગોથી અહીં આવ્યા હતા. ઉત્તમ પ્રજા અને વીરજનોને પોષનારા ઓ પિતૃઓ, આ રીતે તમે માસે માસે થતા સોમયાગોમાં હવિનાં ભક્ષણ કરવા આવી પહોંચો.

'હે પિતૃઓ, શ્મશાનમાં દેહને બાળનાર જે જાતવેદસ્ અગ્નિ છે. તેણે તમારા એક સૂક્ષ્મ દેહના અંગને બચાવી લીધું હતું, જેથી તમે પિતૃલોકમાં પહોંચી ગયા હતા,

તે સૂક્ષ્મ અંગને હું આ હવિષ્ય આપીને તૃપ્ત કરૂં છું.' પોતાના સૂક્ષ્મ દેહની સાથે પિતૃલોકમાં રહેલા પિતૃઓ સ્વર્ગમાં આનંદ–પ્રમોદ કરતા રહો; સાંજે ને સવારે થતા અગ્નિહોત્રમાં મનુષ્યો જેને વંદન કરે છે, તે આ જાતવેદસ્ અગ્નિ પિતૃઓએ મોકલેલો દૂત છે. હે પ્રકાશમાન અગ્નિ, અમારાં આપેલાં આ હવિષ્ય અમારા પિતૃઓને પહોંચાડો; જેમણે તમને દૂત બનાવ્યા છે, તે પિતૃઓ અમારાં મોકલેલાં હવિષ્યનાં ભક્ષણ કરો, જે અમે સ્વધા સાથેના મંત્રો ભણી આપ્યાં છે, તે હવિનાં તું પણ ભક્ષણ કર.

'અમુક નામના હે પ્રેત, અહીં તારૂં મન રહી ગયું છે. હે ભૂમિ માતા; જેમ સ્ત્રીઓ પોતાના પાલવમાં બાળકને ઢાંકી દે, એમજ આ પ્રેતના સ્થૂલ દેહને તું તારી અંદર ઢાંકી દે. જેમાં પિતૃઓ બેઠેલા છે, એવા એ પિતૃલોક શોભી ઊઠો; એ પિતૃ-સદન લોકમાં હું તને બેસાડું છું. અમારા જે પિતૃઓ છે, તેમને આ સોમયાગમાં બોલાવી દર્ભાસન પર બેસાડું છું.

'હે અદિતિના પુત્ર વરુણ, તારા જે ઉત્તમ, મધ્યમ અને અધમ પ્રકારના પાશ છે, તેથી અમને મુક્ત કર. અમે તારા વ્રતનાં પાલન કરીએ છીએ અને પાપરહિત બનીને સમૃદ્ધ થઈએ. તમારા સમ વિષમ પાશથી મુક્ત બનીને તેમજ તમારાં રક્ષણ મેળવીને અમે સો સો વર્ષો સુધી જીવીએ.'

દેવોને સ્વાહા ભણીને હવ્ય અપાય અને પિતૃઓને સ્વધા ભણી કવ્ય અપાય; એ રીતે અગ્નિ હવ્યવાહન બની દેવયજ્ઞમાં અને કવ્યવાહન બની પિતૃયજ્ઞમાં આવે છે. સોમયાગ પણ જેમ દેવોને તૃપ્ત કરવા માટે હોય છે, એમ જ પિતૃઓને તૃપ્ત કરવા માટે પણ હોય છે. એકંદર દેવોના જેટલું પિતૃઓનું સ્થાન યજ્ઞમાં મહત્ત્વનું છે. પિતૃ-ઓની સાથે વંશપરંપરાના સંબંધ હોઈ, શ્રાદ્ધ અને તર્પણ કરવામાં આવે છે, તે ઉપરાંત પિંડપિતૃયજ્ઞ અને પિતૃમેધ યાગ કરવામાં આવે છે, તેમાં જે મંત્રો ભણાય છે, તેનો ભાવ આ છે :

[1] 'તે અગ્નિને સ્વધા સાથે નમસ્કાર, જે કવ્યવાહન છે. તે સોમને સ્વધા સાથે નમસ્કાર છે. જેની સાથે પિતૃઓ છે, તે પિતૃઓને સ્વધા સાથે નમન; જેમની સાથે સોમ છે અને તે યમને સ્વધા સાથે નમસ્કાર, જેની સાથે પિતૃઓ છે.

'હે પ્રપિતામહ, તમને અને તમારી સાથે જે અનુગામીઓ રહેલા છે, તે બધાને સ્વધા સાથે નમન, હે પિતામહ તમને અને તમારી સાથે જે છે, તે બધાને તેમજ હે પિતૃ–તત, તમને સ્વધા સાથે નમસ્કાર હો. જે પિતૃઓ પૃથ્વી પર બેઠેલા છે. જે પિતૃઓ અંતરિક્ષમાં બેઠેલા છે અને જે પિતૃઓ દ્યુલોક–સ્વર્ગમાં બેઠેલા છે, તે બધા પિતૃઓને સ્વધા હો.

---

૧. અથર્વવેદ ૧૮, ૪, ૭૨–૮૯

'હે પિતૃઓ, તમારા ઉર્જ—અન્ન કે બળને નમન હો. હે પિતૃઓ, તમારા રસને, તમારા ભામ—ક્રોધને, અને મન્યુ—ઉત્સાહને નમસ્કાર હો. હે પિતૃઓ, તમારાં જે ઘોર અને ક્રૂર કર્મો છે, તેમને નમસ્કાર હો. હે પિતૃઓ તમારાં જે શિવ હિતકારી અને સ્પોન—સુખકારી કર્મો છે, તેમને નમસ્કાર હો. હે પિતૃઓ, તમને નમસ્કાર હો, હે પિતૃઓ, તમને સ્વધા હો.

'જે પિતૃઓ અહીં છે, તેમ જ તમે જે પિતૃઓના રૂપે અહીં રહેલા છો; તે ઉપરાંત જે પિતૃઓના અનુગામીઓ છે; તે બધામાં તમે શ્રેષ્ઠ થઈ રહો. જે પિતૃઓ અહીં—અમારા આ યજ્ઞમાં આવી પહોંચેલા છે, તેમની કૃપાથી અમે અમારા જીવાત્મા-ઓની સાથે આનંદ કરીએ છીએ. અહીં જે લોકો અમારા અનુગામીઓ છે, તેમની સાથે અમે શ્રેષ્ઠ બનીને રહીએ.

'હે દેવ અગ્નિ, અમે તમને સમિધાઓથી સમિદ્ધ—પ્રકાશિત કરીએ છીએ, જો કે તમે તો સ્વયં દ્યુમાન—પ્રકાશથી યુક્ત છો અને અજર અમર છો. અમારી આપેલી આ સમિધા તો પૃથ્વીની છે, પણ તમે જેથી સ્વયં પ્રકાશિત છો, તે સમિધ તો અત્યંત પ્રશંસનીય છે, જે દ્યુલોકમાં સૂર્યને પ્રકાશિત કરે છે; માટે તે દિવ્ય જ્યોતિથી અમને ભરપૂર બનાવ, જે અમે તમારી સ્તુતિ કરીએ છીએ. જેમ સુવર્ણ—સારી ગતિવાળો ચંદ્ર આપોદેવીઓમાં, અંતરિક્ષમાં અને દ્યુલોકમાં સારી રીતે ગતિ કરે છે અને જેમ રોદસી—આકાશ અને પૃથ્વી બંને પોતાની વચમાં વીજળીઓ સોનાની જેમ ચમ-કતી રહીને ગતિ કરે છે; તે ચંદ્ર અને તે વીજળીઓ તમને ઉત્તમ પદ અને ધન સાધન આપતાં રહો.'

યમરાજની સાથે સાથે પિતૃઓ વાસ કરે છે, તે નિત્ય ચિરંજીવ પિતૃઓ છે, જે આ મૃત્યુલોકથી મરણ પામી પ્રેત પરલોક ગયા છે, તે બધા જ પિતૃલોકમાં વાસ કરતા નથી; પરંતુ તેમના વાસના દેહનાં સૂક્ષ્મ તત્ત્વો નિત્ય પિતૃઓની સાથે એક રૂપ બને છે. અહીં તેમની પાછળ અને તેમને નિમિત્તે જે શ્રાદ્ધ, તર્પણ અને પિતૃયજ્ઞો થાય છે, તે સૂક્ષ્મ પુણ્ય અદૃષ્ટરૂપે પરિણમે છે અને અગ્નિ તેને પિતૃલોક સુધી પહોં-ચાડે છે અને ત્યાંના વાસનાદેહો સંતોષાય છે, તે દ્વારા જે જીવોએ બીજે ઠેકાણે જન્મ લીધા હોય, તે જીવોને આ પુણ્ય પહોંચે છે.

આ વિષે કોઈ તર્ક કે શંકાને સ્થાન નથી. એટલું તો સ્પષ્ટ છે કે, જેમણે આપણને જન્મ આપ્યો અને પાલન પોષણ કરીને માનવ સંસ્કાર આપ્યા; તે આપણા પૂર્વજો ચાલ્યા ગયા; તેમનાં ઋણ આપણે માથે છે. તેમની પુણ્ય સ્મૃતિ બની રહે અને આપણી પરંપરા પેઢીને પણ એ ઋણ સ્વીકારની ભાવના જાગે, તે જોવાનું છે. આ

એક પ્રકારની વીરપૂજા છે. દેવપૂજાની જેમ જ તેનું મહત્વ પણ સ્વીકારવું જોઈએ. વેદમૂર્તિ શ્રીપાદ દામોદર સાતવળેકરજી તે વિષે જણાવે છે કે :

૧ 'આજના જમાનામાં આ એક વિવાદનો વિષય છે કે 'યમ અને પિતૃઓ છે ? અને તેથી તેને વિષે વિચારણા કરવી જોઈએ; પરંતુ આ વિષે એટલું તો સ્વીકારવું પડશે કે આ માટે આપણી પાસે વેદ જ એક અંતિમ સાધન છે અને તેની પ્રામાણિકતા પર બધાએ વિશ્વાસ મૂકવો પડશે. આમ વેદમાં આ વિષે શું વિચાર્યું છે, તે આપણે જાણવું જોઈએ. આપણે પુનર્જન્મમાં પૂરેપૂરો વિશ્વાસ ધરાવીએ છીએ. મરણ પછી જીવાત્મા પહેલાં ક્યાં જાય છે અને પછી ક્યાં જન્મ લે છે, તે વિષે નિશ્ચિતરૂપે આપણને કશી ખબર નથી. મર્યા પછી જીવ ક્યાં જાય છે, કયા રૂપે રહે છે, ક્યાં સુધી પુનર્જન્મ લીધા વિનાની દશામાં રહે છે. સગાં સંબંધીજનોની સાથે તેનો કોઈ સંબંધ રહે છે કે નહિ, રહેતો હોય, તો કયા રૂપમાં. તે મૃત—મરેલા જનોને માટે જીવિતજનોએ કાંઈ કરવું જોઈએ કે નહિ. યમ કોણ છે, ક્યાં રહે છે, મૃત પિતૃઓની સાથે તેનો શું સંબંધ છે. યમના દૂતો કયા છે, યમ ક્યા લોકનો રાજા છે, વગેરે અનેક મહત્ત્વના પ્રશ્નો આપણી સામે ઉભા છે. આપણી નરી આંખે આમાંનું કશું દેખાતું નથી; તેથી બીજાં પ્રમાણો આ બાબતમાં કશા કામનાં નહિ, ફક્ત વેદો જ આ વિષયમાં જાણકારી આપે છે અને વેદોનું પ્રમાણ સૌથી શ્રેષ્ઠ પ્રમાણ છે, આ વાતનો સ્વીકાર આ વિષયમાં કરવો જ રહ્યો.'

अथर्ववेद કાંડ અઢારના ઉપસંહારમાં વેદમૂર્તિશ્રી જણાવે છે :

'આ પ્રકરણનાં આદિથી અંત સુધી નિરીક્ષણ કરતાં, એક બાબત જાણવાની મળે છે કે; પિતૃલોક પાંચ પ્રકારના છે : પૃથ્વી, અંતરિક્ષ, દ્યુલોક, પિતાનું કુળ અને પિતાનો દેશ : અર્થાત્ જે મૂલ પ્રદેશમાં આપણા પૂર્વજ પિતૃઓ રહ્યા હતા.

જે માર્ગે આ પિતૃઓ જાય છે, તેને પિતૃયાણ કહે છે; આ માર્ગને અગ્નિ જાણે છે : पन्थानमनु प्र विद्वान् पितृयाणं घुमदग्ने समिधानो वि भाहि । ઋગ્વેદ ૧૦, ૨, ૭ હે અગ્નિ તું પિતૃયાણ માર્ગનો જાણકાર છે, માટે પ્રકાશિત અને સમિદ્ધ થઈને શોભી રહે. ઋગ્વેદ (૧, ૧૦૯, ૭)માં સૂર્યનાં કિરણોને પિતૃયાણ માર્ગ કહ્યો છે : અર્થાત્ અંતરિક્ષ અને દ્યુલોકમાં રહેનારા પિતૃઓ સૂર્યકિરણોની સહાયથી ગતિ કરે છે. આનો અભિપ્રાય એ છે કે, પૃથ્વી સુધીનો માર્ગ અગ્નિનો જાણીતો છે, તેથી આગળનો અંતરિક્ષ અને દ્યુલોકનો માર્ગ સૂર્યનાં કિરણોથી પ્રાપ્ત થાય છે.

આ પિતૃઓ અનેક રીતે આપણાં રક્ષણ કરે છે અને કાર્ય કરે છે; તેમાં મુખ્યત્વે સંકટમાં રક્ષણ કરવું, સૂર્યપ્રકાશ આપવો, પાપથી બચાવવા, સુખ આપવું, પુત્ર પ્રજા

---

૧. 'अष्टादश काण्डका मनन' पृ. ६९ अथर्ववेदका सुबोध भाष्य ।

આપવાં, મનને પાછું વાળવું કે પુનર્જન્મમાં સહાય કરવી, સ્તોત્ર રચવાં, દીર્ઘાયુ આપવાં, મરેલાને જીવનદાન આપવું; વગેરે.

આ પિતૃઓ માટે આપણી ફરજ–કર્તવ્ય આ છે : નિત્ય નિરંતર અન્નદાન આપી પિતૃઓને નમસ્કાર કરવા. તેમને સ્વધા સાથે આહુતિઓ આપવી, જલની અંજલિ કે તિલાંજલિ આપવી અને શ્રાદ્ધ તર્પણ કરવાં. માસે માસે પિતૃઓ માટે દાન કરવાં.

આપણા બોલાવ્યા પ્રમાણે આ પિતૃઓ યજ્ઞમાં આવે છે અને ઘુંટણો ટેકવી દર્ભાસન પર બેસે છે. તે આપણી પ્રાર્થનાઓ સાંભળે છે અને આપણાં રક્ષણ કરે છે. પિતૃઓની સાથે અગ્નિનો સંબંધ છે, કારણ કે તે અગ્નિ પિતૃલોકમાંથી પિતૃઓને યજ્ઞમાં લાવે છે અને પ્રેત જીવાત્માના સૂક્ષ્મ દેહોને પિતૃલોકમાં પહોંચાડે છે, જ્યાં તે પિતૃરૂપ ગણાય છે. જે અગ્નિમાં અંત્યેષ્ટિ સંસ્કાર થાય, તેને ક્રવ્યાદ અગ્નિ કહે છે, તેને યમરાજ્યમાં મોકલી દેવાય છે, કારણ કે તે અગ્નિ દેવયજ્ઞના કામમાં આવતો નથી, તે દક્ષિણ દિશામાં પિતૃઓની સાથે રહે છે.

જેના અંત્યેષ્ટિ સંસ્કાર અગ્નિમાં થયા છે, તે પિતૃઓને અગ્નિષ્વાત્ત કહે છે, તેમને અગ્નિ સાથે બોલાવી, આહુતિઓ આપો, તેથી તે રાજી થાય છે અને તે આપણી મનકામના પુરી કરે છે.

માનવ જાતિમાં સૌથી પહેલો માનવ યમ છે, જે વિવસ્વાન=સૂર્યનો પુત્ર થાય; જેણે આ મર્ત્યલોકમાં જન્મ લીધો અને મરીને તે મૃત્યુલોકમાં ગયો અને ત્યાંનો રાજા બન્યો (અથર્વ ૧૮, ૩, ૧૩) આ યમ પિતૃઓનો અધિપતિ છે, રાજા છે, પિતૃઓ તેની પ્રજા છે. યમના રાજ્યમાં પિતૃઓનું સ્થાન ઘણું ઊંચું છે. તે પિતૃઓ યમની સાથે યજ્ઞમાં જાય છે અને હવિનાં ભક્ષણ કરે છે. એ પિતૃઓની સંમત્તિથી યમ પુણ્યશાળીજનોને સ્વર્ગલોક આપે છે.

આપણે એ યમને હવિ આપવાં જોઈએ. તેને માટે સોમપાન તૈયાર કરવાં જોઈએ. યમને નિમિત્તે જે યજ્ઞ કરવામાં આવે, તેની આહૂતિઓ આપવાથી યમ આપણને દીર્ઘ જીવન આપે છે. તેને સ્વધા અને નમન આપવાં જોઈએ.

# ૩
# યમ અને યમી

[1] બ્રહ્મવાદીએ ગાએલી સર્જન જૂની આ ગાથા છે: 'જે આપોદેવીઓ છે, એ તો માનોને કે, જલતન્માત્રાઓ રૂપે હતાં. સર્જન પહેલાં તો એ જલતન્માત્રાઓ પણ એક મોટું સલિલ–જલ હતું. એમાંથી એક ઉર્મિ–તરંગ જાગ્યો અને એ ઉર્મિ–તરંગે બીજા ઊર્મિને ધક્કો માર્યો. આમાંથી જે બે ચળકતી સોનાની કુશી–બેઠકો બની એજ ઋચા અને સામ બન્યાં.

'તે તરવા લાગ્યાં, જે 'એ એક ઋચા હતી અને આ એક સામ(ગાન) હતો. તેણીને પૂછવામાં આવ્યું: તું કોણ છે? 'તે હું છું,' એમ તેણીએ કહ્યું; અથવા તો હું અમ–અહમ્ છું. એમ તેણે કહ્યું'. આમ જે 'સામ'પદ છે, તેમાં 'સા' છે અને અમ છે. આમ 'સામ' એક સમાસ પદ બને છે.

'હવે એવો વિચાર આવ્યો કે, 'ચાલો, આપણે સંભવીએ–જન્મ આપીએ' 'ના,' એમ તેણે કહ્યું, તું તો મારી બેન છે, તું મિથુન–જોડી થવા માટે બીજાને ઇચ્છ,' તે મિથુનની ઈચ્છા કરતી કરતી, સલિલ ભર્યા સાગરમાં તરવા લાગી. એ રીતે તે સીત્તેર હજાર વર્ષો સુધી તરવા લાગી. તે વિષે આ શ્લોક ગવાય છે; 'આગળ અને આગળ સંચાર કરવાને કારણે તે સ્ત્રી ગણાઈ અને પતિની ઈચ્છા કરતી તે સલિલમાં તરવા લાગી. આમ તે સીત્તેર હજાર વર્ષો સુધી સંચાર કરતી રહી ત્યારે ગશ્યત–જોનાર જન્મ્યો હતો.'

'આકાશમાં જે આદિત્ય સૂર્ય છે, તેને

---

૧. જૈમિનીયોપનિષદ બ્રાહ્મણ ૧, ૧૮, ૧

'ગશ્યત' કહે છે. એણે ત્યારે તો જન્મ લીધો હતો. એથી તો તે જુએ છે, હવે એ સૂર્યના પ્રકાશમાં તેણીએ તેને જોઈ લીધો અને તે તેની પાસે ગતિ કરીને ગઈ. તેણીએ કહ્યું. 'મને તો કોઈ મળતું નથી, જેની સંગત સાધી, હું સંભવું. તારાથીજ મારે તો સંભવવું છે.' તેણે કહ્યું,' તું બીજીની ઈચ્છા કર. તું એકલી મને સંગત નહિ થાય. તેણીએ ગતિ કરીને બીજીને મેળવી લીધી.

ત્યાં તેણે કહ્યું; તે પ્રમાણે તેણીએ ત્રીજીની ઈચ્છા કરી; કારણકે તમે બે મને સંગત નહિ થાવ; એમ કહ્યું હતું. તેથી તેણે ત્રીજીને મેળવી ગતિ કરી. ત્યારે તેણે કહ્યું; અહીં, હવે મને સંગત થશો'

બે બેનાં જોડકાં હોય, પણ તે ભાઈબેન ગણાય, તે વિષે આ બ્રહ્મવાદી કહે છે:

૧ 'સર્જન પહેલાં તો એ બેજ હતાં; સત અને અસત; એમાંનું જે સત છે, તે સામ, તે મન અને તે પ્રાણ. જે અસત, તે સમ્યક ઋચા, તે વાણી તે અપાન, આમાં જે મન અને પ્રાણ, તે સમાન. પછી જે વાણી અને અપાન તે સમાન. આમ આયતન તે મન. મન અને પ્રાણ; તેમજ વાણી અને અપાન. આથી પુરુષ ગોપાની દક્ષિણ બાજુએ સુવે છે.

'આ જોડકાંના સંબંધે જે ઋચા છે, તેણે સામની સાથે મિથુન—સંગત થવાની ઈચ્છા કરી. તેણીને પૂછ્યું. 'કોણ તું છે.?' તેણીએ કહ્યું. 'હું સા છું;' તો પછી; 'હું અમ છું.' આ રીતે જે સા છે અને અમ છે, તે સામ થાય. સામનો આ સામ—સમાન ભાવ છે.

'તેણીએ કહ્યું. 'ચાલો, આપણે બે સંભવીએ. સર્જન કરીએ.' તેણે કહ્યું. ના, તું મારી સ્વસા—બેન છે. તું બીજે મિથુનની ઈચ્છા કર' તેણીએ કહ્યું. 'તે કોઈ મને મળતો નથી, જેથી હું સંભવું. તારાથીજ સંભવવું છે.'

એ ગાથા આગળ ચાલે છે. જે ઋચા અપવિત્ર હતી, તેથી સર્જન થાય નહિ. તેને પવિત્ર કરવામાં આવી. યજ્ઞના સદનમાં તેને રાખી; તેની કાયા બદલાઈ. તેણે જણાવ્યું:

૨ 'જ્યારે તેણે સંભવ થવાની ઈચ્છા કરી, ત્યારે તેણે કહ્યું; હું અમ છું અને તું સા છે. સા તું છે અને અમ હું છું. તે તું મને અનુવ્રત બન જેથી પ્રજાઓનાં પ્રજનન કરીએ. આવ, આપણે સંભવીએ.' તેની સાથે સંભવ થતાં; તે ખાલી પડી ગયો. તેણે કહ્યું; હું સાચેજ તને અનુભવું છું. ચાલો વિરાટ બનીને આપણે પ્રજનન કરીએ, તો ભલે એમ હો. બંનેએ વિરાટ બની, પ્રજનન કર્યાં.'

જ્યારે પતિ અને પત્ની હાથે હાથ પકડી, અગ્નિની પ્રદક્ષિણા કરી, વિવાહ માટે પ્રતિજ્ઞા લે છે, ત્યારે ઉપરના ભાવનોજ મંત્ર ભણાયો છે:

---

૧. જૈ. ઉ, ૧, ૧૭,૧ ૨. જૈ. ઉ. બ્રા.૧, ૧૭, ૨, ૬

[1]'હે વધૂ, હું અમ્ છું. તું સા છે. સા તું છે, અમ હું છું. સામ હું છું, ઋચા તું છે, દ્યૌ–આકાશ હું અને પૃથ્વી તું. તેથી તું આવ, એવાં આપણે બે વિવાહ કરીએ, સાથે રેતસ–વીર્ય ધારણ કરીએ, પ્રજાનાં પ્રજનન કરીએ.'

અહીં બે જુદાં નરનારીનાં જોડાણ થયાં છે અને તેથી જે પ્રજા જન્મે; તે શુદ્ધ–સંસ્કારી બને, તે ભાવને આ બ્રહ્મવાદી રજૂ કરે છે:

[2]અહીં આ તો મિથુન–જોડી છે, જે વાણી છે અને જે પ્રાણ છે. મિથુન છે, તે ઋચા અને સામ બે છે. આમ ચારની સંખ્યા સુધી મિથુન હોય, તેથી પ્રજનન થાય. અહીં જે પ્રકારનાં રેતસ હોય; તે પ્રકારે સંભવે છે.

'જો પુરુષ માનવ હોય, તો તેથી માનવ; ગોજાતિ હોય; તો ગોજાતિ અને અશ્વ–ઘોડાનો ઘોડો થાય તેમજ મૃગનો મૃગ થાય. જેનું જે રેતસ–વીર્ય હોય, તે રીતે તે સંભવે. જેમ શુદ્ધ સોનું–કુંદન હોય, તે હિરણ્ય ગણાય; તેને અગ્નિમાં નાખવામાં આવે. તો તેથી વધારે ને વધારે કલ્યાણકારી હિરણ્ય બહાર આવે.'

સૃષ્ટિનાં સર્જન કાલે આ શુદ્ધ સંસ્કારી પ્રજાજનના સર્જનનો વિચાર કરવામાં આવ્યો છે. જ્યાં એકજ હોય, તેથી બીજું શું જન્મે અને માનો કે, આદિમાં એક યુગલ હોય, એક વૃષા અને યોષા હોય, સ્ત્રી અને પુરુષ હોય, નર અને નારી હોય, તેથી જે સૃષ્ટિ થાય; તેમનાં તે માતા અને પિતા થાય અને તેમની પ્રજા તો ભાઈબેન થાય. આદિ પ્રજાપતિ, તે વિવસ્વાન–સૂર્ય અને સરણ્યૂ તેનાં પત્ની; તેથી જેનો જન્મ થયો, તે યમ અને યમી. તે બંને તો સહોદરઃ ભાઈ અને બેન; તે બંને મિથુન જોડી બને અને પ્રજાનાં સર્જન કરે, એ તો કેમ બને?

પશુ પક્ષીઓમાં કુદરતનું આકર્ષણ હોય, પણ માનવ પ્રજાજન પાસે વિવેક વિચાર હોય, શુદ્ધ સંસ્કાર હોય; ત્યાં ધર્મની પ્રતિષ્ઠા છે; જેના મૂળમાં વેદ છે. વેદની આદર્શ ભાવનાને સંવાદનું રૂપ આપવામાં આવ્યું છે. ભાઈ અને બેનનો સંબંધ પતિ અને પત્નીના સંબંધ કરતાં જુદો છે, એ માટે જે યમ–યમી સંવાદ ઋગ્વેદમાં રજૂ થયો છે; તેજ સંવાદ અથર્વવેદમાં રજૂ થાય છે.

વિશાળ આકાશના અર્ણવ–મહાસાગરનો પ્રદેશ છે, ત્યાં યમ ઉભો છે. તેને એકલો જોઈ, યમી તેની પાસે આવી પહોંચે છે અને તેને જણાવે છે:

[3]'ઓ યમ, અર્ણવ–મહાસાગર તો અત્યંત વિસ્તૃત રીતે પથરાયો છે; તેની પારે તારે જવું છેને? પણ ઉભો રહે. તુ મારો સખા છેઃ સરખાં માતાપિતા છે; પણ હવે મારે તારી સખી–સહચરી, જીવન સાથી બનવું છે. હું તને વરવા માંગું છું. આ વિશાળ ક્ષમા–પૃથ્વી છે, ત્યાં તું વિશેષે કરીને પ્રકાશિત થાય છે. તું હવે વેધા–પ્રજાપતિ બન અને

૧. પારસ્કર ગૃહ્યસૂત્ર ૨. જૈ. ઉ. બ્રા. ૩, ૬, ૬ ૩. અથર્વ વેદ ૧૮, ૧, ૧–૧૬

મારામાં પુત્રનાં આધાન કર; જેથી પિતાનું પતન ન થાય અને કુલ પરંપરા–સંતતિ ચાલૂ રહે. પ્રજાપતિ ધાતા બનીને ગર્ભ ધારણ કરે છે.

'ઓ યમી, આપણે બંને એક જ માતાપિતાનાં સંતાન છીએ અને આપણે બે સહોદર ભાઈબેન છીએ; એ તારી વાત સાચી છે. અને એને જ કારણે હું સખા–પતિ તરીકે તારા સખ્ય–સહચારને ઈચ્છતો નથી. આપણાં બંનેનાં લક્ષણ એક સરખાં છે અને પતિ પત્નીનાં રૂપ, ગુણ, લક્ષણ જુદાં હોવાં જોઈએ. એ કારણે આપણે બંને પતિ–પત્ની બનીએ, તે બરોબર નથી. ઋત–સદાચારનાં પાલન કરાવનાર વરુણ તો મહાન અસુર–પ્રાણદાતા છે, તેના દૂતો કાર્ય વ્યવહારને ધારણ કરનાર અને વીર પુત્રોની જેમ પિતાની જવાબદારી લેનારા હોય છે અને તે વિશાળ પૃથ્વી પર ભમતા રહીને નીતિ નિયમથી વિરુદ્ધ વર્તનારને રોકતા હોય છે.

'ઓ યમ, પ્રજાપતિ જેવા અજર અમર દેવ પણ પુત્રની ઈચ્છા સેવતા હોય છે, પછી મર્ત્ય માનવ એકાદ પુત્રની ઈચ્છા કરે, તેમાં ખોટું શુ છે? તારા મનને હું મારા મનમાં ધારણ કરૂં છું. હું તારી જાયા અને તું મારો પતિ; એ ભાવે તું મારા શરીરમાં પ્રવેશ કર: અર્થાત પતિજ પુત્રરૂપે પત્નીમાં જન્મે છે, તેને કારણે જાયા કહેવાય છે.

'ઓ યમી, જે કાર્ય આ પહેલાંનાં કોઈ માનવીએ કર્યું નથી, એ ખરાબ કામ હું શી રીતે કરૂં? આપણે તો ઋત–સદાચાર પ્રમાણેની વાણી બોલનારાં ગણાઈએ, તે ભલા હવે અનૃત–જૂઠની વાણી બોલીએ? આપણાં ઉત્તમ માતાપિતાના સદાચાર ભણી જો. આપણા પિતા વિવસ્વાન સૂર્ય, એ તો જલ તન્માત્રાઓથી ભરેલા વિશાળ સાગરના ગંધર્વ–કિરણોથી ચમકતા તેજસ્વી છે અને આપણાં માતા સરણ્યૂ; એ તો જલ તન્માત્રાઓમાં વિહાર કરતા સૂર્યનાં યોપા–દિવ્ય પત્ની છે. આવાં ઉત્તમ પ્રકારનાં દિવ્યતા ધરાવનારાં આપણાં માતાપિતા છે. એ દિવ્ય યોપા તો આપણાં નાભિ–ઉત્પત્તિનું સ્થાન છે અને એનેજ કારણે આપણો જામિ–ભાઈ બેનનો સંબંધ ઉત્તમ પ્રકારનો ગણાય અર્થાત્ ઉત્તમકુલ અને દિવ્ય માતાપિતાનાં સંતાનો ઉત્તમ કાર્યજ કરતાં હોય છે.

'ઓ યમ, આપણા પિતા જે વિવસ્વાન્ સવિતા છે, તેજ ધાતા પ્રજાપતિ છે અને તેજ વિશ્વરૂપ ત્વષ્ટા–વિશ્વકર્મા છે. તેમણે સરણ્યુના ઉદરમાં આપણા બંનેની રચના કરી, ત્યારેજ તેમણે પતિ પત્ની તરીકે આપણો સંબંધ બને; એ પ્રકારની વ્યવસ્થા કરી છે. એ ધાતા વિશ્વકર્મા છે; તેથી તેમણે ઘડેલાં વ્રતો નિયમો પાળે નહિ, એવો તો કોઈ માનવી થયો નથી. તેમનાં વ્રતો તો એટલાં વ્યાપક અને જાણીતાં છે કે. પૃથ્વીમાતા અને દ્યુ–પિતા પણ તેને સારી રીતે જાણે છે.

'ઓ યમી, એ વિશ્વકર્માએ ઘડેલા વ્રત–નિયમો ભલે પ્રસિદ્ધ હોય અને વ્યાપક હોય, છતાં પણ તેમના વ્રત–નિયમો પ્રમાણે આચરણ કરનાર કોણ છે? આજે તો ઋત-

વ્રત નિયમને ગાનાર, શ્રેષ્ઠ કર્મ કરનાર, તેજસ્વી, દુષ્ટજનો પર ક્રોધ કરનાર, મુખ પર કઠોર વાણીનાં બાણ મારનાર, હૃદયના મર્મ પર પ્રહાર કરનાર અને પરિણામે સુખ આપનાર સદાચારી હિતસ્વી જન કોણ છે? ભલા જે લોકો આવા હિતકારી સદાચારી જનનાં ભરણ પોષણ કરે છે; તેજ મનુષ્ય ખરેખર જીવવા જેવો છે; અર્થાત તેના જીવનને ધન્ય છે.

'અરે ઓ યમ, હજી તો દિવસનું આ પહેલું પરોઢ ઉગ્યું છે, તે વખતે જે કાંઇ કર્મ થયું હોય; તેને ભલા, કોણે જોયું હોય અને તે વિષેની ચર્ચા પણ કોણ કરે? તમે કહો છો તેમ સંયમને પળાવનાર મિત્ર અને વરુણનાં આ ધામ ઘણાં વિશાળ છે, તેથી શું થઈ ગયું? તું જાતે તો દુષ્ટજનોને દંડ આપી નરકમાં મોકલનાર એક કઠોર માણસ છે; પણ મારે માટે નહિ. જે આ યમ છે, તે એક કામના સેવે; તે મને યમીને મળી જાય, એક જ ઘરમાં રહેલી પથારીમાં તે મારી જોડે સુઈ જાય. જેમ જાયા પતિને માટે પોતાની કાયા ફેલાવી દે; એમજ યમ મારી સાથે વર્તે. જેમ રથનાં બે ચક્ર ચાલે છે, એમજ અમારા જીવનની યાત્રામાં અમે બે જોડાઇ જઈએ.

'ઓ કઠોર હૃદયની યમી, મિત્ર—વરુણનું ધામ ભલે વિશાળ હોય, પરંતુ તે દેવોના ગુપ્તચરો બધે એકસરખી રીતે સંચાર કરે છે; તે ક્યાંય આરામ લેવા ઘડીભર ઉભા રહેતા નથી; તેમજ આંખ બંધ કરીને સૂતા પણ નથી. એટલે કોઈપણ સારૂં—ખોટું કામ તેમનાથી અજાણ્યું રહેતું નથી. સહચરી બનીને તારે જીવન જીવવું હોય; તો તું મારા કરતાં બીજાને જીવનસાથી બનાવ. જેમ બે ચક્રથી રથ ચાલે એમજ તારા જીવન રથમાં જોડાવા માટે બીજા સાથીને શોધી કાઢ અને જીવનની યાત્રા આગળ વધાર.

'આ યમને બધી રાત્રિઓ અને દિવસોએ દિશા સૂચન મળતાં રહે. સૂર્યનાં નેત્ર એને માટે ઉઘાડાં રહે, જેથી તે કુદરતના નિયમને સારી રીતે જાણી લે. ઉપર દ્યુલોક પિતા અને નીચે પૃથ્વી માતા છે. એ બંને સાથેજ જન્મ્યાં છે, સાથે જોડાએલાં છે અને છતાં પતિ પત્નીના સંબંધે મિથુન ભાવે સર્જન કરે છે; એમ અમે યમી અને યમ બંને બંધુ સંબંધીજન છીએ; તોપણ તેની સાથે મારો અજામિ—સાથે જન્મેલાંનો સંબંધ છૂટી જાય અને અમે જામિ=પતિપત્નીરૂપે વ્યવહાર કરીએ.

'અરે ઓ યમી, જ્યારે જામિ - સાથે જન્મેલાં ભાઈ બેન અજામિ—સાથે નહિ જન્મેલાં એવાં સ્ત્રી પુરુષ પતિપત્ની તરીકે જોડાય; એ કાર્ય હાલ તો થાય એમ નથી. એ પ્રકારના ઋત - પ્રકૃતિના નિયમોનો ભંગ કરી, ભાઈ અને બેન પતિપત્ની તરીકે જોડાઇ જાય, એવા માઠા યુગ હવે પછી આવશે ખરા. માટે તું મારૂં માન અને બીજા પતિની ઈચ્છા કર. કોઈ શ્રેષ્ઠ પુરુષને તારો હાથ આપ અને તેને પતિ ગણી ભાગ્યશાળી બન.

'ઓ યમ, આ તું શું કહે છે? તારા જેવો સમર્થ ભાઇ મારે હોય અને છતાં પણ મારે અનાથ બનવાનું? મારા જેવી પ્રેમાળ બેન હોય અને છતાં તારે નિઋર્તિ-

નરકનાં દુઃખ ભોગવવાનાં ? આ ન બને. આપણા બંનેની પ્રીતિ સદા ટકી રહેવી જોઈએ. હું સાચેજ, કામથી મૂર્ચ્છિત બની છું અને તારી આગળ ઘણાં કાલાવાલા કરૂં છું. મારા શરીરને તારા શરીરની સાથે જોડી દે.

'ઓ સુભગા યમી, આ કાલે હું તારો નાથ નથી. તારા શરીરને મારા શરીરની સાથે જોડી શકતો નથી. મને છોડી, તું બીજા પુરુષની સાથે આનંદ વિનોદ કર. આ વાત તારો ભાઈ ચાહતો નથી કે, તારા શરીરને મારા શરીરથી જોડી દઉં; એ બનવાનું નથી. જો ભાઈ બેનની સાથે ગમન કરે, તો જ્ઞાનીજનો તે કાર્યને પાપ ગણે. જો એક ભાઈ તરીકે હું બેનની સાથે એક પથારીમાં સુઈ જાઉં; તો તે મારાં મન અને હૃદયનો અસંયમ ગણાય.

'અરે ઓ યમ, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, તું બહુજ નિર્બળ મનનો છે. તારાં મન અને હૃદય કેવાં છે, એ વાતને તો અમે જાણી શકીએ એમ નથી; પણ મને એક વાતનો નિશ્ચય થાય છે કે, જેમ લગામ ઘોડાને દોરી જાય અને વેલ વૃક્ષને વીંટાઈ જાય, એ રીતે કોઈ નારીએ તારૂં મન જીતી લીધું છે અને તું તેમાં આસક્ત છે, એટલે મને ચાહતો નથી.

'અરે ઓ યમી, જો એમજ છે, તો પછી તું પણ બીજા પુરુષની ઇચ્છા કર, જેમ વેલ વૃક્ષને વીંટાઈ જાય એમ તું તે પુરુષને ભલે વીંટાઇ જાય. તું તેના મનની ઈચ્છા કર અને તે તારા મનની ઈચ્છા કરે. અને તે રીતે તું તારી જાતને કલ્યાણ-કારી અને સારા લાભ મેળવનારી બનાવ'.

આ સંવાદમાં યમીની માંગણી સ્પષ્ટ છે અને તે માટે તેણે યુક્તિઓ પણ તર્ક-સંગત રજૂ કરી છે. કુદરતનાં નરમાદાનાં મિલન સહજ રીતે થતાં હોય છે, ત્યાં ભાઈ બેન જેવો કોઈ વિવેક વિચાર હોય નહિ; પણ માનવની સૃષ્ટિનાં સર્જનમાં એક આદર્શ રજૂ કરવો પડે. એક આચાર, વિવેક અને નીતિનાં ઘડતર કરવાં જોઈએ. વેદના ઋષિઓએ માનવના જીવનને દિવ્ય બનાવવા, આદર્શ નીતિનાં ઘડતર કર્યાં છે, તેમાં ભાઈ બેનના લગ્નનો નિષેધ માન્યો છે. બ્રહ્મવાદીએ પણ ઋચા અને સામના સંવાદમાં એજ આદર્શ ઘડયો છે. ઋચા અને સામનાં મિલન તો એક રૂપક છે. તેમનાં મિલન કાંઈ સ્થૂલ શરીરનાં નથી; તોપણ ત્યાં જે વિચારણા રજૂ કરી છે; તેના મૂલ આધારમાં ઋષિએ સંવાદમાં રજૂ કરેલા આદર્શનો સ્પષ્ટ ઉલ્લેખ છે. યમ અને યમી ભાઈ બેન તરીકેજ રહ્યાં છે, તે એટલે સુધી કે યમી તેજ યમુના નદી બની અને તેને ઘેર વર્ષના એક દિવસે (યમબીજ) યમ જમવા જાય; તે દિવસે જે યમુનામાં ન્હાય; તે યમના ભયથી મુક્ત થાય. એક બ્રહ્મવાદીએ યમના મૃત્યુ વિષેની ઘટના રજૂ કરી છેઃ

[1] 'સાચેજ, યમ તો મરણ પામ્યો. તે દેવોએ યમી પાસે આવીને યમ વિષે પૂછ્યું. તેમણે જ્યારે પૂછ્યું ત્યારે યમીએ જણાવ્યું : આજે મરી ગયો. તે પરથી દેવો વિચારમાં પડી ગયા : અરે આ યમી આને વિષે કહે છે, પણ તે માનવામાં આવતું નથી. ચાલો આપણે રાત્રીનાં સર્જન કરીએ. તે પહેલાં તો ભલા અહર્ - દિવસ હતો, પણ રાત્રી ન હતી. તે દેવોએ રાત્રિનાં સર્જન કર્યાં. તે પછી શ્વસ્તન - આવતી કાલ થઈ. તે પછી યમીએ તેને વિષે વિચાર કર્યો. તે પરથી બ્રહ્મવાદીઓ જણાવે છે કે, અહોરાત્ર સાથે હોય; તે પછી મરણનો વિચાર આવે'.

કથાનું તાત્પર્ય આ છે: મૃત્યુ એ તો કાલની ઘટના છે. જ્યાં રાત નથી, ત્યાં પછી આવતી કાલ શી રીતે ઉગવાની? અને પછી આજ પણ કેવી રીતે ગણાવાની. ? યમ એ પહેલો મર્ત્ય માનવ છે, જેણે મરી જાણ્યું, તે મરણ પામ્યો, તેની નોંધ યમીએ લીધી છે. યમનું મરણ થયું; તેને સ્વર્ગલોકમાં લઈ જનારી પણ યમી છે, તેને વિષે આ બ્રહ્મવાદી જણાવે છે :

[2] 'આ યામ ગાન છે, તે ગાઈને યમીએ યમને સ્વર્ગલોકની ગતિ કરાવી. આ સામગાન સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવે છે, એટલું જ નહિ; જે વૈવસ્વત લોક છે, તેનું આધિપત્ય—સામ્રાજ્ય યમે મેળવી લીધું, તે પણ આ સામ ગાનથી.'

મૃત્યુ પછી મરેલા માનવની કીર્તિ ગાવામાં આવે છે. જેણે અહીં યશ મેળવી લીધો, તેને સ્વર્ગ મળે છે. અહીં જેની અપકીર્તિ થઈ; તેને તો નરકજ મળે. મરણ પછી રડારોળ કરવાથી કે કલ્પાંત કરવાથી મરનારના વાસના દેહને ઘણું કષ્ટ પડે છે અને તેના પુણ્યલોક અટકી જાય છે. મરણ પાછળ ગીતા કે ગરુડ પુરાણ વાંચવાનો રિવાજ આ કારણે છે. મરનારની કીર્તિ ગાથા ગાવામાં અથર્વા ઋષિના આ મંત્રો પણ વિનિયોગમાં લેવાય છે:

[3] 'જે કવિઓ ક્રાન્તદર્શી જ્ઞાનીજનો છે, તેમણે ત્રણ પ્રકારના છંદોની રચના કરી છે : આપો દેવીઓ-જલ તન્માત્રાઓ, વાત—વાયુની લહરીઓ અને ઔષધિઓ; તે ત્રણેય પદાર્થોનાં ઢાંકણ કરે છે, જે પદાર્થ પુરુરૂપ છે, જે દર્શનીય છે અને જે વિશ્વ ચક્ષણ—પ્રખ્યાત છે. આ ત્રણેય છંદો વિશ્વભરમાં સમર્પિત છે : અર્થાત્ મનમાં વસેલા સૂક્ષ્મ ભાવોને કવિઓ છંદની બાંધણીમાં રાખે છે, તેથી મર્યાદા સચવાય છે.

'અગ્નિ એ તો વૃષા—પુરુષ છે, જે કોઈથી દબાય એમ નથી અને જે યહ્વ—મહાન છે, તે અગ્નિ બીજા વૃષા—પરાક્રમી પુરુષ માટે અદિતિ—અખંડ દ્યુલોકમાંથી દોહનનાં સાધન દ્વારા ઉત્તમ પ્રકારના રસો દોહી આપે છે. નીતિ મર્યાદાઓનો રક્ષક

૧. મૈત્રાયણી સંહિતા ૧, ૫, ૧૨, ૬ ૨. તાંડય મહા બ્રાહ્મણ ૧૧, ૧૦, ૨, ૩
૩. અથર્વ વેદ ૧૮, ૧, ૧૭–૪૦

વરુણ જેમ પોતાની બુદ્ધિથી સઘળા વિશ્વને જાણે છે એમ જ આ અગ્નિ પણ સઘળી નીતિ મર્યાદાઓને જાણે છે; તે ઉપરાંત યજ્ઞમાં પૂજ્ય બનીને તે અગ્નિ યજ્ઞને અનુરૂપ ઋતુઓને બોલાવી, તેમનાં પૂજન કરે છે.

'અગ્નિ વૃષા છે, તો ગંધર્વી યોષા નારી છે, જે ગા-વાણીને ધારણ કરે છે, તે જલમાં વાસ કરનારી અપ્સરા છે. તેના એક એક નદ નદ કરતા નાદમાં તે મારા મનને રક્ષણ આપે. એ અદિતિ-અખંડ વાણી છે, જે અમને ઈષ્ટ કર્મમાં પ્રતિષ્ઠિત કરે. અગ્નિ એ તો જ્યેષ્ઠ ભ્રાતા-મોટાભાઈ છે, જે અમને બધાંને ઉત્તમ પ્રકારે ઉપદેશ આપે છે.

'આ ગંધર્વી યોષા તો સાચેજ હિતકારી, અન્ન વધારનારી, યશવાળી અને સ્વર્ગની જ્યોતિરૂપ છે. જેમ ઉષા ઉદય પામે અને લોકનું કલ્યાણ સાધે, એમ જ આ યોષા ઉષારૂપે મનુ-મર્ત્ય માનવના ઉત્કર્ષ માટે ઉગી છે. આ યોષાએ તો વિદથ-સર્વજનના લાભ માટે અગ્નિને પ્રગટ કર્યો છે, જે અગ્નિ કામના સેવનાર દાની જન માટે તેમજ કામના સેવનારાઓના ક્રતુ-સંકલ્પ સિદ્ધ કરવા માટે તૈયાર છે. જેમ શ્યેન-ગરુડપક્ષી સ્વર્ગમાંથી સોમ લાવ્યો; એમ જ અધ્વર-યજ્ઞમાં ઈચ્છાને પોષનાર અગ્નિએ સોમરસ ગ્રહપાત્રોમાં ભરી દીધો છે, જે સોમરસનાં એક એક બિંદુ ચમકતા ચંદ્રનાં કિરણ જેવાં ઉદાર અને વિચક્ષણ છે. જ્યારે શ્રેષ્ઠ પ્રજાજનો દર્શનીય અને દાતા અગ્નિનાં વરણ કરે છે, ત્યારે તેમની અંદર રહેલી ધી-પ્રતિભા પ્રગટ થાય છે.

'મર્ત્ય માનવોએ આરંભેલા હવન યજ્ઞોમાં રહેલ આ અગ્નિ છે. હવે જેમ યવ-ઘાસચારાથી પશુઓ પોષણ પામે છે, એવી જ રીતે હે અગ્નિ, તું યજમાનોની કામનાઓ પુરવાથી રમણીય-આનંદપ્રદ બને છે. યજ્ઞમાં બુદ્ધિશાળી હોતા તારી પ્રશંસાનાં ગાન સ્તોત્ર પાઠથી કરે છે, ત્યારે તું નવી સ્ફૂર્તિ મેળવીને અને કામનાઓ પુરી કરવાને આવી પહોંચે છે.

'જેમ સૂર્ય અંધકારનાં જાળાં તોડી નાખી લોકોને પ્રકાશ આપે છે, એમ જ હે અગ્નિ, તું અમારા પિતૃઓને સ્વર્ગલોકમાં લઈ જવા માટે તૈયાર થા. આ તે અગ્નિ છે, જેની તરફ હૃદયથી ભાવના જાગે છે. જે લોકો યજન અને પૂજન કરવા ચાહે છે, તેની પાસે તે પહોંચી જાય છે. એ વહિન છે: અર્થાત્ પિતૃઓને સ્વર્ગમાંથી યજ્ઞભૂમિ પર દોરી લાવે છે અને તે રીતે યજ્ઞની શોભામાં સારી રીતે વધારો કરે છે. જે લોકો પુણ્યનાં કાર્ય કરવામાં ત્વરા કરે છે, તેમને તે પ્રાણની ગતિ અને મતિની પ્રેરણા આપે છે.

'ઓ સાહસ શક્તિના પુત્ર અગ્નિ, જે મર્ત્ય માનવ તારી સુમતિની પ્રશંસા વારંવાર કરતો રહે છે, તે મનુષ્ય પોતે અનેક ઠેકાણે સંભળાતો હોય છે : અર્થાત્ તેની ખ્યાતિ વધે છે, એટલું જ નહિ તે અન્નના ભંડાર ભરે છે, ઘોડાઓથી જોડેલા રથમાં

પ્રવાસ કરે છે, તેજસ્વી અને પ્રતાપી બનીને કાર્ય કરે છે, તેમજ તેનાથી જીવનના દિવસો શોભી ઉઠે છે. હે અગ્નિ, જ્યાં સભ્યો ભેગા થયા હોય; તેવાં સભાનાં સ્થાનોમાં અમારી સ્તુતિ-પ્રાર્થના તમે સાંભળો. જેમાં અમૃત-સોમરસનાં પાત્ર ભરેલાં છે, એવા રથ અમારે માટે તૈયાર કર. જેના પુત્રો દેવો છે, એ દ્યાવા અને પૃથ્વીને અમારા યજ્ઞમાં દોરી લાવો, દેવોના સાથ સહકારથી દૂર રહીશ નહિ તેમજ યજ્ઞોનાં સ્થાનોમાં તું અમારી વચમાં નિવાસ કરજે.

'યજ્ઞોમાં જ્યાં દેવોનાં યજન થાય છે અને પિતૃઓને સ્વધાની સાથે આહુતિઓ આપવામાં આવે છે, ત્યાં તું દેવોની સાથે દેવ બનીને અને પિતૃઓની સાથે પિતા બનીને આવે છે, માટે હે યજન અને સ્વધાવાન અગ્નિ, અમારી આ જનસમાજની બનેલી સમિતિ દિવ્ય ભાવથી શોભી ઉઠો. હે અગ્નિ, તું જ્યારે ભક્તજનોને રત્ન-રમણીય પદાર્થોના ભાગ આપે, ત્યારે અમને ઉત્તમ પ્રકારનાં વસુ-ધનસાધન ભાગમાં આપજે. આ તે પ્રથમ પ્રસિદ્ધ અગ્નિ છે, જેણે સૂર્યરૂપે ઉષાકાળના અગ્રભાગને તેમજ દિવસોના કાળને પ્રસિદ્ધ કર્યો છે, જેણે સૂર્ય, ઉષાઓ અને કિરણોને દ્યુલોક અને પૃથ્વીના બધા પ્રદેશોમાં પ્રવેશ કરાવ્યો છે. આ પ્રસિદ્ધ દેવ અગ્નિ છે, જે મર્ત્ય માનવોને યજન-પૂજન કરવાની પ્રેરણા આપે છે અને જ્યારે યજ્ઞ-સેવા પરોપકારનાં કાર્યો થાય છે ત્યારે એજ અગ્નિ પોતાની પ્રત્યક્ષ પ્રાણશક્તિ સાથે લાવી હોતા બની યજ્ઞનાં સ્થાનોમાં બેસે છે, ત્યારે સર્વત્ર પ્રસિદ્ધ અને સત્ય વચનને અનુસરનારાં દ્યાવા અને ક્ષામા-પૃથ્વી આ ઋતને અનુસરનાર યજ્ઞમાં આવી પહોંચ્યાં છે, એ વાત સાંભળવાને મળે છે.

'જે અગ્નિ ધૂમકેતુ છે : અર્થાત દૂર યજ્ઞના સ્થળે રહેલ અગ્નિ ધૂમાડાથી જાણવામાં આવે છે, જે સમિધાઓથી ઉડતી જવાળાઓથી પ્રકાશિત બને છે, જે મન્દ્ર-મધુરવાણી બોલનાર હોતા છે અને વાણીથી જેનાં નિત્ય યજન થાય છે, તે પ્રસિદ્ધ ચેતનાવાન દેવ અગ્નિ બધા દેવોની સાથે યજ્ઞની ભૂમિમાં બેસીને અમારાં આપેલાં હવ્ય-કવ્ય સાધનોને પિતૃલોક સુધી લઈ જાઓ.

'ઘી જેવા તરલ પદાર્થને ગતિ આપનાર હે દ્યાવા-દ્યુલોક અને પૃથ્વીલોક, અમે તમારાં અર્ચન-પૂજન કરીએ છીએ, માટે અમારાં આપોદેવી જેવાં સૂક્ષ્મ કર્મોની વૃદ્ધિ કરો. હે રોદસી-બંને લોક, તમે બંને અમારી વાત સાંભળો. જ્યાં દેવો સૂક્ષ્મ શરીરના પ્રાણોને પિતૃલોક દોરી જવાનાં કાર્ય કરે છે, ત્યાં અમારા પિતૃઓ વાસ કરે, અને આ યજ્ઞમાં આપેલાં મધુ સાથેનાં હવિ મેળવી આનંદ કરે. આ પૃથ્વી એ તો ગો-કામધેનુ છે; જ્યાંથી દિવ્ય અને સુખેથી સેવવા લાયક અમૃત દોહવામાં આવે છે, તે પૃથ્વી પર જન્મેલાં ઔષધિ-વનસ્પતિઓ વિશાળ રીતે એ સોમરસ-અમૃતને ધારણ કરે છે. આ

પૃથ્વી તો એની એક દિવ્ય રસની ભરેલી નદી છે, જે દિવ્ય સારભર જલનાં દોહન કરે છે અને વિશ્વના સઘળા દેવો જ્ઞાની પુરુષો યજુષ્–તે પવિત્ર કર્મનાં ગાન કરે છે. શું આ રાજા અગ્નિ અમારી પર કૃપા કરશે ? ભલા, અમે અગ્નિનાં કોઈ વ્રતનાં ઉલ્લંઘન કર્યાં છે ? પણ એ વિષે કોણ જાણે ? અગ્નિ અમારા મિત્ર છે, એટલું જ નહિ તે અમારા યજ્ઞમાં દેવોને બોલાવી લાવે છે, એ ભાવે જેમ ઉદ્યોગી જ્ઞાનીજનોનું બળ તો દેવોની સ્તુતિ પ્રાર્થનાની જેમ કામ આવે છે.

'હે ઋત્વ–દર્શનીય અગ્નિ યમની બેન સલક્ષ્મા–એક સરખાં લક્ષણ વાળી છે; તેને યમની સાથે વિષુરૂપા–વિષમ રૂપ વાળી પત્ની તરીકે જોડે છે; તે પ્રકારે યમ યમીના સંબંધ વિષે જે ખોટો મત ધરાવે છે, તેને તો પાપ લાગે છે, કારણકે યમ તો અમૃત રૂપ છે. હવે જે જ્ઞાનીજન યમવિષે સારાં વચન કહીને તેની સ્તુતિ કરે છે; તે સ્તુતિ કરતારનાં રક્ષણ તમે પ્રમાદરહિત થઈ કરો. આ યમનું વિદથ–ધામ છે; જયાં વસેલા દેવો આનંદ કરે છે; એ વિવસ્વાન સૂર્યનાં સદન છે; જયાં બધા પિતૃઓ તેજને ધારણ કરે છે; તે દેવોએ અને પિતૃઓએ સૂર્યમાં જ્યોતિને ધારણ કર્યાં છે અને ચંદ્રને વિષે રાત્રિઓ રાખી છે, તેને કારણે સૂર્ય અને ચંદ્ર બંને નિત્યનિરંતર પ્રકાશમાન અગ્નિની સેવા કરતા રહે છે. દેવો જે અગ્નિના પરમ રહસ્યભર્યા જ્ઞાનમાં સંચાર કરતા રહે છે; તે રહસ્ય જ્ઞાનને અમે મનુષ્યો સારી રીતે જાણતા નથી. આ પ્રસંગે દેવ મિત્ર, દેવમાતા અદિતિ, સવિતા અને દેવ અગ્નિ વરુણની પાસે જઈને કહે કે; આ યજ્ઞ કરનાર જનો અપરાધ વિનાના છે.

'અમે બધા મિત્રો ભેગા થઈને ઈન્દ્રની સ્તુતિ દ્વારા બ્રહ્મજ્ઞાનની ઈચ્છા કરીએ છીએ, જે ઈન્દ્ર ઉત્તમ નેતા, શત્રુના આક્રમણને સહન કરનાર અને વજ્રના ધારક છે. હે ઈન્દ્ર જેમ તું વૃત્ર જેવા પ્રબળ શત્રુનો સંહાર કરવાથી વૃત્રહા નામે પ્રસિદ્ધ છે, તેજ રીતે તું બલથી પણ પ્રસિદ્ધ છે. જેમ દ્રવ્યનો સંગ્રહ કરનાર વ્યાપારી પૃથ્વી પર બધે ઠેકાણે ભ્રમણ કરે છે, તેજ પ્રકારે તું પણ અતિ વિશાળ પૃથ્વી પર ભ્રમણ કરે છે. આ પૃથ્વી પરના પવનો અમારે માટે સુખે વહો. જેમ દાવાનળ જંગલના ઘાસને બાળી મુકે છે, એમજ વરુણ અને મિત્ર બંને દેવ એક એકથી જોડાઈ અમારા શોકને દૂર કરો.

'હે યજમાનો, તમે તે દેવ રુદ્રની સ્તુતિ કરો; જે પ્રખ્યાત છે, શ્મશાનના ખાડામાં સદન બનાવે છે, બધા જનોનો રાજા છે; ભયંકર છે, પાસે આવીને શત્રુઓને મારનાર છે અને ઉગ્ર છે. હે રુદ્ર, અમે તારી સ્તુતિ કરીએ છીએ, માટે તું અમને સુખી કર. તારી સેનાના સૈનિકો અમને છોડીને બીજા જનોને દૂર કરે.

'અહીં યશની ગાથા ગાઈ છે. અગ્નિ અને તેનાં પત્ની અગ્નાયી; જે પહેલાં વૃષા અને યોષા છે, જે આદિ માતા પિતા છે અને જે સૌ જનોનાં કલ્યાણ સાધે છે.

વિશેષે કરીને મરનારની ગતિ સારી થાય તે માટે જેની સહાય લેવાય છે; તેની યશ, ગાથા દ્વારા મરનાર પ્રેતની યશગાથા ગવાય છે. વાસ્તવિક રીતે જુઓ તો મરણ પછી સ્થૂલ-દેહનો અગ્નિદાહ થાય છે અને સૂક્ષ્મ દેહ જ્યોતિ રૂપ બની જાય છે. એ જ્યોતિને અગ્નિ પિતૃલોક સુધી પહોંચાડે છે. અગ્નિની સાથે ઈન્દ્રનો મહિમા પણ ગાયો છે. તેમજ ચંદ્રની સ્તુતિ પણ કરી છે. આ યશોગાથામાં યમ અને યમીના ભાઈ બેનના સંબંધને યાદ કરી, પતિ પત્નીના સંબંધનો નિષેધ કરવાની વાત પણ આવે છે. અગ્નિની પત્ની ઈળા કહો કે વાણી કહો, તેનું એક રૂપ સરસ્વતી પણ છે. પિતૃમેધ નિમિત્તે થતા યજ્ઞોમાં પિતૃઓની સાથે સરસ્વતીને પણ બોલાવવામાં આવે છે. એ સરસ્વતીની સ્તુતિ અહીં જોવાને મળે છે :

[૧] 'દેવ જેવા ગુણો મેળવવા ઇચ્છનાર સાધકજનો જ્યારે મોટા અધ્વર - સોમયાગ કરવા બેસે છે ત્યારે તે સરસ્વતીનાં હવન કરે છે તેમજ જે સુકૃત - પુણ્યશાળી પિતૃઓ છે, તે પણ સરસ્વતીનાં આહ્વાન કરે છે, તે સરસ્વતી દાતાને ઇચ્છા પ્રમાણે વરદાન આપે છે. જે પિતૃઓ દક્ષિણા આપનાર યજ્ઞને પ્રેરણા આપતા હોય છે, તે સરસ્વતીનાં હવન કરે છે; તે પિતૃઓ યજ્ઞના દર્ભાસન પર બેસીને આનંદ પ્રમોદ કરતા રહો; તે અમને એવાં અન્ન આપો, જે નીરોગી બનાવે. જ્યારે ઉકથ - સ્તોત્રો અને સ્વધાઓની સાથે યજમાનો પિતૃઓને યજ્ઞમાં બોલાવે છે, ત્યારે તે સરસ્વતીને પોતાના રથમાં બેસાડી યજ્ઞશાળામાં આવી પહોંચે છે અને પિતૃઓની સાથે આનંદ કરે છે. હે સરસ્વતી, તું આ યજ્ઞમાં આવી યજમાનને અન્નના ઉત્તમ પ્રકારના ભાગ આપ અને તેમનાં ધન—સાધનનાં પોષણ કર'.

આમ દેવયજ્ઞ અને પિતૃયજ્ઞમાં અગ્નિ મુખ્ય છે. માનવના જીવનમાં પણ મુખ્ય અગ્નિ છે. અગ્નિ ઠંડો પડે કે જીવન પુરૂં થઈ જાય; પ્રાણ ચાલ્યા જાય. જીવનનો અંત લાવનાર મૃત્યુ છે. પાપી માટે તે ભયંકર છે. પણ પુણ્યશાળી જન માટે તે કલ્યાણકારી છે. એ યમની પાસેથી યમીએ જીવન માંગી લીધું; એજ રીતે ઋષિ બ્રહ્મા મૃત્યુની સ્તુતિ કરી, દીર્ઘ જીવન માંગે છે :

[૨] 'તે મૃત્યુને નમસ્કાર, જે અંતક છે, સૌનો અંત લાવનાર છે. તેની કૃપાથી સૌ જનોના પ્રાણ અને અપાન આ જીવનમાં રમતા રહો. આ પુરુષ પ્રાણ - જીવાત્મા સાથે આ લોકમાં રહે અને મૃત્યુ પછી સૂર્યના પ્રકાશમાં—અમૃતના લોકમાં વસે. ભાગ્યના દેવે તે પુરુષને આ સંસારમાં રાખ્યો છે, સોમરસનાં બિંદુથી ચમકતા સોમદેવે તેને ઊંચે ઉઠાવ્યો છે, તેમજ દેવો મરુતો, ઇન્દ્ર અને અગ્નિ તેનાં કલ્યાણ સાધે.

'હે પુરુષ, તારા અસુ - જીવ, પ્રાણો, જીવન, મન વગેરે આ સંસારમાં સ્થિર રહો.

૧ અથર્વ વેદ ૧૮, ૧, ૪૧–૪૩ ૨ અથર્વ વેદ ૮. ૧, ૧–૨૧

દેવી વાણીથી તને નિર્ઋતિ - વિનાશના પાશથી છોડાવું છું. તું અહીંથી ઉપરના લોક માટે પગલાં ભર, નીચે પડ નહિ, તને મૃત્યુની બેડીથી છોડાવનાર આ યમ છે, તેની સહાયથી તું આ લોકમાં વાસ કરીને પછી અગ્નિ અને સૂર્યનાં દર્શન આપનાર પિતૃ લોકમાં સંબંધ છોડી દઈશ ના. અંતરિક્ષમાં વસનાર વાયુ તને ઉપર લઈ જાય. આપો-દેવી તારા પર અમૃતની વર્ષા કરે. સૂર્ય તારા શરીરને સુખ આપે. મૃત્યુ તારી પર દયા લાવે જેથી તારૂં અકાળ મૃત્યુ થાય નહિ.

'હે પુરુષ, તારી ગતિ ઊંચે હો, અવનતિ તરફ નહિ. તારા દીર્ઘજીવન માટે કુશળતા અને બળ આપું છું. આ જીવન રથ પર સવારી કર, જે સુખકારી અને અમૃત - હિતકારી છે. જ્યાં સુધી ઘડપણ આવે, ત્યાં સુધી તેને હું સારો ઉપદેશ કરીશ : તારૂં મન આડે માર્ગે જાય નહિ કે તેમાં ડૂબે નહિ. જીવન માટે પ્રમાદ કરીશ નહિ, પિતૃ માર્ગે જલ્દી જવાની ઉતાવળ કરીશ નહિ. આ સંસારમાં રહેલા વિશ્વેદેવો તારાં રક્ષણ કરતા રહે.

'હે પુરુષ, જે લોકો અહીંથી ચાલ્યા ગયા છે, તેમનો શોક કરીશ નહિ; કારણ કે તે કાંઈ પાછા ફરવાના નથી; એ તો ઘણે દૂર ચાલ્યા ગયા છે. અંધકારના માર્ગ છોડી પ્રકાશને માર્ગે આગળ વધ. તારા બંને હાથ અમે પકડીએ છીએ. સંસારનાં રાત અને દિવસ એ તો મૃત્યુ કાળના મોકલેલા દૂતો છે, તેમાંનો એક કાળો તે રાત અને ધોળો તે રાત્રિ; તે બંને માર્ગનાં રક્ષણ કરનારા છે, તે જાણીને તું આ બાજુએ આવ. મરેલાને માટે વિલાપ કર નહિ. શોકથી ઉતરી ગએલું મુખ રાખી ફર નહિ. એ શોક સંતાપના માર્ગે જા નહિ; એ તો ભયંકર માર્ગ છે. પહેલાંના વીર પુરુષો એ માર્ગે ગયા નથી; તેની હું તને જાણ કરૂં છું. એ અંધકારનો માર્ગ છે, તેમાં પડીશ નહિ. એ તો પાછા પડવાનો માર્ગ છે. આગળ વધવું, તે અભયનો માર્ગ છે.

'આપોદેવી—જલની તન્માત્રાઓમાં અગ્નિઓ રહેલા છે, તે તારાં રક્ષણ કરે. જે બુદ્ધિશાળી માણસો જ્ઞાનથી પ્રદીપ્ત છે, જે વૈશ્વાનર જાતવેદસ અગ્નિ છે અને જે વીજળીમાં રહેલો અગ્નિ છે; તે બધા તારાં રક્ષણ કરે. તને બાળે નહિ. શ્મશાનમાં રહેલો ક્વ્યાદ અગ્નિ તારો નાશ ન કરે. નાશ કરનાર મૃત્યુથી દૂર રહે. દ્યુલોક, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, અંતરિક્ષ વગેરે દેવો હત્યા કે અકાલ મૃત્યુથી તારાં રક્ષણ કરે. જ્ઞાન અને વિજ્ઞાન, તંદ્રા કે પ્રમાદ વિનાની જાગૃતિ અને ભય વિનાની પ્રગતિ તારાં રક્ષણ કરે. તે બધાં તત્વો તારાં પાલન પોષણ કરે; તે માટે તેમને નમસ્કાર હો અને તેમને સ્વાહા - સુંદર આહુતિઓ મળતી રહો.

'આ સંસાર રૂપી સમુદ્રમાં જે જીવાત્માઓ રહેલા છે; તેમના દેવ ઇન્દ્ર છે, તે ત્રાતા, ધાતા, સવિતા અને વાત - પ્રાણ રૂપે છે, તારા શરીરમાં રહેલા પ્રાણ બલ છોડી

જાગ નહિ. તારા પ્રાણ સાથેના જીવને અમે બોલાવીએ છીએ. તારા પ્રાણ પર ઘા કરનાર કે જીવ લઈ લેનાર કોઈ પ્રાણી તારા પર આક્રમણ કરે નહિ. તારા પર અજ્ઞાનનાં અંધકાર છવાય નહિ. તારી જીભ ખોટું બોલે નહિ. ભલા, તું યજ્ઞ - સેવાનાં કાર્ય કરે છે, તો પછી તારાં કાર્ય ઘાતકી ક્યાંથી હોય? બાર આદિત્ય, આઠ વસુઓ, ઈન્દ્ર અને અગ્નિ તારાં કલ્યાણ માટે ભરણ પોષણ કરો.

'દ્યુલોક અને પૃથ્વી લોક તેમજ તે બંને લોકના અધિષ્ઠાતા પ્રજાપતિ તારા હાથ પકડો. સોમરસથી રાચતી ઔષધિ વનસ્પતિઓ તને મૃત્યુથી ઉપર ઊઠાવી લે. ઓ દેવો, આ જીવને અહીંજ રહેવા દો. તેને અહીંથી ઉઠાવી હમણાં પરલોક લઈ જશો નહિ. અમે હજાર હજાર ઉપયોગી તેના સ્થૂલ દેહને મૃત્યુથી બચાવી લઈએ છીએ. અન્ન જલને ધારણ કરનાર દેવો તારામાં પ્રાણ પૂરે. છૂટા વાળ રાખીને રુદન કરનારી દેવીઓ તારે માટે કલ્પાંત કરે.

'હે પુરુષ, હું તને આ જીવનમાં લાવ્યો છું; મેં તને મેળવી લીધો છે. તું ફરીથી નવો બનીને આવી ગયો છે. તને પુરેપુરાં નજર અને જીવન મળી રહો. તારી પાસેથી અંધકાર દૂર થાય. જ્યારે અંધકાર દૂર થાય ત્યારે પ્રકાશ આવી પહોંચે છે. અમે દુર્ગતિ અને મૃત્યુને તારાથી દૂર કરીએ. અમે તારાથી બધા રોગ દૂર કરીએ'.[1]

આ સૂક્તમાં મૃત્યુની સ્તુતિ કરવા નિમિત્તે ઉન્નતિ અને અવનતિ, સદ્ગુણ અને દુર્ગુણ, યશ અને અપયશ વગેરેની વિચારણા કરી છે. જીવનની ઉન્નતિ એ મૃત્યુ પરનો વિજય છે. નિર્ઋતિ એ અંધકાર છે અને ઋતિ એ સમૃદ્ધિ છે. જ્યાં રોગ નથી, ભોગ નથી, અજ્ઞાન નથી; ત્યાં જીવનનો પ્રકાશ છે. દીર્ઘાયુ માટે બ્રહ્મા ઋષિ જણાવી રહ્યા છે :

[1] 'ઓ માનવી, જીવનના આ અમૃત રસનાં પાન કરવાની શરુઆત કરી દે. તારૂં જીવન વૃદ્ધાવસ્થા સુધી એક સરખી પ્રગતિ સાધે. પ્રાણ અને જીવનથી તું ભરપૂર બની જા. તારી પાસે રજોગુણ અને તમોગુણ ફરકે નહિ, તું મરણને શરણ ન થા. તને જીવતા માણસોની ચેતના ભરી જ્યોતિ મળી રહો; સો સો વર્ષ સુધીનાં લાંબાં જીવન તરફ તને દોરી જાઉં. તને મૃત્યુના અને અપયશના પાશથી છોડાવું. હું તને ઉત્તમ વિસ્તૃત જીવન આપું.

'હે જીવાત્મા, તારા પ્રાણ વાયુથી અને ચક્ષુ સૂર્યથી મેળવી લઉં. તારી અંદર હું મનને ધારણ કરૂં છું. તું બધાં અંગોની સાથે પૂર્ણ બન. તું જીભને સાચવીને વાણી બોલ. જેમ જન્મેલા અગ્નિને ધમણથી વધારવામાં આવે છે એમજ બેપગાં અને ચોપગાં પ્રાણીઓના પ્રાણથી તને ભરી દઉં. હે દેવ મૃત્યુ, તારી આંખને અને તારા પ્રાણને હું વારંવાર નમન કરૂં છું. આ પુરુષ જીવિત રહે. તે મરે નહિ. અમે તેને સંયત બનાવીએ છીએ; તેને અમે ઔષધના ઉપચારથી નીરોગી બનાવીએ છીએ, માટે હે મૃત્યુદેવ, તમે તેને મારશો નહિ.

---

૧ અથર્વ વેદ ૮,૨. ૧–૨૮

'હું આ પુરુષને સુખની પ્રાપ્તિ થાય તેટલા માટે સંજીવની ઔષધિ આપું છું, જે જીવન આપનારી, હાનિ નહિ કરનારી, રક્ષણ આપનારી, રોગ દૂર કરનારી અને બળ વધારનારી છે. હે જીવાત્મા, તું સારી વાણી બોલ, ખરાબ વર્તન કર નહિ, નવા બળનાં સર્જન કર, બધા લોકો તારા જ બનીને રહે, પૂર્ણ આયુષ્ય સુધી તું જીવતો રહે. હે ભવ અને શર્વ, આ પુરુષને તમે આનંદ આપો, સુખી કરો, પાપ દૂર કરો અને તેનાં દીર્ઘ આયુષ્ય ધારણ કરો. હે દેવ મૃત્યુ, આ પુરુષને સારો બોધ આપ. તેની પર દયા રાખ. તેને સંકટમાંથી ઉગારી લે, તેને પીડારહિત અંગોથી પૂર્ણ કર; તેને ઉત્તમ જ્ઞાન આપ, વૃદ્ધાવસ્થા સુધીનાં સો વર્ષનાં જીવન આપ; જીવાત્માની સાથે સંસારના ભોગ સુખે ભોગવે, તેવો બનાવ.

'હે પુરુષ, દેવોનાં શસ્ત્રો તારા રક્ષણ માટે ઘેરાએલાં રહે. હું તને રજોગુણથી પાર પહોંચાડી દઉં, તને મૃત્યુથી ઉપર ઉઠાવી લઉં. તે અગ્નિને તારાથી દૂર રાખું છું, જે ક્રવ્યાદ–શ્મશાનનો છે. તારા જીવન માટે હું મર્યાદાની પાળ બાંધી દઉં. હે મૃત્યુ, તારો જે અણુજિત્યો રજોગુણનો માર્ગ છે, તે માર્ગથી અમે આ પુરુષની રક્ષા કરીએ તેટલા માટે અમે મંત્રમય કવચની રચના કરીએ છીએ. હું તારા કલ્યાણ માટે પ્રાણ અને અપાન, જરા અને મૃત્યુ તેમજ દીર્ઘ આયુને અનુકૂળ બનાવું છું, હું તે બધાય યમદૂતોને તારે માટે રોકી રાખું છું, જેને વૈવસ્વત–યમરાજરૂપી કાળે તારે માટે મોકલ્યા છે. જેમ સૂર્ય અંધકારને દૂર કરે; એમજ હું તારા પર આક્રમણ કરનારાં અરાતિ–શત્રુ, નિર્ઋતિ–દુર્ગતિ, ગ્રાહિ–રોગ, ક્રવ્યાદ–માંસભક્ષી જંતુ, પિશાચો, રાક્ષસો અને તેના જેવાં બીજાં જે તારાં અહિત કરનારાં છે. હું તે જાતવેદસ અગ્નિ પાસેથી તારા પ્રાણને પાછા મેળવી લઉં છું, જે અજર અમર છે અને જે તને લાંબાં આયુષ્ય આપે છે. તું તારા જીવનને એવું મધુર બનાવ, જેથી તું અજર અમર દશાથી છૂટે નહિ; તે અમરતાની સાથે રહે, તેમજ તારાં કાર્યો સમૃદ્ધ થાઓ. દ્યુલોક અને પૃથ્વી-લોક તને સંતાપ ન આપે. તું શ્રી અને શોભાથી જોડાઇ જાઓ. સૂર્ય તને સુખકર બની તાપ આપો. વાયુ તારા હૃદયને અનુકૂળ રીતે વહ્યા કરે. દ્યુલોક અને અંતરિક્ષનાં જલ તારે માટે કલ્યાણકારી બની વહેતાં રહે.

'હે પુરુષ, તારા માટે ઔષધિઓ શિવ–કલ્યાણકારી હો. તને આ પૃથ્વીની નીચલી ભૂમિથી ઉપર ઉઠાવી લઉં. અદિતિના પુત્ર સૂર્ય અને ચંદ્ર તારાં રક્ષણ કરે. તારે માટે નારીઓએ જે ઓઢવાનું વસ્ત્ર બનાવ્યું છે અને કેડ પર બાંધવાની ગાંઠ સાથેના નાડાની રચના કરી છે, તે તારા શરીરને અનુકૂળ બનીને રહો. તે વસ્ત્ર અને નાડાનો સ્પર્શ તારા માટે સુખકર હો. જ્યારે હજામ પોતાના તીક્ષ્ણ અસ્તરાથી તારાં દાઢી અને મૂછ લઇ લે છે, ત્યારે તારું મુખ સુંદર રીતે શોભી ઉઠે છે, તે અમારાં આયુનો નાશ ન કરે.

'તારા ખોરાકમાં આવતા જવ અને ચોખાના પાક તને હિતકારી હો. તે અન્ન તારા કફનો વધારો ન કરે, તેમજ તને પથ્ય બની રહે. આ બંને પ્રકારના ખોરાક યક્ષ્મ શરીરના ઘસારાને અટકાવે છે તેમજ પાપથી બચાવી લે છે. તમે ખેતીથી તૈયાર થએલાં ધાન્ય ખાઈ રહો છો, ગાયનાં દૂધ પી રહો છો, લેહ્ય અને ચોષ્ય ખોરાક લઈ રહો છો, તે બધા ખોરાકોને હું ઝેર વિનાના શુદ્ધ બનાવું છું.

'હું દેવોને આ પુરુષ રાત અને દિવસના પૂરા સમય માટે સોંપી દઉં છું, જેથી લોભી કંજૂસ ભુખાવળાં પ્રાણીઓથી તેની રક્ષા કરે. સો સો વર્ષોનો કાળ; રાત અને દિવસના બે યોગ–સંધિકાળ; શિયાળો, ઉનાળો અને ચોમાસુ, બાલપણ, તરુણ દશા વડપણ અને ઘડપણ એ ચાર દશાઓ : એ બધા પ્રકારના કાળથી હું તને અખંડિત દશામાં રાખું છું. ઈન્દ્ર અને અગ્નિ તેમજ વિશ્વેદેવો બધા પ્રકારના સંકોચ છોડી તારાં લાંબા જીવનને અનુમોદન આપે. હું તારાં આયુષ્ય લાંબાં કરવા માટે શરદ, હેમંત, વસંત, ગ્રીષ્મ વગેરે ઋતુઓને સોંપી દઉં છું. વર્ષાઋતુના દિવસો તને સુખ આપો, જે ઔષધિઓ અને વનસ્પતિઓની વૃદ્ધિ કરે છે.

'આ મૃત્યુ એ તો ગોપતિ સર્વ પ્રકારનાં ગો પદાર્થોનો પાલક પતિ છે, તે બેપગાં અને ચાર ચાર પગાં પ્રાણીઓનો સ્વામી છે, તે બળવાન મૃત્યુથી હું તારો ઉદ્ધાર કરૂં છું. તું તે મૃત્યુથી ડર નહિ.

'અરે ઓ અરિષ્ટ–હિતકારી માનવ, તું મરવાનો નથી. તારૂં મૃત્યુ થવાનું નથી, માટે તું ભય પામીશ નહિ. જેને જેને સારાં કાર્યોથી રક્ષણ મળેલાં, તે પુણ્યશાળી લોકો અહીં મૃત્યુને વશ થતાં નથી તેમજ તેમને કોઈ ગાઢા અંધકારનાં માર્ગે લઈ જતાં નથી.

'જે પુણ્ય પ્રદેશમાં બ્રહ્મ–શ્રેષ્ઠ જ્ઞાનની પ્રતિષ્ઠા છે, ત્યાં જીવનમાં મળતા ઉત્તમ સુખની મર્યાદા બાંધવામાં આવી છે, તે પ્રદેશમાં રહેતા ગો, અશ્વ અને પુરુષ વગેરે પશુઓ સારી રીતે જીવન જીવે છે. સરખે સરખા સ્નેહી સંબંધીજનો તરફથી જે કાંઈ આભિચારિક–દુષ્ટ પ્રયોગો તારા નાશ માટે કરવામાં આવે છે; તે બધાથી તારાં રક્ષણ થતાં રહો. તું અક્ષીણ, અમર અને દીર્ઘજીવી થા. તારાં ભલે એકસોને એક મૃત્યુઓ હોય, જેને તું ટાળી ન શકે અને જેથી તારો નાશ થાય; તે બધાં મૃત્યુઓથી તારી મુક્તિ થાઓ; તે માટે તને વૈશ્વાનર અગ્નિની શક્તિ દેવો આપે. તું પોતે જ અગ્નિનું શરીર છે, જે બધાં વિઘ્નોને પાર કરી દે છે; જે રાક્ષસો અને શત્રુઓનો નાશ કરે છે. જે રોગને દૂર કરે છે તેમજ જે નીરોગી પવિત્ર જીવન આપે છે. સાચે જ, અગ્નિ એ તો શુદ્ધ પવિત્ર ઔષધ છે, જે બધા દોષોને દૂર કરે છે.'

આ સૂક્તમાં મૃત્યુનાં બે પાસાનું વર્ણન છે. મૃત્યુ એ દેવ છે, ધર્મરાજ છે, જે સુજન, સુમત, યશસ્વી જનો માટે શિવ કલ્યાણકારી અને સુખકર છે. એ જ મૃત્યુ

પાપી દુરાચારી જનો માટે ભયંકર છે, વિનાશકારી છે. એ યમ પોતે જ એક મર્ત્ય માનવ છે અને તે ધર્મનાં આચરણ કરે છે. તે બીજાંને ધર્મના આચરણનો આદેશ આપે છે. પોતાની સગી બેનને તે ધર્મપાલનમાં સ્થિર રાખે છે અને અધર્મ આચરણ કરતાં રોકે છે. એ યમી એક આદર્શનાં પાલન કરે છે, એટલું જ નહિ. તે યમને મૃત્યુના પાશથી બચાવી લે છે અને તેને પિતૃલોકની ગતિ અપાવે છે. એ જ યમી યમુનાને રૂપે વહે છે અને યમ તે જલમાં સ્નાન કરી, પોતાનાં પાપ ધૂએ છે. બેન પર પ્રસન્ન થઈ, તે વરદાન માંગવાનું કહે છે. ને બેન માંગી લે છે : જે તિથિએ યમરાજે સ્નાન કર્યું; તે યમબીજ ગણાય અને તે દિવસે જે સ્નાન કરે, તેના પાપ ધોવાય અને તેની સારી ગતિ થાય.'

યમ યમી સંવાદનું તાત્પર્ય રજૂ કરતાં, આ વિવેચક જણાવે જે કે :

[1] અથર્વવેદના અઢારમા પિતૃમેધ કાંડની શરૂઆતના સોળ મંત્રોમાં યમ અને યમીના સંવાદની ગુંથણી છે : આ યમી તે યમની જોડીયા—સહોદર બેન છે. [2] પ્રો. વોનરૅથના કથન પ્રમાણે યમ અને યમી જે બે નામ છે, તે નામ પરથી જ જણાઈ આવે છે કે, તે જોડીયાં ભાઈ—બેન છે. માનવજાતિનું એ પહેલું જોડું છે; તે માનવ જાતિના પ્રથમ સર્જકો છે. હિબ્રુ મત પ્રમાણે માનવ જાતિનાં પહેલાં માતાપિતાની કથા આ છે: પહેલાં પુરુષને બનાવ્યો અને તેના શરીરના એક ભાગમાંથી નારીની રચના કરી; તેની સાથે આ કથાનો નિકટ સંબંધ છે. આ ભારતીય પરંપરા પ્રમાણે તો માનવ જાતિનાં આદિ સ્ત્રી અને પુરુષનો સંબંધ જોડીયાં તરીકેનો છે.

ભાઈ—બેન પતિ—પત્નીરૂપે જોડાય, એ વિચારને આ સંવાદમાં પ્રશ્નરૂપે રજૂ કર્યો છે. યમીના પોતાના મુખમાં જ તેના દ્વારા એમ કહેવડાવ્યું છે કે, 'ધાતા—પ્રજાપતિના ગર્ભમાં જ આપણી રચના પતિ અને પત્નીના રૂપે કરવામાં આવી છે.' બીજી બાજૂએ પ્રોફેસર મેક્સમૂલર જણાવે છે : તે યમી અને તેના ભાઈ યમની સાથે સંવાદ વિચિત્ર રીતે રજૂ થયો છે; જ્યાં તે યમી રાત્રિરૂપે તેના ભાઈ યમને દિવસરૂપે દબાણ કરીને જણાવે છે કે, તેને તે પત્ની બનાવે, ત્યારે તે યમ તેની માંગણી નકારી કાઢે છે. તે જણાવે છે કે, ભાઈ બેનને પરણે; તે સંબંધને તો ડાહ્યાજનોએ પાપ કહ્યું છે. વેદમાં એક પણ શબ્દ એવો નથી, જેમાં બતાવવામાં આવ્યું હોય, કે, જોડીયા યમ અને યમી મર્ત્ય માનવોનાં માતાપિતા રૂપે ભારતીય આદમ અને ઈવ છે... જો યમ માનવ જાતિનો પ્રથમ સર્જનહાર પિતા હોત, તો વેદના કવિજનોને તે બાબતનો જરૂર ઉલ્લેખ કર્યો હોત, તેને વિષે મૌન રાખ્યું ન હોત.

૧. The Atharvavedic Civilization by Dr. V. W. Karambelkar P. 135
૨. Lectures on Science of Language by Prof. Von Roth P. 510

# પરિશિષ્ટ

## પિતૃ વિષયક માહિતી :

અથર્વ કાંડના અઢારમા કાંડના એક જ સૂક્તમાં ચાર પર્યાય સૂક્તો છે. પહેલામાં ૬૧, બીજામાં ૬૦, ત્રીજામાં ૭૩ અને ચોથામાં ૮૯ એમ બધાં મળીને ૧૮૩ ઋચા-મંત્રો છે. જેમ દેવોને પ્રસન્ન કરવા માટે જુદા જુદા યજ્ઞો કરવામાં આવે છે; તે બધાને એક દેવયજ્ઞ નામ અપાય છે, એ રીતે પિતૃઓને પ્રસન્ન કરવા માટે યજ્ઞો કરવામાં આવે છે, તેને એક પિતૃમેધ નામ આપવામાં આવે છે; પરંતુ તેમાં શ્રાદ્ધ, તર્પણ અને અંત્યેષ્ટિ વગેરેનો સમાવેશ થતો નથી. સ્થૂલ દેહમાંથી પ્રાણ ચાલ્યા ગયા પછી, તે દેહમાં વસતો જીવાત્મા મન સૂક્ષ્મ ઇંદ્રિયો અને પ્રાણ સાથે બહાર નીકળી જાય, તેને પ્રેત-ભૂત કહે છે. મોટા ભાગે તો બીજા સ્થૂલ દેહમાં પ્રવેશ થયા પછી જ આ સ્થૂલ દેહ છૂટી જાય છે. આના આધાર પર કહી શકાય કે, વેદોમાં ભૂત કે પ્રેત જેવી સ્વતંત્ર યોનિ નથી. દેવો સાત્વિક યોનિમાં ગણાય; તે રીતે પિતૃઓ પણ સાત્વિક યોનિમાં છે અને તેમને દેવો જ ગણવામાં આવ્યા છે. પિતૃઓ પછીની કક્ષામાં યક્ષ, ગાંધર્વ, કિન્નર જેવી અર્ધ દેવયોનિ રજોગુણી ગણાય છે અને પિશાચ, રાક્ષસ, યાતુધાન, કૃત્યા વગેરે તામસી યોનિ ગણાય છે, તે વિષેનાં સૂક્તો અથર્વ વેદમાં સારા પ્રમાણમાં જોવાને મળે છે.

પ્રાણ ચાલ્યા ગયા પછી સ્થૂલ દેહને અગ્નિદાહ આપવામાં આવતો; તે સંસ્કાર આજે પણ સચવાઈ રહ્યો છે, પણ તેનાં વિધિ વિધાન થતાં જોવાને મળતાં નથી. સ્થૂલ દેહને સ્નાન કરાવી, કાળા કાપડે વીંટી, ઠાઠડીમાં બાંધી, શ્મશાને લઈ જઈ, પુત્ર કે નિકટના સંબંધીના હાથે અગ્નિદાહ આપવો. ઘી, સુખડના લાકડાં, તુલસી જેવી પવિત્ર ચીજો નામની જ રહી ગઈ. ચાર રસ્તે કે શ્મશાને પિંડ આપવા, ટાઢી પાડવી અને ફૂલ ભેગા કરવાં, તેવી થોડી ક્રિયાઓ રહી ગઈ છે.

વેદની પ્રક્રિયામાં તો અગ્નિદાહને અંત્યેષ્ટિ સંસ્કાર કહે છે. જેણે જીવનભર અગ્નિનારાયણને ઘરમાં રાખી, હવન પૂજન કર્યાં છે; તે દરેક ગૃહસ્થ અગ્નિહોત્રી ગણાય. તેણે દર પક્ષે ઈષ્ટિ કરી, તે પ્રમાણેની આ છેલ્લી ઈષ્ટિ છે, જેમાં ઇંધન, સમિધાના રૂપે કે આહુતિના રૂપે અગ્નિહોત્રીના સ્થૂલ દેહને રાખવામાં આવે છે. તે પોતે મંત્રો ભણી ઈષ્ટિ કરતો; હવે તેના પુત્ર સંબંધીજનો અને વેદપાઠી પુરોહિતો મંત્રો ભણી અંત્યેષ્ટિ કરે છે, એ પ્રસંગના મંત્રો આ કાંડમાં સંકલિત છે, રોજે રોજ સાંજ સવારના અગ્નિહોત્રમાં અગ્નિનું ઉપસ્થાન કરો, એમ અંત્યેષ્ટિ સંસ્કાર સમયે પિતૃઓ

અને યમરાજને પ્રસન્ન કરવા માટેના ઉપસ્થાનની શરૂઆત યમયમી સંવાદથી છે, તે પછી અગ્નિનાં ઉપસ્થાન અને પિતૃઓ તેમજ સરસ્વતીનાં ઉપસ્થાન છે. તે પછીના મંત્રોમાં અંત્યેષ્ટિની પ્રક્રિયા છે, તે ઉપરાંત પિતૃઓને અને યમને પ્રસન્ન કરવા માટેનાં યજ્ઞોમાં ભણવાના મંત્રોનાં સંકલન છે. આખીય પ્રક્રિયા કૌષીતકિ ગૃહ્યસૂત્રમાં એંશીથી નેવાસી કંડિકાઓ સુધીનાં પ્રતીકરૂપે જણાવી છે.

## ઋગ્વેદનાં સૂક્તો :

ઋગ્વેદના દશમ મંડળનાં દશથી અઢાર સુધીનાં નવ સૂક્તોમાં પિતૃ સંબંધી વર્ણન છે. દશમા સૂક્તમાં યમયમી સંવાદ છે, તે મંત્રોથી અથર્વ વેદના અઢારમા કાંડની શરુઆત થાય છે; તે સંવાદની સોળ ઋચાઓ રજૂ થયા પછી અઢારથી લઈ છત્રીસ સુધીની ઋચાઓ ઋગ્વેદના અગિઆરમા સૂક્તની આઠ અને બારમા સૂક્તની નવ ઋચાઓ છે. તેરમા સૂક્તની ઋચાઓ ત્રીજા પર્યાયમાં જોવાને મળે છે. તે પછી ચૌદમા સૂક્તની સોળ અને પંદરમા સૂક્તની ચૌદ ઋચાઓ જોવાને મળે છે. આમ પહેલા પર્યાયની ૬૧ ઋચાઓની ઋગ્વેદના દશથી પંદર સૂક્તો સાથે તુલના કરી શકાય છે; તેજ રીતે બીજા અને ત્રીજા પર્યાયમાં સાઠ ઋચાઓ છે. ઋગ્વેદના સોળમા સૂક્તની ચૌદ, સત્તરમાની ચૌદ અને અઢારમાની ચૌદ ઋચાઓ પણ જોવાને મળે છે. ચોથા પર્યાયમાં પણ કેટલાક મંત્રો ઋચાના રૂપે છે.

ઋગ્વેદના દશમ મંડળના ૧૩૫માં સૂક્તમાં યામાયન ઋષિનું સંવાદ સૂક્ત સાત ઋચાઓનું છે, તે યમ અને યમસદન વિષે અગત્યનું છે, કંઠોપનિષદના નચિકેતા અને યમના સંવાદની પૂર્વભૂમિકા જેવું છે, ત્યારબાદ ૧૧૪મા સૂક્તની પાંચ ઋચાઓ બીજા પર્યાયની ચૌદથી અઢાર સુધીની ઋચાઓ સાથે સરખામણી કરે છે. આ લોકમાં રહીને જેમણે સેવા, પરોપકાર, પરાક્રમ વગેરે પુણ્યનાં કર્મો છે, તે બધાની મરણ પછી આ સ્વર્ગ લોકમાં ગતિ થાય છે. જ્યાં યમ અને પિતૃઓ નિવાસ કરે છે.

દેવયાન અને પિતૃયાણ વિષે ઋગ્વેદમાં સ્પષ્ટ નિર્દેશ છે :

द्वे श्रुती अश्रृणवं पितृणाम् अहं देवानामुत मर्त्यानाम् ।
ताभ्यामिदं विश्वमेजत् समेति यदन्तरा पितरं मातरं च । ઋગ્ ૧૦,૮૮,૧૫,
યજુર્વેદ ૧૯,૪૭

મર્ત્ય માનવોના બે માર્ગ મેં સાંભળ્યા છે, એક પિતૃઓનો પિતૃયાણ અને બીજો દેવોનો દેવયાન. માતા પૃથ્વી અને પિતા–દ્યુલોક એ બેની વચમાં આ ગતિશીલ જગત છે, જે ઉપરના બંને માર્ગોથી આવાગમન કરે છે.

# અથર્વવેદનું આગવું સ્થાન

તે પ્રજાપતિએ પહેલાં યજ્ઞનો વિસ્તાર કર્યો હતો. તેમણે ઋચાઓથી હોતાનું, યજુથી અધ્વર્યુનું અને સામથી ઉદ્‌ગાતાનું કર્મ કર્યું. આમ ઋચા, યજુ અને સામ એ ત્રયી વિદ્યા છે. તેના સારરૂપે શુક્ર બને છે. તેથી બ્રહ્માનું કર્મ (અથર્વવેદ દ્વારા) થયું છે.

'યજ્ઞ કરતાં કોઈ દોષ કે ઊણપ રહી જાય, તો બ્રહ્માએ તેના પ્રાયશ્ચિત્તરૂપે વ્યાહૃતિ હોમ કરવાનો છે. એમ જણાવીને ઐતરેય બ્રાહ્મણમાં ચારેય વેદોનાં સૂચન આવી જાય છે. બ્રહ્માનું સ્થાન મહત્ત્વનું છે. એ રીતે અથર્વવેદને ત્રણ વેદોથી અલગ બતાવવાનું તાત્પર્ય આ રીતે રજૂ કરે છે :

'પ્રાયશ્ચિત્તનો પ્રસંગ આવતાં મહાવદ – બ્રહ્મવાદીઓએ વિચારણા કરી કે, ઋચાથી હોતાનું, યજુથી અધ્વર્યુનું અને સામથી ઉદ્‌ગાતાનું કર્મ કરાય છે. આમ ત્રણ વેદોની વિવેચના આવી ગઈ, ત્યારે ભલા બ્રહ્માનું કર્મ કઇ રીતે કરાય છે, તેના ઉત્તરમાં જણાવ્યું કે, ત્રણેય વિદ્યાથી તે કર્મ કરાય છે.

અહીં સાયણે રૂઢિવાદ રજૂ કરતો શ્લોક મૂક્યો છે, તેનો ભાવ આ છે : જો કે બ્રહ્માનું કાર્યક્ષેત્ર અથર્વવેદ છે, પણ તે બીજા વેદોમાં ભાગવાન–ભાગીદાર ગણાય છે; તેને કારણે તો 'બ્રહ્માને બ્રહ્મિષ્ઠ' એમ આરણ્યકમાં જણાવ્યું છે.

—આચાર્ય વિષ્ણુદેવ પંડિત

—વેદપરિચય–પુસ્તિકા ૬, પૃષ્ઠ ૧૩